## સત્તાવન ભાષાઓમાં ત્રીસ લાખ કરતાં વધારે પ્રતોનું મુદ્રણ



# ઈશ્વર માટે તમારી ઝંખના

*સીટી પ્લાનર તરીકે ડૉ. રિચાર્ડ એ. બેનેટની કારકિર્દીનો પ્રારંભ થયો હતો. તાલીમદરમિયાન રિચાર્ડે જીવન પરિવર્તન કરનાર રીતે ઈશ્વરના પરાક્રમનો અનુભવ કર્યો. પરિણામે ઈંગ્લેન્ડ કાઉન્સીલમાંથી પોતાના સ્થાન ઉપરથી તેમણે રાજીનામુ આપ્યું અને યુ.એસ.એ. માં બાઈબલ અભ્યાસની શરૂઆત કરી.*

*ઉત્સાહી લે-મેન તરીકે પ્રારંભ કરીને ૧૯૪૬થી કદરદાન શ્રોતાજનોમાં ઈશ્વરના વચનોને પ્રસ્તુત કરી રહ્યા છે. તે વીસ વર્ષો દરમિયાન ટ્રાન્સવર્લ્ડ રેડિયો અને ફાર ઈસ્ટ બ્રોડકાસ્ટીંગ કોર્પોરેશન મારફતે તેમનો અવાજ યુરોપ, આફ્રિકા, એશિયા, મધ્ય અને દક્ષિણ અમેરિકામાં નિયમિત સાંભળી શકાતો હતો.*

*સને ૧૯૫૮માં ડૉરોથી સાથે રિચાર્ડનું લગ્ન થયું ત્યારથી તેઓએ પોતાના ઈશ્વરની આનંદ સાથે ભેગા મળીને સેવા કરી છે. રિચાર્ડની સાથે સાથે ડૉરોથીએ પણ બહેનો મધ્યે ખૂબ અસરકારક ધર્મસેવા કરી છે.*

*તાજેતરના વર્ષોમાં રિચાર્ડ અને ડૉરોથીની કોન્ફરન્સ મધ્યેની ધર્મસેવા અગાઉ મુલાકાત નહિ લીધેલા એવા લોકો અને દેશોમાં વ્યાપક બની છે. વૃદ્ધિ પામતા દેશોમાં તેઓની મુલાકાતો દરમિયાન તેઓએ આધ્યાત્મિક રીતે ખૂબ ભૂખ ધરાવતા અનેક સ્વદેશીઓના સંપર્કથી અતિ ઘણો આનંદ અનુભવ્યો છે. જો કે પોતાના સાથી માનવબંધુઓને દરિદ્રતા, ભૂખમરો, વિપદા સાથે પીડીત થએલાં નિહાળ્યા ત્યારે તેઓએ દુઃખ મિશ્રિત લાગણીઓનો પણ અનુભવ કર્યો છે. તે લોકો પ્રત્યેના ઈશ્વરના પ્રેમે કરીને રિચાર્ડ અને ડૉરોથીને આધ્યાત્મિક અને ભૌતિક રીતે તેઓની મદદ કરવા માટે સાધનરૂપ બનવાની પ્રેરણા પ્રાપ્ત થઈ છે.*

*તેમછતાં વૃદ્ધિ પામતા દેશોમાં જ નહિ પણ ઔદ્યોગિક રીતે વિકાસ પામેલા દેશોમાં ઈશ્વર સાથે નીકટતમસંગત માટે આંતરિક રીતે ઝંખતા અસંખ્ય લોકોની મુલાકાત કરીને બેનેટ દંપત્તિને આનંદ થયો છે. આવા અનેક લોકોને સમસ્યાઓ છે.*

*શું જીવનના સૌથી મહત્ત્વના પ્રશ્નો માટે આધારભૂત પ્રત્યુત્તરો છે ? રિચાર્ડ બેનેટ ખાતરીપૂર્વક માને છે કે ઈશ્વરે પોતે આ પ્રશ્નોના પ્રત્યુત્તરો આપ્યાં છે તે કારણને લીધે તેમણે 'ઈશ્વર માટે તમારી ઝંખના' પુસ્તકનું લેખન કર્યું છે.*

*"આ પુસ્તક જેના માટે મેં વીસ વર્ષો પ્રાર્થના કરી છે."*
*જ્યોર્જ વર્વર*
*સ્થાપક, ડાયરેક્ટર : ઓપરેશન મોબિલાઈઝેશન*

Authentic



ISBN-13: 978-81-7362-805-4
ISBN-10: 81-7362-805-X
9 788173 628054 00250

Your Quest for God (*Gujarati*)

ઈશ્વર માટે તમારી ઝંખના

રિચાર્ડ એ. બેનેટ

# ઈશ્વર માટે તમારી ઝંખના



## *રિચાર્ડ એ. બેનેટ*

# ઈશ્વર માટે
# તુમારી
# ઝંખના

મારી પત્ની ડૉરોથીના ઉત્તેજન, પ્રેમ, બલિદાન અને
પ્રાર્થનાઓ સિવાય આ પુસ્તકનું લેખન થયું ન હોત. જેમ
પાઉલે ફેબીને કહ્યું તેમ હું તેણીને કહું છું...
*"તે પોતે જ ઘણાને તથા મને પોતાને પણ
સહાય કરનાર થઈ છે."*

# ઈશ્વર માટે તમારી ઝંખના

લેખક

રિચાર્ડ એ. બેનેટ

અનુવાદક

રેવ. નેરીઅસ ધોળકિયા

Authentic

HYDERABAD • COLORADO SPRINGS • LONDON

***Eashwar Mate Tamari Jhankna***
(Gujarati)

Your Quest for God
by Richard A.Bennett

Copyright © 1985, 1988, 1997, 1998, 2003

Publisher: Cross Currents Internatinal Ministries.
www.ccim-media.com/resources

First Gujarati edition 2007
ISBN-13: 978-81-7362-805-4
ISBN-10: 81-7362-805-X

Publisher: Cross Currents International Ministries

Distributor Authentic Media, P. O. Box 2190, Secunderabad 500 003, Andhra Prades
www.authenticindia.in

All rights reserved.
No part of this publication may be reproduced in any form or by any means, electronic, or mechanical, including photocopying, recording, or any information storage and retrieval system, without permission in writing from the publisher. Permission granted for free download but not for sale.

Food for Faith: Viswaasmate Aahaar
by Richard A. Bennett
www.CCIM-media.com

# અનુક્રમણિકા


**આમુખ** 7

**પ્રસ્તાવના** 9

**પ્રકરણ ૧**
*શું ઈશ્વર ખરેખર અસ્તિત્વ ધરાવે છે ?* 15

**પ્રકરણ ૨**
*શું તમારી આધ્યાત્મિક માર્ગસૂચિ ભરોસાપાત્ર છે ?* 23

**પ્રકરણ ૩**
*ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ?* 39

**પ્રકરણ ૪**
*લોકોને ખરેખર શું વિભાજીત કરે છે ?* 49

**પ્રકરણ ૫**
*વાસ્તવિક સમસ્યા શું છે !* 63

**પ્રકરણ ૬**
*લોકો શા માટે ગેરમાર્ગે દોરાય છે ?* 73

**પ્રકરણ ૭**
*શું ઈશ્વર સાચે જ મને પ્રેમ કરે છે ?* 85

**પ્રકરણ ૮**
*મને જીવન ક્યાંથી મળે ?* 111

**પ્રકરણ ૯**
*ઈશ્વરના કુટુંબનો સભ્ય હું કઈ રીતે બની શકું ?* 125

**પ્રકરણ ૧૦**
*હવે પછી શું ?* 137

**વિશ્વાસનું મારું સમર્પણ** 147

# આમુખ

"ઈશ્વર માટે તમારી ઝંખના" પુસ્તકને હું હ્દયના ઉમણકા સાથે બે કારણોને લીધે પ્રસ્તુત કરું છું. પ્રથમ કારણ એ છે કે હું લેખકને ઓળખું છું ! તે વિશ્વાસમાં મારો દીકરો છે અને મારા બાળકો સત્યમાં ચાલે છે ત્યારે એ કરતાં (બીજાથી) મને મોટો આનંદ થતો નથી. (૩ યોહાન ૪)

બીજું કારણ વધારે હેતુલક્ષી છે. ડૉ. રીચાર્ડ બેનેટે મનુષ્યના ઈશ્વર સાથેના સંબંધની આવશ્યકતાને ખૂબ સ્પષ્ટ, સંક્ષિપ્ત અને સમજી શકાય તેવી રીતે રજૂ કરવાનું અતિ ઉત્તમ કાર્ય કર્યું છે.

બાઈબલ આપણને જણાવે છે કે ઈશ્વરે તેઓના હ્દયમાં સનાતનપણું મૂક્યું છે..." (સભાશિક્ષક ૩:૧૧) તેથી તેનો અર્થ એ થાય કે અનંતકાળ માટે મનુષ્યનું સર્જન થયું હોવાથી સમયની વસ્તુઓ સંપૂર્ણ અને કાયમી સંતોષ આપી શકે નહિ. એવું અનંત ખાલીપણું છે જે એક માત્ર ઈશ્વર જ ભરી શકે છે. સંત ઓગસ્ટીને યથાયોગ્ય રીતે નોધ્યું હતું, જયારે તેમણે કહ્યું, "અરે, ઈશ્વર, તમે અમને તમારા માટે ઉત્પન્ન કર્યા છે અને અમારા આત્માઓ તમારામાં વિશ્રામ પામે નહિ ત્યાં સુધી તેઓ બેચેન છે." આપણે સનાતન ઈશ્વર સાથે જીવંત અને વ્યક્તિગત સંબંધમાં વિશ્રામ પામીએ નહિ ત્યાં સુધી આ ઝંખનાનું અનુસરણ કરવામાં આ પુસ્તક આપણી મદદ કરે છે.

આ પુસ્તકનું વાંચન સેંકડો લોકો કરશે અને ઈશ્વરના મહિમાને પ્રગટ કરતા સંદેશાને લક્ષમાં લેશે અને પોતાની અનંત ભલાઈ માટે તેને સ્વીકારશે તેવી મારી પ્રામાણિક પ્રાર્થના છે.

**ડૉ. સ્ટીફન એફ. ઓલફોર્ડ**

# પ્રસ્તાવના

અમારી વિશાળ મુસાફરીઓમાં મારી પત્ની ડોરોથી અને મેં જીવનના મુખ્ય અને ગૌણ માર્ગોમાં અનેક મિત્રોની મુલાકાત કરી છે. તેઓ અનેક વિવિધ સંસ્કૃતિઓ, આર્થિક પશ્ચાતભૂમિકા અને શૈક્ષણિક ધોરણોમાંથી આવેલા છે.

આ વ્યક્તિઓ સાથેની અમારી મુલાકાતને અમે અકસ્માત ગણતા નથી તેમ હું માનું છું. અથવા તમારા હાથોમાં આ નાનું પુસ્તક એક અકસ્માત તરીકે છે એમ અમે માનતા નથી.

ઈશ્વર માટે તમારી ઝંખનાની પ્રથમ આવૃત્તિમાં પાછળથી સુધારાઓ કરવામાં આવ્યા હતા તે એક આભારસ્તુતિનો વ્યક્તિગત પ્રોજેક્ટ હતો. ડોરોથી અને હું અમારા લગ્નના પચ્ચીસ વર્ષની ઊજવણી પાસે આવી પહોંચ્યા હતા ત્યારે અમારા પ્રત્યેની ઈશ્વરની ભલાઈ માટે અમે તેમનો આભાર કઈ ઉત્તમ રીતે અભિવ્યક્ત કરી શકીએ તેનો વિચાર-મંથન કરતા હતા.

અમે વિચાર્યું કે ઉત્તમ રીત તો એ જ હશે કે આશા અને શાંતિ લાવનાર બને તેવા સંદેશાનું લેખન અને પ્રકાશન કરીને તેને ૨૫,૦૦૦ લોકો સુધી પહોંચાડવું. તે અમારા લગ્ન જીવનના પ્રત્યેક વર્ષ માટે એક એક હજાર સમાન બની રહેશે.

ઈશ્વરે પ્રેમના આ નાના પરિશ્રમને આશીર્વાદિત કરીને પુસ્તકને સમગ્ર વિશ્વમાં શાબ્દિક અર્થમાં પહોંચાડ્યું છે. બધી જ ૨૫,૦૦૦ નકલો

અનેક વિવિધ દેશોમાં લોકોના હાથમાં પ્રત્યક્ષ રીતે મૂકવામાં આવી છે. અમારો સૌથી મોટો આનંદ એ હતો કે ઈશ્વર માટે તમારી ઝંખનાના વાંચનના પરિણામે જીવનમાં નવો હેતુ શોધનાર એવા ઘણા લોકો તરફથી અમને પત્રો મળ્યાં હતાં.

આ પુસ્તકનો અનુવાદ અન્ય ભાષાઓમાં અમે કરવાની ઈચ્છા રાખીએ છીએ તેવી અસંખ્ય વિનંતીઓ આવી. તેથી અમે પ્રાર્થના સાથે આ હેતુ માટે પુસ્તકમાં પ્રથમ સુધારણા કરવાનો નિર્ણય કર્યો કે જેથી 'ઈશ્વર માટે ઝંખના' કરી રહેલા વિશ્વના સમગ્ર ખંડોમાં બીજા અનેક ઘણા લોકોને મદદ મળી રહે. તેના પરિણામે ત્રીસ લાખ પ્રતો પચાસ ભાષાઓમાં છાપીને વધુ વ્યાપકપણે વિતરણ કરવામાં આવી અને હવે અમે આશા રાખીએ છીએ કે આ અંગ્રેજી ભાષાની પાંચમી આવૃત્તિ તેથીય વધુ વાચકોને સહાય આપનાર બની રહેશે.

પ્રથમ બે પ્રકરણો પ્રત્યેક વાચકો માટે એકસરખા અનુરૂપ હશે. પ્રકરણ એકનું લેખન ઈશ્વરના અસ્તિત્વ વિશે જેઓ પ્રશ્ન પૂછે છે તેવા લોકો માટે થયું છે. જો કે પ્રકરણ બીજું ખરેખર બધા જ વાચકો માટે મહત્ત્વનું છે છતાં જેઓ દરેક વસ્તુ માટે પ્રશ્ન પૂછવાનું શીખ્યા છે તેઓને તેમાં વિશેષ રસ પડશે. કારણ કે તમારી પોતાની માન્યતાઓ અને વલણોનું મૂલ્યાંકન કરવામાં તે પ્રત્યેકને ઉત્તેજન આપે છે.

તેમ છતાં આ તૈયારીરૂપ પ્રકરણો સમગ્ર વિષય માટે આવશ્યક છે. કારણ કે તેઓ પછી રજૂ કરેલી માહિતીની વિશ્વાસયોગ્યતા સ્થાપિત કરવામાં મદદ કરે છે. પ્રકરણ ત્રીજાથી લઈને દસ સુધીમાં મૂળભૂત સત્યો રજૂ કર્યા છે જે ઈશ્વર માટેની તમારી ઝંખનામાં તમને સહાયરૂપ બનશે. તેથી અમે આનંદથી આ નવી આવૃત્તિ તેમની ધારણા પ્રમાણે ઉત્તમ હોય તે રીતે આશીર્વાદ માટે ઈશ્વરના હાથોમાં મૂકીએ છીએ.

ડોરોથી અને હું, બંને અમારી સાથે જેઓએ ઈશ્વરના વ્યક્તિગત અનુભવની વાત કરી તેવા અનેક વિશેષ લોકોના પ્રેમ, પ્રાર્થનાઓ અને

આંતરસૂઝ માટે ઈશ્વર પ્રત્યેના અમારા આભારીપણાની નોંધ કરવાને ઈચ્છીએ છીએ. તેઓ ઘણા છે તેથી નામનો ઉલ્લેખ કરી શકતો નથી. આ સઘળા મિત્રોને અમે કહીશું. "આભાર તમારો...Thank you".

# ઈશ્વર માટે તમારી ઝંખના

*ભૂસ્તવિદ્યા પૃથ્વીની આત્મકથા છે. પરંતુ બધી જ આત્મકથાઓની માફક તે પ્રારંભ તરફ પાછી પ્રયાણ કરી શકતી નથી.*

*સર ચાર્લ્સ લાયેલ*

# પ્રકરણ ૧

# શું ઈશ્વર ખરેખર અસ્તિત્વ ધરાવે છે ?

તમારા જીવનમાં એવા સમયો આવ્યા હશે કે જ્યારે લગભગ બધું જ રસહીન લાગતું હોય ત્યારે તમે ઈશ્વરના પ્રેમ વિશે કેવળ શંકા કરી હશે, એટલું જ નહિ પણ તેમના ખરેખર અસ્તિત્વ વિશે પણ પ્રશ્ન કર્યો હશે.

બાઈબલમાં ઈશ્વરના અસ્તિત્વ વિશે નથી તો ખુલાસો આપવામાં આવ્યો કે નથી તેને સાબિત કરવાનો પ્રયત્ન થયો. તેને સરળ રીતે સ્વીકારવામાં આવ્યું છે. બાઈબલનું પ્રથમ વાક્ય જ ''આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં'' (ઉત્પત્તિ ૧:૧) આદરયુક્ત વિધાન છે જે સરળ અને ગહન પણ છે. તે જાહેર કરે છે કે ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે અને તે સૃષ્ટિના સર્જનહાર છે.

કેટલાક વર્ષો અગાઉ મારી પત્ની યુરોપના એક સૌથી મોભાદાર માનસિક રોગના ચિકિત્સક હોસ્પિટલમાં સિનિયર નર્સ તરીકે સ્થાન ધરાવતા હતા. એક દિવસે વગદાર મનોચિકિત્સક ડૉક્ટર જે નાસ્તિક હોવાનો દાવો કરતા હતા તેમણે ડોરોથીના વિશ્વાસ સંબંધી તેણીને ગૂંચવવાનો પ્રયત્ન કર્યો. તેણીએ પ્રત્યુત્તર આપતા કહ્યું, ''ડૉક્ટર, તમારા ક્ષેત્રમાં તમારી નિપૂણતા સંબંધી હું તમને ખૂબ માન આપું છું. તમે આદરણીય યુનિવર્સિટીના પ્રાધ્યાપક છો અને વૈદકીય સેવામાં તમારા નામને વ્યાપકપણે માન આપવામાં આવે છે. તેમ છતાં મારું સૂચન છે કે તમે નાસ્તિક હોવાનો

ફરીથી દાવો કરો તે અગાઉ તમે મનોચિકિત્સક ક્ષેત્રમાં જે ઝંખના સાથે સંશોધન કર્યું હતું તે જ ઝંખના સાથે તમે બાઈબલનું વાંચન કરજો.''

તેણીએ તેમના અનેક દરદીઓ જેઓના જીવનોમાં ઈશ્વરના પરાક્રમ મારફતે અદ્ભુત પરિવર્તનો આવ્યા હતા તેને કારણે તેઓને ગંભીર માંદગીના વોર્ડમાંથી તાજેતરમાં રજા આપવામાં આવી હતી તેઓ વિશે યાદ કરાવ્યું હતું. તેઓમાંના એક કે બેના નામ પણ તેણીએ જણાવ્યા હતા કે જેઓના જીવનોમાં સદંતર પરિવર્તન આવ્યું હતું અને તેઓ હવે અર્થસભર જીવન જીવી રહ્યાં હતાં. આ પ્રત્યેક દરદીઓ કઈ રીતે વ્યક્તિગત અને મહત્ત્વની રીતે ઈશ્વરની ઓળખ પામ્યા હતા તે વિશે ડોરોથીએ પ્રખ્યાત મનોચિકિત્સકને જણાવ્યું હતું. ડૉક્ટર પોતે ચોક્કસપણે જાણતા હતા કે અગાઉ આ દરદીઓને આધુનિક મનોચિકિત્સક પદ્ધતિઓ દ્વારા સાજાપણું મળ્યું નહોતું. તેઓના પરિવર્તન પામેલા જીવનોના વિલક્ષણ માટે ન તો તે નાસ્તિકપણાને કે મનોચિકિત્સાને જવાબદાર ઠેરવી શકતા હતા.

આ ડૉક્ટર, જેમણે હમણાં જ ડોરોથીને કહ્યું હતું કે તે ઈશ્વરમાં વિશ્વાસ ધરાવતા નથી તેમણે પોતાના માટે પ્રાર્થના કરવાની તેણીને વિનંતી કરીને વાર્તાલાપ પૂરો કર્યો હતો ! તેમણે વચન આપતા કહ્યું હતું કે તેમના જીવનમાં આ પ્રથમ સમય હતો જ્યારે તે ખુલ્લા મન સાથે બાઈબલનું વાંચન કરવાનું શરૂ કરશે.

ઘણા અઠવાડિયાઓના કાળજીપૂર્વક વાંચન પછી મનોચિકિત્સકે ડોરોથીને કહ્યું કે તે હવે નાસ્તિક હોવાનો દાવો કરતા નથી. તેમ છતાં તેમને હજુ પણ પ્રશ્ન હતો કારણ કે તેમણે અનુભવ્યું કે ઈશ્વર પ્રત્યેનું પ્રામાણિક સમર્પણ તેમની જીવનશૈલીમાં હજુપણ પરિવર્તનની અપેક્ષા રાખે છે. તેમણે વધુમાં કહ્યું, ''મારી સમસ્યા કેવળ બૌદ્ધિક નથી રહી પરંતુ જો હું સમર્પિત વિશ્વાસી બનું તો જે પરિવર્તન મારામાં આવશે તેનો સ્વીકાર કરવાની મારી તૈયારી નથી તેમ મને લાગે છે.''

અમારા ડૉક્ટર મિત્ર માટે દસ વર્ષો પ્રાર્થના કર્યા પછી અંતે તેમનો પત્ર અમને મળ્યો હતો જેમાં તેમણે પોતાના નવા શોધેલા વિશ્વાસ અને પોતાના

વ્યક્તિગત સમર્પણ વિશે અમને જણાવ્યું હતું. અમને ખૂબ આનંદ થયો હતો પણ તે વાતનું આશ્ચર્ય નહિ. કારણ કે અમે જાણીએ છીએ કે ''એ પ્રમાણે (સંદેશો) સાંભળવાથી વિશ્વાસ (થાય છે) તથા ખ્રિસ્તના વચન દ્વારા (સંદેશો) સાંભળવામાં આવે છે.'' (રોમન ૧૦:૧૭)

તેમને ઓળખવામાં આપણ પ્રત્યેકની સહાય કરવા માટે ઈશ્વર આપણા અભ્યંતરમાં તેમના અસ્તિત્વની એક ગહન આંતરિક સભાનતા મૂકી છે.

કેટલાએક લોકો ઈશ્વરમાં નહિ માનવાની પસંદગી કરે છે. પરંતુ સમગ્ર વિશ્વમાં એવી એક પણ વ્યક્તિ નથી જે ઈશ્વરમાં વિશ્વાસ કરતી ન હોય.

ઈશ્વરે સૃષ્ટિમાં પણ તેમના પોતાના અસ્તિત્વના અનેક પુરાવાઓ આપ્યા છે. આપણી એકવીસમી સદીનું વિજ્ઞાન સૃષ્ટિના ઊંડા રહસ્યો સુધી પહોંચે તેમ પ્રયોજક વિના આ સઘળું અસ્તિત્વમાં આવ્યું તેવું સૂચન કરવું ગેરવાજબી લાગે છે. અવકાશયાન બહું ઊંચે અંતરિક્ષમાં ઉડયન કરે. પૃથ્વીની પ્રદક્ષિણા કરે અને ત્યાર પછી નિર્ધારિત સમયે, સ્થળે, કોઈપણ પ્રયોજક, કારીગરો અને આંકડાશાસ્ત્રીઓના સંયુક્ત રચનાત્મક પ્રયત્નો વિના ઊતરાણ કરે તેવું સૂચન કોઈ કરી શકતું નથી. તેવી જ રીતે સૂર્યાસ્ત અને ઋતુઓ, આકાશગંગા અને અણુઓ, ગુરૂત્વાકર્ષણનું બળ અને પ્રેમનું પરાક્રમ સર્જક ઈશ્વરના આયોજન અને પ્રયોજન વિના કદી અસ્તિત્વ ધરાવી શકે નહિ.

સર્જનકર્તા ઈશ્વર દ્વારા વ્યવસ્થિત સંપૂર્ણ સર્જન અસ્તિત્વમાં આવ્યું તેવું માનવા કરતાં તે એક ''પ્રચંડ વિસ્ફોટ''માંથી આવ્યું તેવું માનવા માટે ચોક્કસપણે સેંકડો વખત વધુ વિશ્વાસ કરવાની આવશ્યકતા રહે. કારણ કે પ્રથમ પ્રયોજકની હાજરી વિના કોઈ પણ રચના થઈ શકતી નથી.

જે કોઈ સરકારે ઈશ્વરના અસ્તિત્વનો નકાર કર્યો છે તેઓએ અંતરિક્ષમાં પોતાનો અવકાશયાત્રી મોકલ્યો છે તે દરેક સમયે સૃષ્ટિનો એક નિયમ અને વ્યવસ્થા હોવામાં ખરેખર પોતાનો આત્મવિશ્વાસ અભિવ્યક્ત કર્યો છે. આ નિયમો સાથેના સહકારમાં જ તેઓના અવકાશયાત્રીઓ પૃથ્વી ઉપર સલામત પાછા ફર્યા છે. તો પછી આ સાચે જ કેવું વિચિત્ર લાગે છે કે કુદરતના નિયમો

ઉપર આધારિત રહેનારા આ એ જ લોકો નિયમ ઘડનારનો સર્વોપરી પ્રયોજકના અસ્તિત્વનો નકાર કરે ?

વધુમાં આપણે સૌ અણુબોમ્બના વિસ્ફોટથી પ્રગટ થતી વિનાશક-પાયમાલ કરતી ઊર્જા વિશે જાગૃત છીએ. તેમ છતાં એવી ગણતરી કરવામાં આવી છે કે દરેક અને પ્રત્યેક સેકન્ડે સૂર્ય ૫,૦૦૦ અબજ અણુબોમ્બ જેટલી એકસરખી ઊર્જા બહાર કાઢે છે. અને ઊર્જા બહાર કાઢતા અન્ય તારાઓની સરખામણીમાં આપણો સૂર્ય વધારે મોટો પણ નથી અને આપણે હજુપણ જાણતા નથી કે ખરેખર અંતરિક્ષમાં કેટલી સંખ્યામાં તારાઓ છે.

જો કે માણસની દૃષ્ટિએ નીહાળેલા અબજો તારાઓ છે પણ આ તારાઓ તો કેવળ વિશાળ અજાણ એવા ક્ષેત્રની બાહ્ય કિનારી જ છે. જો કે આજના દિવસોમાં ખગોળશાસ્ત્રીઓએ અનુભવ્યું છે કે આપણા પોતાના સૂર્ય દ્વારા જેટલી ઊર્જા બહાર કાઢવામાં આવે છે તે કરતાં કેટલીક આકાશગંગાઓ અબજો વખત વધારે થાય એટલી ઊર્જા બહાર કાઢે છે ! જો સર્જનકર્તા જેનું સામર્થ્ય અમર્યાદ છે તે અસ્તિત્વ ધરાવતા ન હોય તો આ પ્રકારનું સામર્થ્ય કઈ રીતે અસ્તિત્વ ધરાવી શકે ?

સાચે જ, સર્જન આપણને પ્રયોજન કરનાર ઈશ્વરનો, નિયમના ઈશ્વરનો અને અમર્યાદ સામર્થ્યના ઈશ્વરનો પરિચય કરાવે છે. બાઈબલ જણાવે છે :

> *"આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે. દહાડો દહાડાને (તેના વિશે) કહે છે, અને રાત રાતને (તેનું) જ્ઞાન પ્રગટ કરે છે. વચન નથી અને શબ્દો પણ નથી, અને તેઓની વાણી સંભળાતી નથી. તેઓનો વિસ્તાર આખી પૃથ્વીમાં છે અને જગતના છેડા સુધી તેઓની સાક્ષી પસરેલી છે." (ગીતશાસ્ત્ર ૧૯:૧-૪)*

> *"કેમકે તેના અદૃશ્ય ગુણો એટલે તેનું સનાતન પરાક્રમ અને*

*દેવત્વ, જગત ઉત્પન્ન થયું ત્યારથી સૃજેલી વસ્તુઓના નિરીક્ષણથી સ્પષ્ટ જણાય છે. તેથી તેઓ બ્હાનું કાઢી શકે એમ નથી.'' (રોમન ૧:૨૦)*

આ કારણને લીધે ઈશ્વરના અસ્તિત્વનો નકાર કરવાનું બ્હાનું કોઈપણ વ્યક્તિ, કોઈપણ જગ્યાએ કાઢી શકે તેમ નથી.

**ઈશ્વરે સર્જન કરેલી વિશાળતા, વ્યવસ્થા અને પરાક્રમ ઉપર ચિંતન-મનન કરનાર ઘણા લોકો પોતાને ખૂબ નજીવા અને મામૂલી તરીકે અનુભવે છે.**

ઈઝરાયલના રાજા દાઉદનો તે પ્રતિભાવ હતો અને તેણે તેને આ રીતે અભિવ્યક્ત કર્યો :

*આકાશો, જે તારા હાથનાં કૃત્યો છે અને ચંદ્ર તથા તારાઓ જેઓને તેં ઠરાવ્યા છે તેઓ વિશે હું વિચાર કરું છું ત્યારે (હું કહું છું કે) માણસ તે કોણ છે કે તું તેનું સ્મરણ કરે છે ? (ગીતશાસ્ત્ર ૮:૩,૪)*

આજના દિવસોમાં તારાંકિત આકાશો સંબંધીનું આપણું જ્ઞાન ખૂબ વિકસિત બન્યું છે. કારણ કે કદાવર ટેલિસ્કોપ અંતરિક્ષના આપણા દર્શનને પચાસ લાખ ઘણું મોટું કરે છે અને સેટેલાઈટ બાહ્ય અવકાશમાં પ્રવાસ કરે છે ત્યારે તેના સંકેતો પૃથ્વી ગ્રહ ઉપર ચિત્રોને પાછા મોકલે છે. પરિણામે દાઉદની જેમ આપણે પણ એ જ પ્રશ્ન પૂછવાના પ્રલોભનમાં પડીએ છીએ : ''આ સર્વનું સર્જન કરનાર ઈશ્વર કઈ રીતે મારા જેવા નજીવા વ્યક્તિમાં અભિરૂચિ ધરાવી શકે ?''

તેમ છતાં, સંજોગોવસાત ટેલિસ્કોપનો યુગ માઈક્રોસ્કોપનો પણ યુગ છે. આજે આપણે સુક્ષ્મ પ્રકારના વિશ્વને પણ જાણીએ છીએ, જે કેવળ માઈક્રોસ્કોપ મારફતે જ નિહાળી શકાય છે અને તે પણ બાહ્ય અંતરિક્ષની વિશાળતા જેટલું જ અનોખું છે. પ્રકાશ પણ આ અતિસુક્ષ્મ માઈક્રોસ્કોપીક

ક્ષેત્રના રહસ્યોને પ્રગટ કરવા સર્વસાધારણ છે. વૈજ્ઞાનિકની પ્રણાલિકાગત લેબોરેટરીના માઈક્રોસ્કોપની દષ્ટિમાંથી જે છટકી જાય તેને ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપ દ્વારા પકડી શકાય છે. અને તે આપણા અતિસુક્ષ્મ વિશ્વમાં રહેલી સુંદરતા, પ્રયોજન, નિયમ અને પરાક્રમને પ્રગટ કરે છે.

તેથી જો તમને કદીપણ વિચાર આવે કે તમારા જેવા નજીવા કે મામુલી વ્યક્તિ વિશે ઈશ્વર વિચારે છે કે નહિ તો સમગ્ર સૃષ્ટિની સાચવણીમાં ખરેખર નજીવી કે મામૂલીપણું કેવું અગત્યનું છે તે ન્યૂક્લીયર ભૌતિકશાસ્ત્રવિદ્ જણાવે છે તે સાંભળો. અણુ કે રજકણના ન્યુટ્રોન અને પ્રોટોનને ઈંચના ૧/૧૨ પરાર્ધ (એકડા ઉપર અઢાર મીંડા) જેટલો અલગ કરવામાં આવે અને પદાર્થ નક્કર પિંડ તરીકે એક સાથે જોડાયેલો હોય તોપણ વૈશ્વિક ન્યુક્લીયર વિસ્ફોટમાં સમગ્ર દુનિયાને છિન્નભિન્ન કરી શકે છે. હા, સર્જનના ઈશ્વરની દૃષ્ટિમાં નજીવું કે મામુલી પણ મહાનતા જેટલું જ અગત્યનું છે.

જ્યારે આપણે પ્રશ્ન પૂછીએ છીએ : “માણસ તે કોણ છે કે તું તેનું સ્મરણ કરે છે ?” ત્યારે માણસનું કદ તેના મૂલ્યને નક્કી કરતું નથી તે જાણવું પુનઃખાતરી આપનારું છે. તેની વિરૂદ્ધમાં ઈશ્વર સમક્ષ આપણું વ્યક્તિગત મૂલ્ય કોઈક ખૂબ જુદા જ પરિબળો ઉપર વિધેયવર્ધક છે. અને તેમની સમક્ષ આપણે શા માટે મૂલ્યવાન છીએ અને તેમની દૃષ્ટિમાં આપણે કેવા અમુલ્ય છીએ તે ઈશ્વરે આપણને પ્રગટ કર્યું છે.

જો કે સૃષ્ટિ - સર્જન પ્રયોજન, નિયમ અને પરાક્રમના ઈશ્વર વિશે પોતે જ જણાવે છે તોપણ ઈશ્વરે અસીમ પ્રેમ અને કૃપાના ઈશ્વર તરીકે, આપણી સૌથી ઉત્તમ ભલાઈ ઈચ્છનાર વ્યક્તિ તરીકે પોતાને પ્રગટ કરવાનો બીજો એક માર્ગ પસંદ કર્યો છે. પરંતુ જો તમે આવા ઈશ્વરને શોધવા માંગો છો તો તમારી આધ્યાત્મિક માર્ગસૂચિ સંપૂર્ણપણે ભરોસાપાત્ર હોવી જોઈએ તેવી વિનંતી છે.

### *વિચાર કરવા થોભો*

૧. જો તમે લોખંડના થોડા ટૂકડાઓને હવામાં ઊંચે ઉછાળો તો જ્યારે તે નીચે આવે ત્યારે શું તમે સ્વીસ ઘડીયાળ મેળવવાની અપેક્ષા રાખશો ?

૨. સઘળી અત્યંત આશ્ચર્યજનક અને મહત્ત્વની રચના સાથેની સૃષ્ટિ શું સર્જનકર્તા ઈશ્વર વિના જ અસ્તિત્વમાં આવી છે ?

૩. જો કે સર્જન તમને સર્જનકર્તા ઈશ્વર, જેમણે પ્રયોજનના નિયમના અને પરાક્રમના ઈશ્વર તરીકે પોતાને પ્રગટ કર્યા છે, તેમની તરફ તમારું ધ્યાન દોરે, તો પણ સર્જન કરેલી એકલી સૃષ્ટિ ઈશ્વરના પ્રેમ અને દયાની સમજણમાં તમને દોરી લાવવા શું પૂરતી છે ?

*અંધારી ગુફામાં ટોર્ચ (બત્તી) સાથે પ્રવેશ કરનાર વ્યક્તિ તેને સહેલાઈથી પાર કરી શકે છે.*

*પ્લેટો*

*પ્રકૃતિ - સૃષ્ટિ ગુફાના મુખમાંથી આવતો ઝાંખો પ્રકાશ છે; બાઈબલ ટોર્ચ (બત્તી) સમાન છે.*

*એ.એચ.સ્ટ્રોંગ*

# પ્રકરણ ૨

# શું તમારી આધ્યાત્મિક માર્ગસૂચિ ભરોસાપાત્ર છે ?

કેટલાએક સમય અગાઉ વર્તમાનપત્રોમાં ચેતવણી આપનાર હકીકતનું વર્ણન કર્યું હતું કે ક્ષતિયુક્ત રડારના સંકેતને કારણે વિમાનના અકસ્માતમાં માનવ જીવનનો કરૂણ અંત આવ્યો હતો. અને છતાં આધ્યાત્મિક વિનાશ તરફ દોરી જાય છે તેવા 'આધ્યાત્મિક રડાર વ્યવસ્થા' ઉપર જો લોકો પોતાનો ભરોસો રાખે છે ત્યારે શું બની શકે છે તેની સાથે સરખાવતા તે કરૂણ અકસ્માતનું મહત્ત્વ પણ ઝાંખું પડી જાય છે.

આજના વિશ્વમાં અનેક સંઘર્ષ અને મૂંઝવણભર્યા અવાજો છે, જે દરેક ઈશ્વર પાસે દોરી જવાની માર્ગસૂચિ તરીકે દાવો કરે છે. કયો અવાજ સત્ય છે તે તમે કઈ રીતે જાણી શકો ? ઈશ્વર માટેની તમારી ઝંખનામાં તમે અયોગ્ય અવાજ દ્વારા દોરવણી પામવાનો પ્રયત્ન કરી શકતા નથી, કારણ કે તેના ઉપર અવલંબિત બાબતો અનંતકાળીક છે.

બ્રિટનના વડાપ્રધાન ડબલ્યુ. ઈ. ગ્લેડસ્ટોને લખ્યું : ''બાઈબલ ઉદ્‌ગમસ્થાનની વિશેષતા સાથે અંકિત થએલું છે અને અમાપ્ય અંતરથી તે તેના સર્વ સ્પર્ધકોથી તેને અલગ કરે છે.''

અમેરિકાના પ્રેસિડેન્ડ અબ્રાહામ લીંકને એક વખત કહ્યું : ''હું માનું છું કે બાઈબલ માણસને કદી પણ આપવામાં આવ્યું હોય તેવી ઈશ્વરની અતિ ઉત્તમ બક્ષીસ છે.''

જો કે ઈતિહાસમાં અનેક મહાન વ્યક્તિઓએ તેની અજોડતા સંબંધી ખરેખર સાક્ષી આપી છે તો પણ બાઈબલ સાચે જ તેની પોતાની નોંધ ઉપર અડીખમ છે.

દાઉદ રાજા પોતાની આધ્યાત્મિક માર્ગસૂચિની ભરોસાપાત્રતા સંબંધી સ્પષ્ટ હતો. તેણે કહ્યું : "મારા પગોને સારું તારૂ વચન દીવારૂપ છે. તે મારા માર્ગને સારૂ અજવાળારૂપ છે." (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫).

આજેપણ લોકો ઈશ્વર પાસે તેઓને દોરી લાવવાની ભરોસાપાત્ર સૂચિ તરીકે બાઈબલને સ્વીકારે છે. જો કે તેની વિશ્વાસનીયતાનો નાશ કરવાનો જેઓએ પ્રયત્ન કર્યો હતો છતાં તે પસાર થએલા દિવસોની માફક આજે પણ બાઈબલ દૃઢ અને વિશ્વાસુપણે ઊભું છે, જગતના બધા જ આલેખનો મધ્યે તે સાચે જ બેનમૂન છે.

બાઈબલ અજોડ અને અધિકારયુક્ત એમ બંને છે તે ખાતરીની લોકોને જરૂર હોવાને કારણે ઈશ્વરે તેના ઉપર 'ઈશ્વરના વચન' તરીકે હોવાની સાબિતી તરીકે અનેક મુદ્રાઓ મારી છે. બાઈબલના અંદરના પૃષ્ઠોમાંથી અને સાંસારિક ઈતિહાસની નોંધોમાંથી પ્રામાણિક શોધકને "દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે." (૨ તિમોથી ૩:૧૬) તે હકીકતને સમર્થન આપતી દિગ્મૂઢ કરનારી સાબિતી મળી રહેશે.

જો બાઈબલનું લેખન એક લેખક દ્વારા કરવામાં આવ્યું હોય તો તેના વિષયનો વિકાસ વ્યવસ્થિત અને પ્રગતિ પામતી રીતે થાય તેવું જોવામાં આપણને આશ્ચર્ય થશે નહિ. તેમ છતાં પુસ્તકોનું આ પુસ્તક એક વ્યક્તિ દ્વારા આલેખન પામ્યું નથી, પરંતુ અનેક સદીઓના સમયગાળામાં થએલા વિવિધ સંસ્કૃતિમાંથી આવેલા વિવિધ લેખકો દ્વારા તેનું લેખન થયું છે. તેમ છતાં તેમાં ઈશ્વર સંબંધીના સત્યની એકરૂપતા, સુવ્યવસ્થા અને અજોડ વિકાસ જોવા મળે છે. તે પોતે જ સૌથી નોંધપાત્ર, અરે નોંધપાત્ર કરતાં વધારે - ચમત્કારીક છે !

વધુમાં પુરાતત્વવિદ્યાને લગતા શોધકો જમીન નીચેના ખોદકામો દ્વારા સતત નવા પૂરાવાઓ મેળવી રહ્યાં છે, જે બાઈબલના વર્ણનોની ઐતિહાસીક

ચોક્કસતાને વધુમાં સમર્થન આપે છે. પ્રસંગો જેને એક સમયે દંતકથા તરીકે મજાક કરવામાં આવતા હતા તેને વર્તમાન પુરાતત્વવિદ્યાશાસ્ત્રીઓની કોદાળી કે તીકમ દ્વારા હવે સમર્થન મળે છે.*

**હા, બાઈબલ સાચે જ ઈશ્વરનું પુસ્તક, સઘળા લોકો માટે ઈશ્વરનો સંદેશો ધારણ કરનારું પુસ્તક છે.**

બાઈબલ ઈશ્વરનું પુસ્તક છે તે હકીકત હોવા છતાં કેટલાક લોકો તેનું વાંચન કરવાથી હજુપણ પોતાને ''દૂર'' પ્રવર્તમાન ભ્રમને લીધે રાખે છે કે વિશ્વ બે જૂથોમાં વહેંચાયેલું છે : વૈજ્ઞાનિકો હકીકતોનો સામનો કરે છે અને સાચા વિશ્વાસીઓ તેઓ પ્રત્યે પોતાની આંખો બંધ કરી દે છે. તેનો સૂચિત અર્થ એ થાય કે સાચો વૈજ્ઞાનિક સાચો વિશ્વાસી બની શકતો નથી. તેમ છતાં આજે એવા અનેક મહાન વૈજ્ઞાનિકો છે જેઓ આ અનુમાનનો નકાર કરે છે. જો કે બાઈબલ વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક નથી તોપણ તે આ ક્ષેત્રોને જ્યાં કંઈ સ્પર્શ કરે છે તેને સ્થાપિત વૈજ્ઞાનિક હકીકતો દ્વારા બદનામ કરવામાં આવ્યું નથી. તેના બદલે બાઈબલ તેના હેતુ અને પ્રયોજનામાં વિજ્ઞાનની મર્યાદાઓથી પણ વધુ આગળ ગયેલું છે.

ઉદાહરણ તરીકે વિજ્ઞાન આપણે અહીં પૃથ્વી ઉપર શા માટે છીએ તેનો ખુલાસો કરતું નથી અને આ પૃથ્વી પરના અહીંના જીવનના અંત પછી આપણે ક્યાં જવાના છીએ તે વિશે જણાવતું નથી. તે ઉપરાંત જીવન વિશે સઘળું શું છે અથવા વ્યક્તિનું વાસ્તવિક મૂલ્ય વિશે પણ વિજ્ઞાન આપણને

---

* ઉદાહરણ તરીકે ૧૮૬૮માં ક્લેઈન નામના જર્મન મુસાફરે અર્વાચીન મોઆબ દેશ જેને આજના દિવસોમાં 'જોર્ડન' તરીકે ઓળખવામાં આવે છે તેની મુલાકાત કરી હતી. તેણે એક પથ્થરના સ્મારકને શોધી કાઢ્યું હતું જેના ઉપર મોઆબના રાજા મેશા દ્વારા ચોત્રીસ વાક્યો કંડારેલા હતા. આ લેખમાં ઈઝરાયલની વિરૂદ્ધ તેના બળવાની યાદની નોંધ કરેલી હતી. ઓમરી અને આહામ બંનેનો ઉલ્લેખ ૨ રાજાઓ ૧માં છે અને આ સ્મારક ઉપર પણ છે. આ બંને કિસ્સાઓમાં આપણને જણાવવામાં આવ્યું છે કે ઈઝરાયલના રાજાઓ મોઆબના અત્યાચારીઓ હતા. વર્તમાન સમયની આવી અનેક શોધખોળો બાઈબલની નોંધની ઐતિહાસીક ચોક્સાઈને સમર્થન આપે છે.

જણાવતું નથી. વ્યક્તિ ગમે તેટલી હોશિયાર (અથવા સાદી) કેમ ન હોય, પણ પ્રત્યેકને ઈશ્વર સંબંધીના સત્યને જાણવા માટે દિવ્ય સહાયની જરૂર પડે છે. આ કારણને લીધે ફ્રેન્ચ તત્ત્વચિંતક અને ગણિતશાસ્ત્રી બ્લેસે પાસ્કલે કહ્યું, ''તર્કની સર્વોચ્ચ સિદ્ધિ આપણને તર્કની મર્યાદા દર્શાવવાનું છે.'' જો આપણે ઈશ્વરના પુસ્તક બાઈબલને માનતા નથી તો જીવનના સૌથી મહત્ત્વના પ્રશ્નોના ભરોસાપાત્ર ઉત્તરો આપણે કદી જ આપી શકીએ નહિ.

**હવે, આવો, બાઈબલ સાચે જ ઈશ્વરનું પુસ્તક છે તે દૃઢપણે દર્શાવતી બે વાતોનો વિચાર કરીએ.**

પ્રથમ, તેના ઉલ્લેખેલા ભવિષ્યકથનોની ભરોસાપાત્ર ચોક્સાઈ છે. બીજું, તેના સંદેશને ગંભીરપણે સ્વીકારનાર તે લોકોના જીવનોમાં અમલીકરણ બનેલું તેનું સામર્થ્ય અને હકારાત્મક પ્રભાવ છે.

## *બાઈબલના ભવિષ્યકથનોની ચોક્સાઈ*

ભવિષ્યમાં શું બનવાનું છે તે જાણવાની ઈન્તેજારી આપણામાંના મોટાભાગનાઓ અનુભવે છે. અને બાઈબલ ભવિષ્યમાં થનારા સૌથી મહત્ત્વના કેટલાએક વિશે પ્રગટ કરે છે અને તેઓમાંની કેટલીએક તો જટિલ અને મુગ્ધ કરે તેવી વિગતો સાથે છે. હવે તમે પ્રશ્ન પૂછી શકો : ''તમે કઈ રીતે ખાતરીપૂર્વક કહી શકો ?''

આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવા આવો, આપણે કલ્પના કરીએ કે તમે જે દેશ વિશે સહેજેય પરિચિત નથી તેવા દેશમાં તમારી રજાઓ પસાર કરવા ગયા છો. તમારા હાથમાંનો નકશો તે એકમાત્ર તમારી ગાઈડ છે. ગઈકાલે તમે આ નકશો ભરોસાપાત્ર છે તેવું અનુભવ્યું. તેમાં દર્શાવ્યા પ્રમાણેની નદી તમે શોધી કાઢી અને છેલ્લી રાત્રે તમે સૂઈ ગયા હતા તે ગામને પણ તેમાં શોધી કાઢ્યું. આજે તમે એક નવો જ માર્ગ લેવાનું પસંદ કરો છો. તમારી સમક્ષ અપરિચિત પ્રાંત છે પરંતુ તમારો નકશો દર્શાવે છે કે જો તમે ડાબી બાજુએ જશો તો તમે થોડા જંગલોમાંથી પસાર થઈને એવા સ્થળે પહોંચશો કે જ્યાં એક મોટું તળાવ તમને જોવા મળશે. હવે તમે તે તળાવ જોવાની

ઈચ્છા રાખો છો એટલે તમે શું કરશો ? હું માનું છું કે તમે નકશામાં આપેલી સૂચિનું અનુસરણ કરશો અને ડાબી બાજુએ વળી જશો. આમ કરવાના તમારા ભરોસાનું એક મુખ્ય કારણ એ હકીકત હશે કે ગઈકાલે અપરિચિત પ્રાંત (ક્ષેત્ર) માં તમારા નકશાએ આપેલી સૂચિની ચોક્સાઈ સાબિત થઈ હતી. તેણે તમને અગાઉથી જે જણાવ્યું હતું ત્યાં તમે પહોંચી ગયા અને તે સત્ય પૂરવાર થયું હતું !

બાઈબલ ઈશ્વરનું વચન છે તેની સૌથી નોંધપાત્ર સાબિતીઓમાંની એક તેની ભવિષ્યમાં બનનારા પ્રસંગોના ભવિષ્યકથનોની અજોડ ચોક્સાઈ છે. આજના દૃષ્ટિકોણ પ્રમાણે આપણે તેના પૃષ્ઠોમાં વાંચીએ છીએ તેવા અનેક ભવિષ્યકથનો સેંકડો વર્ષો અગાઉ જે પ્રમાણે કહેવામાં આવ્યા હતાં તે પ્રમાણે જ, કોઈપણ ફેરફાર વિના તે યથાર્થપણે પરિપૂર્ણ થયાં છે.

આ ભવિષ્યકથનો નોંધપાત્ર રીતે વ્યાપક ફલકને આવરી લે છે જેમાં પૃથ્વીના સર્વ લોકોને આવરી લીધા છે તેમ જ ઈઝરાયલ અને મધ્યપૂર્વ સંબંધીની ખૂબ ચોક્કસ વિગતોનો પણ સમાવેશ કરે છે. એથી વધારે મહત્ત્વનું તો મસીહાના આગમન સંબંધી કહેવામાં આવેલા સેંકડો વચનો છે. મસીહા સંબંધીના આ ભવિષ્યકથનો હવે ઈતિહાસ બની ગયા છે ત્યારે મસીહાના જન્મ, જીવન અને મરણ સંબંધીની કેટલીક અત્યંત અસંભાવ્ય વિગતો કેવી અનોખી ચોક્સાઈ પ્રગટ કરે છે તે આપણે અનુભવીએ છીએ.

આ પ્રકારની નોંધના પ્રવાહને આધારે બાઇબલમાં કહેવામાં આવેલા ભવિષ્યકથનો પ્રમાણે જ ભવિષ્યના પ્રસંગો ચોક્કસપણે બનવાના છે તેવું અનુમાન કરવું તે (તાર્કીક અને સત્ય) છે. અને બાઈબલની પ્રબોધવાણીની ચોક્સાઈની વધુ સાબિતીઓ પ્રતિ વર્ષે આપણી આંખો સામે પ્રત્યક્ષ રીતે ખુલ્લી થાય છે. હકીકતમાં બાઇબલનું વાંચન કરવું એટલે આવતીકાલની ખબરો (વર્તમાનપત્ર)નું વાંચન કરવું.

ડૉ. વિલ્બર સ્મીથ બાઇબલના આજીવન વિદ્યાર્થી હતા. તેમને બાઇબલની ભવિષ્યવાણીઓમાં દર્શાવેલાં વર્ણનોની ચોક્સાઈ દર્શાવવામાં આનંદ થતો હતો. મસીહા સંબંધી કહેવામાં આવેલી જુના કરારની અનેક

ભવિષ્યવાણીઓ સાથે અન્ય જેઓ સત્ય હોવાનો દાવો કરવાનું શિક્ષણ આપે છે તેઓ સાથે સરખામણી કરતાં વિલ્બર સ્મીથે નોંધ કરી હતી કે ''મોહમ્મદીનીઝમ મોહમ્મદના જન્મ વિશે સેંકડો વર્ષો પૂર્વે ભવિષ્યવાણી ઉચ્ચારી હોય તેવી કોઈ ભવિષ્યવાણી દર્શાવી શકતું નથી કે પછી કોઈપણ સંપ્રદાયના સ્થાપકોને યથાયોગ્ય રીતે ઓળખવા કોઈપણ પ્રાચીન પાઠ જે તેઓના દૃશ્યમાન થવાની ચોક્કસ રીતે આગાહી કરી શકતા નથી.''

હવે આપણે એ વાત સ્વીકારવી જોઈએ કે કેટલીક કહેવાતી ''ભવિષ્યવાણીઓ''ને ચોક્કસ હોવા માટે વધારે પ્રેરણાની આવશ્યકતા હોતી નથી.

કોમ્પ્યુટરો, ચુંટણીના દિવસની મુલાકાત-વાતચીત અને ઐતિહાસીક માહિતીની સહાયથી સમાચાર માધ્યમો કેટલીક વખત ચૂંટણીના બેલેટબોક્ષ બંધ કરવામાં આવે તે અગાઉ તેના વિજેતા સંબંધી આગાહી કરતા હોય છે. તેઓની પાસે બધી જ આંકડાકીય માહિતી હોય ત્યારે સમય અગાઉ વિજેતાની 'જાહેરાત' કરવી તેમાં કાંઈક ખૂબ નોંધપાત્ર હોતું નથી અને ઘણીવાર તે પણ ખોટું પૂરવાર થાય છે !

તેમ છતાં કોઈપણ સમાચાર પત્રોના પત્રકારોને હવે પછીના પચ્ચીસ કે પચાસ વર્ષ પછી ચૂંટણી માટે ઊભા રહેનાર પ્રતિનિધિને ઓળખી બતાવવા સંબંધીનો પ્રશ્ન પૂછવાનો પ્રયત્ન કરો. કોણ જીત મેળવશે તેવું તેને પુછો. ત્યાર પછી વિજેતાનો જન્મ ક્યાં થશે, તેઓની ભવિષ્યની જીવનશૈલી અને તેઓના મરણની આસપાસ વિંટળાએલી પરિસ્થિતિઓની પણ વિગતો માટે તેને પ્રશ્ન પૂછો. તેનાથી આગળ વધો અને સમાચારના પત્રકારોને હવે પછીના એક હજાર વર્ષ બાદ મધ્યપૂર્વમાં શું બનવાનું છે તે સંબંધીની ભરોસાપાત્ર માહિતી માટે પ્રશ્ન પૂછો. વધુમાં લાંબા સમયગાળા દરમિયાન કયા ચોક્કસ શહેરોનો સંપૂર્ણપણે વિનાશ થશે તે વિશે પણ પ્રશ્ન પૂછો.

તમે ચોક્કસપણે સહમત થશો કે સમાચારના પત્રકારો પાસે વધારાની આગાહીની માંગણી કરવામાં આવે તે પ્રત્યેક સમયે તેની ભવિષ્યવાણીની તેની ચોક્સાઈની વિરૂદ્ધમાં અનોખી વિચિત્રતામાં મોટો વધારો થતો જણાશે.

અલબત, ભવિષ્ય સંબંધી તેને અનંતતાના ઈશ્વર જણાવી રહ્યા હતા, જો તેમ છે, તો જ તે કિસ્સામાં આપણે શરૂઆતથી અંત જાણવા માટે પત્રકાર પાસેથી અપેક્ષા રાખી શકીએ છીએ. આપણા સમાચાર પત્રકારો પાસેથી તથા મહત્ત્વની વિગતો તથા લાંબા સમય દરમિયાન થનારી ઘટનાઓને આવરી લેનારાઓ પાસેથી આપણે આવા પ્રસંગો માટે જે સૂચવ્યું હતું તે વિશે બાઈબલમાં ભવિષ્યવાણીઓ કરવામાં આવી છે.

ઉદાહરણ તરીકે પ્રાચીન તૂર શહેરનો ઈતિહાસ આ શહેરને શું થશે તે વિશે ઈશ્વરે કરેલી આગાહીની પરિપૂર્ણતા છે.

જો તમે ઉત્સુક છો તો હઝકિયેલ ૨૬, ત્રણથી એકવીસ કલમોમાં નોંધેલી ભવિષ્યવાણીઓનું વાંચન પ્રથમ કરો અને ત્યાર પછી એન્સાઈક્લોપીડીયા બ્રીટાનીકા અને ઈતિહાસની અન્ય નોંધો તરફ જુઓ. બંનેમાં તમને એકસરખી જ વાત વાંચવા મળશે, પ્રથમમાં એક ભવિષ્યવાણી તરીકે અને બીજામાં એક ઈતિહાસ તરીકે.

**ભવિષ્યવચન :** તે પ્રસંગો બન્યા તેના ઘણા સમય અગાઉ ઈશ્વરે તૂરના શહેર માટેના ઉપદ્રવી ભવિષ્ય સંબંધી આગાહી કરી હતી. તેમણે કહ્યું :

> *"એ માટે પ્રભુ યહોવા કહે છે...હું ઘણી પ્રજાઓને તારા ઉપર ચઢાવી લાવીશ. તેઓ તૂરના કોટનો નાશ કરીને તેના બુરજો તોડી પાડશે, હું તેની ધૂળ પણ તે પરથી કાઢી નાખીને તેને ઉઘાડો ખડક બનાવી દઈશ. અને તેથી પણ વધુ આગાહી કરવામાં આવી કે તેઓ તારા પથ્થરોને તથા તારા લક્કડને તથા તારી ધૂળને પાણીમાં નાંખી દેશે. પરંતુ આ ભવિષ્યવાણીની અનોખી વિગતોનો તે સાથે અંત આવ્યો નહિ. ઈશ્વરે પ્રાચીન તૂર વિશે કહ્યું : તું જાળો પાથરવાની જગા થઈ પડશે." (હઝકિયેલ ૨૬:૩,૪, ૧૨,૧૪)*

**ઈતિહાસ :** જ્યારે તમે ઐતિહાસિક નોંધોનું વાંચન કરો ત્યારે તમને ખાતરી થશે કે નબૂખાદનેસ્સારે જૂના તૂર શહેર (મુખ્યભૂમિ)નો વિનાશ કર્યો

હતો. તેણે અગાઉની આગાહ પ્રમાણે જ શહેરના કોટો તથા બૂરજોને ખરેખર જમીનદોસ્ત કર્યા હતા. અને તે પછી મહાન સિકંન્દરના ઈજનેરોએ પ્રાચીન શહેર તૂરના કાટમાળને સાફ કર્યું હતું અને તેને ઉઘાડા ખડક સમાન રહેવા દીધું હતું.

તેઓએ શહેરના કાટમાળને ટાપુઓ પર જવાનો રસ્તો તૈયાર કરવા માટે જેમ ભવિષ્યવાણીમાં કહેવામાં આવ્યું હતું તેજ પ્રમાણે સમુદ્રમાં ફેંકી દીધો હતો : પથ્થરોને તથા લક્કડને તથા ધૂળને પાણીમાં નાખી દેવામાં આવી હતી. હા, આજે પણ પ્રાચીન તૂરનો કાટમાળ સમુદ્રનાં પાણીમાં દટાએલો છે. ઈશ્વરે કહ્યું હતું કે તેમ થશે અને તે પ્રમાણે થયું હતું.

જો કે આજના દિવસોમાં મધ્યપૂર્વમાં આવેલું તૂર જાણીતું શહેર છે પણ તે પ્રાચીન શહેર તૂર જેનો અંતે નાશ ૧૨૯૧માં થયો તે, તે નથી.

જો તમે પ્રાચીન તૂરની મુલાકાત લઈને જોવાને સમર્થ બનો તો તમને આ ભવિષ્યવાણીની વધુ અનોખી પરિપૂર્ણતાને પણ જોઈ શકો છો. ત્યાં તમને થોડા માછીમારોના ઘરોના જૂથને નાના ગામમાં નીહાળી શકો અને દરિયામાં માછલાં પકડવાની બોટોને પાણીમાં તરતી અને ખૂલ્લી જગ્યામાં જાળો સૂકવેલી નીહાળી શકો ! પ્રાચીન તૂર જે ધંધા રોજગારથી સમૃદ્ધ હતું તેને માટે આ અસંભાવ્ય ભવિષ્યની આગાહી માનવી ડહાપણ કેવી રીતે કરી શકે ?

પીટર સ્ટોનરે પ્રાચીન તૂર સંબંધીની સાત ભવિષ્યવાણીઓની સરખામણી ઐતિહાસિક નોંધો સાથે કરી છે. હઝકિયલની ભવિષ્યવાણી હતી જે પરિપૂર્ણ થવાની તેની ગણિતની દૃષ્ટિએ સંભવિત ગણતરી કર્યા પછી તેણે કહ્યું : “જો હઝકિયેલે તેના પોતાના દિવસોના તૂરને નીહાળ્યું હોત અને આ સાત આગાહીઓ માનવી જ્ઞાન-ડહાપણથી કરી હોત તો આ અંદાજનો અર્થ એ થાય કે તેઓ સઘળી સત્ય ઠરવાના ૭૫,૦૦૦,૦૦૦માં કેવળ એક બનાવની સંભાવના હતી. તેઓ તેની નાનામાં નાની વિગતોમાં સઘળી સત્ય પૂરવાર થઈ હતી.”

હવે આવો, આપણે બાળકના જન્મ સંબંધીની આગાહીઓમાંની એકનો વિચાર કરીએ.

માથ્થી, નિવૃત્ત થએલો સરકારી ટેક્ષ અધિકારી, ઈસુનો જન્મ થયો હતો ત્યારે પરિપૂર્ણ થએલ અનેક નોંધપાત્ર ભવિષ્યવાણીઓમાંની ચારને સંભારે છે. તેઓમાંની એકમાં માથ્થી મીખાહ પ્રબોધક જેણે પોતાના સમયના દુષ્ટ અધિકારીઓ વિરૂદ્ધ ભયાનક તહોમતનામું ઉચ્ચાર્યું હતું તેનો ઉલ્લેખ કરે છે. મીખાહનું અંતઃકરણ ભંગીત થયું હતું કારણ કે તેના જીવનકાળ દરમિયાન તેના દેશમાં પ્રામાણિક આગેવાનની સત્તાની ઉણપ હતી. તેમ છતાં મીખાહે ઉજ્જવળ ભવિષ્યને જોયું હતું જ્યારે ઈશ્વરે તેને દર્શાવ્યું કે એક દિવસ અધિકાર ચલાવનારનો જન્મ થશે. તેણે આ આવનાર આગેવાનનું ચોક્કસ જન્મસ્થળ પણ દર્શાવ્યું હતું.

> *"પણ હે બેથલેહેમ એફ્રાથાહ, જો કે તું એટલું નાનું છે કે યહૂદિયાનાં ગોત્રોમાં તારી કંઈ ગણતરી નથી, તોપણ તારામાંથી મારે માટે એક એવો પુરુષ ઉત્પન્ન થશે કે જે ઈઝરાયલમાં અધિકારી થવાનો છે; જેનો પ્રારંભ પુરાતનકાળથી, હા, અનાદિકાળથી છે." (મીખાહ ૫:૨)*

ઈશ્વરે પ્રગટ કર્યું હતું કે ઈઝરાયલમાં આવશ્યક એવો અધિકારી બેથલેહેમ એફ્રાથાહમાં જન્મ લેશે.

મીખાએ ભવિષ્યવચન કહ્યું હતું તે મુજબ જ ઈસુનો જન્મ તેના કુટુંબના માતૃશહેર નાઝરેથમાં નહિ પણ બેથલેહેમ એફ્રાથાહમાં થયો હતો. રોમન સામ્રાજ્યના હુકમને કારણે ત્યાં તેમનો જન્મ થયો. તે વસતી ગણતરીનો સમય હતો અને તેમના માતપિતાએ સમ્રાટના હુકમને માથે ચઢાવ્યો હતો. તેને લીધે તેઓ પોતાનું વતન છોડીને બેથલેહેમ આવ્યા હતા. બેથલેહેમ જે યહૂદિયા પ્રાંતના અનેક શહેરમાંનું સૌથી નાનું હતું ત્યાંથી અધિકારી આવે તેવી ચોક્કસ કોઈયેય ઈચ્છા રાખી નહોતી. તેમનો જન્મ ત્યાં થાય તેની વિચિત્રતા અનોખી હતી. તેમ છતાં મીખાહે આગાહી કરી

હતી તે પ્રમાણે જ તેમ બન્યું હતું. અને ઈસુના જીવન સંબંધીની આવી શબ્દશઃ સેંકડો આશ્ચર્યજનક ભવિષ્યવાણીઓમાંની આ કેવળ એક છે.

આપણને વાંચવા મળે છે કે ઈશ્વરે જાહેર કર્યું :

*"આરંભથી પરિણામ જાહેર કરનાર તથા જે થયું નથી તેની પુરાતન કાળથી ખબર આપનાર હું છું, મારો સંકલ્પ દૃઢ રહેશે, તે મારા સર્વ મનોરથો હું પૂરા કરીશ." (યશાયા ૪૬:૧૦)*

*"આગલી બીનાઓને મેં અગાઉથી પ્રગટ કરી; હા, મારા મુખમાંથી તે નીકળી, મેં તે (તને) કહી સંભળાવી; મેં તેમને એકદમ પૂરી કરી, ને તે બની આવી.*

*તેથી તો મેં તને પુરાતનકાળથી વિદિત કર્યું હતું; તે થયા પહેલાં મેં (આગળથી) તને કહી સંભળાવ્યું હતું.." (યશાયા ૪૮:૩, ૫)*

ઈશ્વરે ઉચ્ચારી હતી તે આ ભવિષ્યવાણીઓ ઈતિહાસે સાબિત કરી છે અને બાઈબલમાં નોંધવામાં આવી છે તેનું પ્રમાણ એક સો ટકા ચોક્કસ છે.

## બાઈબલનો પ્રબળ પ્રભાવ

બાઈબલ ઈશ્વરનું વચન છે તેની બીજી સમર્થ સાબિતી તે તો તેનો ક્રિયાશીલ બનેલો પ્રભાવ છે. બાઈબલના સંદેશાને જ્યાંકઈ અને જ્યારે જ્યારે તેના વિશે શીખવવામાં અને માનવામાં આવ્યો છે ત્યાં મનુષ્યજાતની સામાજીક, સાંસ્કૃતિક અને વ્યક્તિગત રીતે પ્રતિષ્ઠા વધારવામાં આવી છે.

આ પુસ્તકની પ્રથમ સુધારેલી આવૃત્તિ પ્રેસમાં છાપવા માટે મોકલવાની હતી તેના થોડા સમય અગાઉ એક નવા મિત્રએ અમારા ઘરની મુલાકાત કરી. અમે સાથે મળીને હસ્તપ્રદનું પુનરાવર્તન કર્યું. જો કે લાગણીની અભિવ્યક્તિ માટે તેને તૈયાર કરવામાં આવી ન હોવા છતાં અમે સાતમું પ્રકરણ વાંચ્યું ત્યારે તે ભાવવિભોર બનીને તેમની આંખમાંથી આંસુ છલકાવા

લાગ્યા. અમે બે વખત પ્રાર્થના કરવા અને ઈશ્વરનો પ્રેમ જેના વિશે અમે વાંચન કરતા હતા તે માટે ઈશ્વરનો આભાર માનવા રોકાયા. અમે સાથે મળીને તેમની ધીરજ તેમની દયા અને અમારા અયોગ્ય જીવનો પર તેમણે દર્શાવેલા તેમના પ્રેમ માટે ઈશ્વરનો આભાર માન્યો. અમે જીવંત ઈશ્વરની ભવ્ય અને મહત્ત્વની સમક્ષતાનો અનુભવ કર્યો અને અમે આનંદથી ભરપૂર બન્યા હતા.

તે દિવસ મારા મિત્ર માટે વિશેષ રીતે મહત્ત્વનો હતો. બરાબર એક વર્ષ અગાઉ તે, હમણાં અમે સાધારણ ઘર જેમાં એકઠાં થયાં હતાં તેની સરખામણીમાં તે, એક ભવ્ય એપાર્ટમેન્ટમાં એકલો બેઠો હતો.

પરંતુ તે સમયે જે ભવ્યતા તેની આસપાસ ઘેરાયેલી હતી તેણે તેને કાંઈ જ આનંદ આપ્યો નહોતો. હકીકતમાં આંતરિક રીતે તે એટલો નિરાશ હતો કે તેને જીવન જીવવાની કોઈ જ વાસ્તવિક ઇચ્છા નહોતી. વ્યક્તિગત આનંદ માટેની તેની ઝંખનામાં તેણે મર્દાનગીના સઘળા પ્રાણીજન્ય આવેગોમાં પોતાને સામેલ કર્યો હતો. કોકેનની આદતોએ તેની સંપત્તિનો વ્યય કર્યો હતો. બ્રાન્ડી અને વ્હીસ્કી અને તેના જેવી બીજી સર્વ વસ્તુઓ તેનો દૈનિક નશો હતાં. ઘણા વર્ષો સુધી યુરોપ અને વિશ્વના અનેક દેશોમાં તેણે શ્રીમંતોમાં શ્રીમંતો સાથે પાર્ટીઓ કરી હતી પરંતુ તે રાત્રે તે એકલો હતો. તેની એકલતામાં તેના સ્મરણ ઉપર હતાશાઓની અસર જેને તે ભયજનક અને ડરામણી દુનિયાની પરિસ્થિતિ તરીકે સ્વીકારતો હતો તેના દ્વારા હવે ગહન બની હતી. તેના માટે હવે છુટકારાનો કોઈ જ માર્ગ રહ્યો નહોતો.

ઘાતકી નિશ્ચય સાથે તેણે પોતાની બે-બેરલ પીસ્તોલ પોતાના લમણે મૂકી અને મારવા માટે તેને ઉગામી. તેણે વિચાર્યું, “મારી વિસ્મૃતિમાંથી કેવળ ૧/૮ ઈંચનું અંતર અને ત્યાર પછી મારું દુ:ખ સદાને માટે ચાલ્યું જશે.” ભાંગીને કટકેકટકા થઈ જવાની તે ક્ષણે (મારો મિત્ર તે કઈ રીતે બન્યું તે, તે જાણતો નહોતો) ટેલિવિઝન પ્રોગ્રામમાં ફેરફાર થઈ ગયો. તેણે આશાના ભવિષ્યને રજૂ કરતો બાઇબલમાંથી સંદેશો સાંભળતો પોતાને

અનુભવ્યો. લગભગ મધરાત્રી થઈ અને એકાંતમાં તે જીવતા ઈશ્વરની સમક્ષ ક્ષમા અને દયાની વિનંતી કરતો ઘૂટણો ઉપર નમ્યો.

ઈશ્વરના સામર્થ્યએ મારા મિત્રના જીવનને સંપૂર્ણપણે બદલી નાખ્યું હતું અને મેં સંક્ષિપ્તમાં વર્ણવ્યું તે માણસ સાથે મારી સમક્ષની આ વ્યક્તિએ થોડી સામ્યતા અનુભવી હતી. તેના જન્મ અગાઉ તેના માતાપિતાએ તેને માટે પ્રાર્થના કરી હતી અને યુવાનીમાં તેણે બાઈબલનો અભ્યાસ કર્યો હતો છતાં તેના સંદેશાને ગંભીરપણે સ્વીકારવાનો અનાદર કર્યો હતો. તેની દુનિયાની વિપુલતા અને તકોમાં તેણે ઈશ્વર વિરૂદ્ધ બંડ કર્યું હતું અને વધારે પડતી છૂટછાટમાં સામેલ બન્યો હતો.

સત્તર વર્ષ અગાઉની તે યાદગાર રાત્રીએ જ્યારે તેણે ઈશ્વરને આખરે શોધી કાઢ્યા હતા તે મારો મિત્ર એક સુંદર ચામડાની બાંધણીવાળું પુસ્તક લાવ્યો હતો. તેમાં કોરા સફેદ કાગળો હતા. તેણે તે દિવસથી લઈને તેના જીવનના પ્રત્યેક મહત્ત્વના પ્રસંગની નોંધ કરવાનો ઈરાદો રાખ્યો હતો. અને છતાં મૂર્ખાઈભર્યા અને વ્યય કરેલા તે સત્તર વર્ષોમાં નોંધ કરી શકાય તેવો એક પણ યોગ્ય પ્રસંગ તેને મળ્યો નહોતો.

હકીકતમાં તે સઘળા વર્ષોમાં મારા મિત્રએ જીવતા ઈશ્વરની વિરૂદ્ધ પોતાની પીઠ ફેરવીને વિચિત્ર અને અઝંપાભરી ખોટી - આધ્યાત્મિક મુસાફરી કરી હતી. તેનો આરંભ દૈનિક જ્યોતિષશાસ્ત્રમાં અભિરૂચિ અને રોક મ્યુઝીક અને રોક સંગીતના જાહેર જલસાને નિરંતર વળગી રહેવાથી થયો હતો. તેના થોડા સમય પછી જ તે સંપ્રદાયમાં સામેલ થયો હતો. તે પછી યોગમાં તેની ઉત્કંઠાને લીધે તેણે હિંદુ તત્ત્વજ્ઞાનનો ગંભીરપણે અભ્યાસ કરવા તરફ ફર્યો હતો. અને પૂર્વના દેશના આધ્યાત્મવિદ્યામાં અંતે સામેલ થયો હતો. આ વર્ષો દરમિયાન તે પોતાના ચામડાના છીંકણી રંગના પુસ્તકમાં નોંધી શકે તેવી લાયકાત ધરાવતો એક પણ પ્રસંગ તેણે અનુભવ્યો નહોતો. તે યાદગાર રાત્રીએ તેની મુલાકાત ઈશ્વર સાથે થઈ ત્યાં સુધી તે પૃષ્ઠો કંટાળાજનક રીતે કોરા જ રહ્યાં હતાં.

તે રાત્રે મારા મિત્રએ તેની પ્રથમ નોંધ કરી હતી. તેણે જે લખ્યું હતું તે વાંચીને મને આનંદ થયો હતો. તે જરૂરમંદ વ્યક્તિ જેનો જીવંત ઈશ્વર દ્વારા ઉદ્ધાર - બચાવ થયો હતો તેનું પવિત્ર અને આધ્યાત્મિક વર્ણન હતું. તે સાચે જ સારું હતું. પોતાની મહાન દયામાં ઈશ્વરે પોતાના અપરિવર્તનીય સત્ય અને અદ્‌ભુત પ્રેમના પ્રકાશ દ્વારા તેનો આધ્યાત્મિક અંધાપો દૂર કર્યો હતો અને તેને નિરાશા તથા મરણમાંથી મુક્ત કર્યો હતો.

મારા મિત્રના અંધાપાની જેમ વ્યક્તિની આધ્યાત્મિક મૂંઝવણને કારણે ઈશ્વરે પોતાનું પ્રકટીકરણ પુસ્તક જેને બાઈબલ કહેવામાં આવે છે તેમાં કર્યું છે. જો તમે બાઈબલ એક માત્ર ભરોસાપાત્ર આધ્યાત્મિક સૂચિનો **અસ્વીકાર** કરશો તો તમે પોતાને ભ્રમ અને ક્ષતિમાં કેદ કરી દેશો. પરંતુ ઈશ્વર માટેની તમારી શોધ કે ઝંખનામાં તમે શિક્ષણ મેળવવાના ખુલ્લા મન સાથે બાઈબલ **તરફ** ફરશો તો તમને આવશ્યક છે તેવો સઘળો આધ્યાત્મિક પ્રકાશ અને માર્ગદર્શન તમને તેમાં પ્રાપ્ત થઈ શકશે.

ઈશ્વરે પોતાને જાહેર કર્યા છે તે રીતે એક માત્ર બાઈબલ દ્વારા આપણે સ્પષ્ટ સમજણ મેળવી શકીએ છીએ. આ પુસ્તકમાં આપણને ખરેખર સત્યનો, ઈશ્વરના વચનનો, જગતના પ્રકાશનો પરિચય કરાવવામાં આવ્યો છે.

હે પ્રભુ, તમારું વચન વળગી રહે
અને અમારા માર્ગનો દર્શક બને,
જે તેના સત્યને સ્વીકારે
પ્રકાશ અને આનંદ તે પામે.

### *વિચાર કરવા થોભો*

૧. ભવિષ્યના પ્રસંગોની ભરોસાપાત્ર આગાહી કરી શકે તેવી બીજી કોઈ હસ્તપ્રતો અથવા "પવિત્ર લેખનો" છે કે જેની સરખામણી બાઈબલ સાથે થઈ શકે ?

૨. બાઈબલના સંદેશાનો સ્વીકાર કરવાને લીધે જેઓના જીવનોમાં પરિવર્તન આવ્યું છે તેવા લોકોને તમે વ્યક્તિગત રીતે ઓળખો છો ?

૩. તમે બાઈબલના અજોડ શિક્ષણના મહત્ત્વને ઘટાડ્યું હોય અને સાથે સાથે ખુલ્લા મનથી તેનું વાંચન કરવાનો તમે કદીપણ નકાર કર્યો છે ?

*સ્વર્ગ અને પૃથ્વીની સમસ્યાઓ જો કે તેઓ સાથે મળીને આપણને મોઢામોઢ કરે છે અને ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે, તેમનું સ્વરૂપ કેવું છે, અને નૈતિક વ્યક્તિઓ તરીકે તેમના સંબંધી આપણે શું કરવું જોઈએ તે એક વખત પામી લીધા પછી ઈશ્વરની દિગ્મૂઢ કરનારી સમસ્યા સાથે કોઈપણ સરખામણી કરવાજોગ રહેશે નહિ.*

*એ.ડબલ્યુ. ટોઝર*

# પ્રકરણ ૩

# ઈશ્વરનું સ્વરૂપ કેવું છે ?

કોઈક સમયે મોટાભાગના લોકોએ પૂછયું છે : ''ઈશ્વર કેવા દેખાય છે?'' જો કે ઈશ્વરે આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપ્યો છે તેમ છતાં ઈશ્વર બાઈબલમાં પોતાના સંબંધી શું જણાવે છે તે વાંચવાને બદલે ઘણા હજુ પણ પોતાની કલ્પનાઓ અને ધારણાઓ પર આધાર રાખવાનું પસંદ કરે છે.

આવા લોકો બાઈબલના મહત્ત્વના વિધાનને અવળું કરે છે. ત્યાં ઈશ્વરે કહ્યું : ''આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ.'' (ઉત્પત્તિ ૧:૨૬) તેઓ કહે છે, ''આવો, આપણે પોતાના સ્વરૂપ પ્રમાણે ઈશ્વરને બનાવીએ.'' અને એમ તેઓ ''અવિનાશી ઈશ્વરના મહિમાને બદલે નાશવંત માણસ''ની પ્રતિમા બનાવે છે. (રોમન ૧:૨૩) માણસ દ્વારા સર્જન કરેલો પ્રત્યેક 'દેવ' સંપૂર્ણ સામર્થ્ય વિનાનો છે અને કેટલીક વખત તો વિચિત્ર પણ હોય છે.

વ્યક્તિ ગમે તેટલી હોંશિયાર કેમ ન હોય પણ તે દુન્વયી જ્ઞાન-ડહાપણ દ્વારા જીવતા ઈશ્વરને શોધી શકતી નથી. ''... જગતે પોતાના જ્ઞાન વડે ઈશ્વરને ઓળખ્યો નહિ'' (૧ કરિંથી ૧:૨૧). જો ઈશ્વરને માણસની હોંશિયારી દ્વારા શોધી શકાય તેમ હોય તો તે ઈશ્વર ખૂબ નાનો હશે. એટલું જ નહિ પણ જો ઈશ્વરની શોધ કરવા માટે માનવીની હોંશિયારીની આવશ્યકતા હોય તો પછી હોંશિયારી ધરાવતા નથી તેવા લોકો તેમના માટેની પોતાની શોધમાં ગેરલાભ અનુભવશે. પણ વસ્તુસ્થિતિ આ પ્રમાણે નથી.

તેની વિરૂદ્ધમાં આધ્યાત્મિક ડહાપણ પ્રત્યેક માટે ઉપલબ્ધ છે. તે આફ્રિકાની 'અભણ સ્ત્રી' માટે જેટલું ઉપલબ્ધ છે તેટલું જ યુનિવર્સિટીના પ્રાધ્યાપક માટે છે. કારણ કે આધ્યાત્મિક ડહાપણ કેળવણીની પ્રક્રિયા દ્વારા સંપાદન થઈ શકતું નથી. તે સર્વ લોકો જેઓ તેમના માટેની પોતાની શોધમાં ઈશ્વરની સહાય મેળવવાનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરે છે તેઓ પ્રત્યેક માટે ઉપલબ્ધ છે.

> *તમારામાંનો જો કોઈ જ્ઞાનમાં અપૂર્ણ હોય, તો દેવ જે સર્વેને ઉદારતાથી આપે છે, ને ઠપકો આપતો નથી, તેની પાસેથી તે માગો, એટલે તેને તે આપવામાં આવશે. (યાકૂબ ૧:૫) આ પ્રકારનું જ્ઞાન જગતનું નથી પરંતુ સ્વર્ગનું છે. આ જમાનાના અધિકારીઓ (એટલે દુનિયાની વ્યવસ્થા દ્વારા કાર્ય કરનારા અધિકારીઓ)માંના કોઈને તે (જ્ઞાન) ની ખબર નથી... જગતનો આત્મા નહિ, પણ જે આત્મા દેવ તરફથી છે તે પામ્યા છીએ. જેથી દેવે આપણને જે વાનાં આપેલાં છે તે અમે જાણીએ. (૧ કરિંથી ૨:૮,૧૨)*

બાઈબલ કેવળ ધાર્મિક મહાનિબંધ નથી, પણ તે ઈશ્વરે માનવજાતને પોતાનું પ્રકટીકરણ કઈ રીતે કર્યું તેની મૂળભૂત નોંધ છે. અને ઈશ્વર કોણ છે અને તે તમારા જીવનમાં શું કરવાની ઇચ્છા રાખે છે તે તમારે સમજવાની જરૂર છે તેવું આત્મિક જ્ઞાન-ડહાપણ એકલા તે જ તમને આપી શકે છે.

**જો તમે એકલા તેમને પૂછો તો ઈશ્વર પોતાના પવિત્ર વચન મારફતે પોતાને તમારી સમક્ષ પ્રગટ કરશે.**

અમારી મુસાફરીમાં અસાધારણ સ્થળો જેમ કેટલાક લોકો ગણાવે છે તેની અને અસંભાવ્ય લોકો મધ્યે અમે ગહન આધ્યાત્મિક અભિરૂચિ અને આંતરસૂઝ મેળવી શક્યા છીએ. ઉદાહરણ તરીકે એક દિવસ કેનિયાના જંગલમાં અમારી મુલાકાત યુવાન આફ્રિકન છોકરાઓ જેઓ પોતાના

વિશ્વાસની રજૂઆત કરવામાં અને ઈશ્વરની વાતો સંબંધી વધુ શીખવામાં કેવળ અભિરૂચિ રાખનાર દેખાતા હતા તેઓની સાથે થઈ.

વિષુવવૃત્તીય સૂર્ય ક્ષિતિજ નીચે ઝડપભેર ગરકાવ થઈ ગયો તેની સાથે લાંબા અને વ્યસ્ત દિવસનો અંત આવ્યો. કેનિયાના ધૂળવાળા રસ્તાની કોરે ખડક ઉપર થોડી ક્ષણો આરામ કરવા હું બેઠો ત્યારે જંગલની ઝાડીમાં થએલો ખળભળાટ મેં સાંભળ્યો. મેં પાછળ ફરીને જોયું તો પૂનમના એ નિસ્તેજ કિરણો આફ્રિકન છોકરાની કાળી મોટી આંખોમાં પરાવર્તિત થતા મેં નીહાળ્યા. થોડી ક્ષણોમાં આ દસ વર્ષની ઉંમરનો છોકરો ખડક ઉપર મારી પાસે ગોઠવાઈને બેસી ગયો. અમે ખૂબ ઝડપથી એકબીજાના મિત્રો બની ગયા. અન્ય છોકરાઓએ અમારો અવાજ સાંભળ્યો અને અમે શું વાતો કરી રહ્યાં છીએ તે સાંભળવા બધી જગ્યાએથી ભેગા થઈ ગયા. બાઈબલ વિશેના તેઓના જ્ઞાને મને ખૂબ પ્રભાવિત કર્યો.

મારા નાના મિત્રએ પૂછયું, "ઈશ્વરે પોતાનું મુખ મૂસાને શા માટે જોવા દીધું નહિ ?"

આવા પ્રશ્નથી આકર્ષિત થયા પછી મેં પ્રત્યુત્તર આપતા યુવાન જોએલને પૂછયું કે ઈશ્વરે તેને કહ્યું, "તું મારી પીઠ જોશે પણ મારું મુખ જોવા પામશે નહિ" (નિર્ગમન ૩૩:૨૩) તે અગાઉ મૂસાએ કરેલી પ્રાર્થનાને તું યાદ કરી શકે છે.

ઈશ્વરનો મહિમા જોવો તે કેવું દિગ્મૂઢ કરનારું હશે તે વિશે મૂસા જાણતો નહોતો. તેમ છતાં ઈશ્વર પોતાનું પ્રકટીકરણ કરનાર અને મનુષ્યોને પોતાની સમક્ષતામાં લાવવાની ઈચ્છા રાખતા હોવાને લીધે મૂસા પ્રબોધક તરીકે જેટલું ખમી શકે તેટલું પોતાનું દર્શન તેને કરાવ્યું હતું. જો ઈશ્વરે પોતાનું સંપૂર્ણ પ્રકટીકરણ દર્શાવ્યું હોત તો તેમની સમક્ષતાના તેજસ્વીપણા દ્વારા મૂસા સંપૂર્ણપણે ભસ્મ થઈ શકે તેમ હતો. જો કે ઈશ્વરે મૂસાથી પોતાના મહિમાની સંપૂર્ણતાને ઢાંકી રાખી હતી. જ્યારે ઈશ્વર મૂસા પાસેથી પસાર થયા ત્યારે મૂસા "ખડકની ફાટમાં હતો" (નિર્ગ. ૩૩:૨૨) અને હજુ પણ તેને ઢાંકી રાખવાની જરૂર હતી.

વિષુવવૃત્તીય પ્રદેશમાં રહેનારા મારા યુવાન મિત્રો સારી રીતે જાણતા હતા કે ભરબપોરે પોતાની આંખો ઉપર આચ્છાદન કર્યા વિના સૂર્યના તેજસ્વી કિરણોને તેઓ નિહાળી શકતા નથી. તેઓ એ પણ જાણતા હતા કે પાંખોવાળા જીવડાં અંધારી રાત્રે અજવાળા તરફ આકર્ષાતા હતા. જો આ જીવડાં પ્રકાશના સ્ત્રોતની ખૂબ નજદીક આવતાં તો શું થતું હતું તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં તેઓએ એક સાથે પ્રત્યુત્તર આપ્યો : "તેઓ મરણ પામતા." વધુ તેજસ્વી પ્રકાશની નજદીક આવવાના ભય વિશે તેઓ સ્પષ્ટપણે સજાગ હતા.

મેં એક બીજા ઉદાહરણનો વિચાર કર્યો કે જે તેઓના પ્રશ્નની સમજણ આપવામાં તેઓને મદદરૂપ બની શકે. મારા સર્વ યુવાન મિત્રો પોતાના નાના ભાઈઓ અને બહેનોને કપડામાં વીંટાળી રાખતા અને માતાના પ્રેમ અને કોમળ સંભાળમાં પોતાની છાતીએ તેઓની સલામતી માટે બાંધી રાખવામાં આવતા હતા તે વિશે જાણતા હતા. તે પછી મેં તેઓને ઈશ્વરે પૃથ્વીની આસપાસ વીંટાળેલું છે (અયૂબ ૩૮:૯) તેવા વસ્ત્ર વિશે જણાવ્યું.

(વૈજ્ઞાનિકો તેને ઓઝોનવાયુના આવરણ તરીકે ઓળખે છે. આ એલોટ્રોપીક ઓક્સીજનનું નાજુક આવરણ (વસ્ત્ર) સૂર્યમાંથી આવતા નુકશાનકારક અલ્ટ્રાવાયેલેટ કિરણોને નીતારી લે છે. અલબત, સૂર્ય વિના પૃથ્વી પર જીવન શક્ય નથી. પરંતુ ઈશ્વરની માયાળુ કાળજી આપણને સૂર્યની વધુ પડતી ગરમીથી અને તેની અસરોથી થતા કેન્સરથી આપણું રક્ષણ કરે છે).

મારા નાના મિત્રો જ્યારે મેં સરળ શબ્દોમાં ઈશ્વરના આવરણ કરેલા વસ્ત્ર વિશે સમજાવ્યું કે તે આપણને ભયંકર અગ્નિદાહથી રક્ષણ આપે છે ત્યારે તેમાં તેઓની વિશેષ અભિરૂચિ દેખાતી હતી. મેં જે કંઈ કહ્યું તે બધાની તેઓને સમજણ પડી કે નહિ તે હું જાણતો નથી પરંતુ તેઓના અંતઃકરણોએ ઈશ્વરના પ્રેમ અને તેમના મહિમાને કોમળ પ્રતિસાદ આપ્યો હતો અને સાથે મળીને અમે પ્રાર્થનામાં કિંમતી સમય પસાર કર્યો હતો. તેઓ વ્યક્તિગત રીતે આખરે જાણતા થયા કે ઈશ્વર માટેની પોતાની ઝંખનામાં મૂસાને

આપવામાં આવ્યું હતું તેવું જ રક્ષણ તેઓ પણ આનંદી શકે છે. અને ઈશ્વર કેવા દેખાય છે તેની આપણી પોતાની મૂળભૂત સમજણમાં બાઈબલ આપણને જણાવે છે કે, ''પ્રભુ આપણા ઈશ્વર તે **એકલા જ ઈશ્વર છે.**'' (પુનર્નિયમ ૬:૪) તેમના વ્યક્તિત્વનું ઐક્ય સત્યનો આધારસ્તંભ છે.

**પરંતુ ઈશ્વર કેવા દેખાય છે તેની સંપૂર્ણ સમજણ આપણને આપવા માટે ઈશ્વરે પોતાના નામો પણ આપણને જણાવ્યા છે.**

બાઈબલમાં નામોને હંમેશા મહત્ત્વના ગણવામાં આવે છે, કારણ કે તેઓના અર્થ ધારકના ચરિત્ર્યની ચોક્કસ વાતોને પરાવર્તિત કરતું હોય છે. ઈશ્વરનો ઉલ્લેખ કરવામાં વપરાયેલા પ્રત્યેક નામનો ખૂબ વિશેષ અર્થ છે અને તેમના દિવ્ય વ્યક્તિત્વના અજોડ પાસાને પ્રગટ કરનારું છે.

જૂના કરારમાં ઈશ્વર માટે ત્રણ પ્રાથમિક નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. યહોવા, એલોહિમ અને અદોનાઈ. પ્રત્યેકનું વિશેષ વિશેષ મહત્ત્વ છે. એલોહિમ નામનો પ્રથમ ઉપયોગ થયો છે. અને લગભગ બે હજાર વખત તેનો ઉલ્લેખ થયો છે. જો કે યહોવા નામ સર્વોપરી છે તોપણ તેમના એલોહિમ નામના મહત્ત્વ અને અગત્યતાને આપણે વીસરી જઈએ તેવું ઈશ્વર ઈચ્છતા નથી. તો તેનો અર્થ શું થાય છે ?

અંગ્રેજી ભાષામાં જ્યારે આપણે એકની વાત કરીએ છીએ ત્યારે એકવચનનો અને એક કરતાં વધારેની વાત કરીએ ત્યારે બહુવચનનો કરીએ છીએ. તેમ છતાં આપણે એક કરતાં વધારે બહુવચન વાપરીએ પણ મૂળ હિબ્રૂ ભાષામાં વધારે સ્પષ્ટતા છે. તે 'બે'નો ઉલ્લેખ કરતા 'દ્વંદ્વ' અને બે કરતાં વધારે માટે 'બહુવચન'નો ઉપયોગ કરે છે. દ્વંદ્વ અને બહુવચન ('બે' અને 'ત્રણ કે વધારે') વચ્ચેનો તફાવત ખૂબ મહત્ત્વનો છે. એલોહિમ ઈશ્વર માટે બાઈબલમાં વપરાયેલું પ્રથમ નામ છે. હિબ્રૂ ભાષામાં એલોહિમ - સર્જનકર્તા - ઈશ્વરનો ઉલ્લેખ - એ એકવચન કે દ્વંદ્વ નથી પરંતુ બહુવચનમાં છે.

''આદિએ દેવે (એલોહિમે) આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં.'' (ઉત્પત્તિ ૧:૧). તેથી આપણને જોવા મળે છે કે બાઈબલની સૌથી પ્રથમ કલમમાં - જે માનવજાતને ઈશ્વરનું પોતાનું પ્રકટીકરણ છે - ત્રિએકતાનો

અને ઈશ્વર કોણ છે તે ત્રણમાં એક છે તે વિચાર સમજાવવામાં આવ્યો છે. આ ત્રણ વ્યક્તિની એકતાને કેટલીક વખત ત્રિએકતા કહેવામાં આવે છે.

ઈશ્વરની ત્રિએકતાનો પ્રથમ ખ્યાલ આપ્યા પછી આપણે મનુષ્યના કરેલા ઈશ્વરના સર્જનની નોંધ પાસે આવીએ છીએ. અને ઈશ્વરે કહ્યું, ''આપણે પોતાના સ્વરૂપ અને પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ'' (ઉત્પત્તિ ૧:૨૬)* અંગ્રેજી ભાષા પ્રમાણે 'us' (આપણે) અને 'Our' (આપણી) બંને શબ્દો બહુવચન છે તે વિશે કોઈપણ વ્યક્તિ ભૂલ કરશે નહિ. પરંતુ આશ્ચર્યજનક રીતે તેની પછીની જ કલમમાં આપણે વાંચીએ છીએ : ''તેણે તેઓને નરનારી ઉત્પન્ન કર્યાં'' (ઉત્પત્તિ ૧:૨૭). અહીં 'તેણે' શબ્દ એક જ વ્યક્તિનો ઉલ્લેખ કરે છે તે ખૂબ સ્પષ્ટ છે. તેથી 'એક' અને 'એક કરતાં વધારે' તરીકેના ઈશ્વર માટેના આ પ્રત્યેક સંદર્ભો ઈશ્વર જેમણે એલોહિમ તરીકે અગાઉથી પોતાને રજૂ કર્યા છે તેમના માટે છે.

આવા ઈશ્વર જગીક જ્ઞાન - ડહાપણની ક્ષમતાથી સમજવા અતિ ઘણા પર છે. તેથી આપણી સમજણમાં આપણને સહાય કરવા ઈશ્વરે કૃપાળુ બનીને ''જગતનો આત્મા નહિ પણ ઈશ્વરે પોતાનો આત્મા આપણને આપ્યો છે જેથી આપણે ઈશ્વરનાં અજાયબ અને વિનામૂલ્યે પ્રાપ્ત થયેલ કૃપાદાનો તથા આશિષો વિશે સમજી શકીએ'' (૧ કરિંથી ૧૨:૨) ઈશ્વર કેવા છે તેની આ પ્રારંભિક સમજણ સાથે શરૂ કરીને બાઈબલ ધીમે ધીમે તેમની રહસ્યમય ત્રિએકતાને ખુલ્લી કરે છે. ઈશ્વર કોણ છે તેમના વ્યક્તિત્વની આ ત્રણમાં એક અને એકમાં ત્રણની સમજણ તમે સાતમા પ્રકરણનું વાંચન કરશો ત્યારે તમારા માટેના તેમના આશ્ચર્યજનક પ્રેમની વધુ સંપૂર્ણપણે પ્રશંસા કરવા માટે તમને સહાય મળશે.

---

* પુરુષ અને સ્ત્રીના સર્જનને વનસ્પતિ જગતના સર્જન સાથે કે પછી પ્રાણી જગતમાં સૌથી ઊંચા સ્વરૂપની ઉત્ક્રાંતિ સાથે કદી જ એક સમાન ગણાવી શકાય નહિ તેની નોંધ કરવી મહત્વની છે. પુરુષ અને સ્ત્રીનું સર્જન ''ઈશ્વરની પ્રતિમા'' પ્રમાણે કરવામા આવ્યું અને તેથી તે ઈશ્વરના અદ્‌ભુત સર્જનાત્મક કાર્યમાં સર્વોચ્ચ શિખરે આવેલું અજોડ સર્જન છે. આ પુસ્તકમાં આગળ જતાં તમે ખરેખર કોણ છો તેની આ અજોડતાની ખાતરી તમને મળશે.

તેમના પ્રેમની મહાનતાની કોઈક સમજણ આપવામાં આપણી સહાય કરવા ઈશ્વરે સમગ્ર બાઇબલમાં પોતાનું પ્રગતિ પામતી રીતે પ્રકટીકરણ આપ્યું છે. ત્યાં આપણને ઈશ્વર પિતાની, ઈશ્વર પુત્રની અને ઈશ્વર પવિત્ર આત્માની ઓળખ આપવામાં આવી છે. તેમ છતાં તેમણે પોતાનું પ્રકટીકરણ કેવળ એક અને એક માત્ર ઈશ્વર તરીકે કર્યું છે. આપણા માનવી મનો આ વિચારની કેવળ કિનારીને જ ગ્રહણ કરી શકે છે. મનુષ્ય માટે આવા જીવંત અને સાચા ઈશ્વરને શોધવા અને તેમના સુધી પહોંચવાનું અશક્ય હોવાને લીધે તેમણે પોતે પહેલ કરી અને મનુષ્ય સમક્ષ પોતાનો પરિચય આપ્યો.

ઈશ્વરના સંપૂર્ણ પ્રકટીકરણના મહિમા અને પવિત્રતાને મૂસાની આંખોથી ઢાંકવામાં આવ્યા હતા. તેમ છતાં ઈશ્વર પુત્રના વ્યક્તિત્વમાં એલોહિમે માણસ સ્વીકારી શકે તેટલે અંશે પોતાને પ્રગટ કર્યા હતા.

તે પ્રમાણે આપણે નવા કરારમાં વાંચીએ છીએ :

*“કેમકે જે દેવે અંધારામાંથી અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું, તેણે આપણાં હૃદયમાં પ્રકાશ પાડ્યો છે, કે જેથી તે ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે.” (૨ કરિંથી ૪:૬)*

આ વાતનો વિચાર કરો : યોહાને જ્યારે ઈસુ ખ્રિસ્તનું મોં નીહાળ્યું હતું ત્યારે તેણે જાહેર કર્યું, “અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો” (યોહાન ૧:૧૪).

પછી યોહાને ઈશ્વર સાથેની પોતાની વ્યક્તિગત મુલાકાત બાદ લખ્યું હતું અને તેણે ઈસુના વ્યક્તિપણામાં એલોહિમની મુલાકાત કરી હતી તે કારણને લીધે જ વાત રજૂ કરવાને તે જીવતો રહ્યો હતો ! તેમ છતાં તેણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેની મુલાકાત હકીકતમાં અનંતતાના ઈશ્વરની, સર્જનના ઈશ્વરની, મૂસાના ઈશ્વરની સાથે થઈ હતી.

તે સાચે જ આશ્ચર્યજનક હતું તોપણ યોહાન અને તેના સર્જક ઈશ્વર વચ્ચેની આ વ્યક્તિગત મુલાકાત શ્રાવ્ય, દશ્ય અને સ્પર્શજન્ય હતી.

*"જે આરંભથી હતું, જે અમે સાંભળ્યું (તેની શ્રાવ્ય મુલાકાત), જે અમે પોતાની આંખે જોયું (તેની દશ્ય મુલાકાત), જેને અમે નિહાળ્યું .....જેને અમે અમારે હાથે સ્પર્શ ક્યો (તેની સ્પર્શજન્ય મુલાકાત). (૧ યોહાન ૧:૧)*

ના, યોહાનના પત્રમાં આપણે જે નોંધનું વાંચન કરીએ છીએ તે કોઈ વ્યક્તિગત સંબંધ વિનાની ઈશ્વરવિદ્યા નથી. તે જીવંત ઈશ્વર સાથેની તેની પોતાની મુલાકાતમાંથી વહી રહેલી છે.

તમે કહેશો, "આ બધી વાતો આજના દિવસોમાં મને કેવી રીતે મદદરૂપ બની શકે ?" યોહાન તે પ્રશ્નનો તત્કાળ ઉત્તર આપે છે, "અને તમારો આનંદ સંપૂર્ણ થાય માટે એ વાતો અમે લખીએ છીએ" (૧ યોહાન ૧:૪). અને તેવી જ રીતે આ પુસ્તક તમે હમણાં વાંચન કરી રહ્યાં છો તે તમારા હાથોમાં છે કારણ કે તમે જીવતા ઈશ્વરની ઓળખ - મુલાકાત કરો ત્યારે તમે પણ આનંદની આ સંપૂર્ણતા અનુભવી શકો તેવું એક મિત્ર ચાહે છે.

યોહાન વધુમાં જણાવે છે.

*"હા, અમારી સાથે તમારી પણ સંગત થાય, એ માટે જે અમે જોયું તથા સાંભળ્યું છે, તે તમને પણ કહી દેખાડીએ છીએ, અને ખરેખર, અમારી સંગત બાપની સાથે તથા તેના પુત્ર ઈસુ ખ્રિસ્તની સાથે છે; અને તમારો આનંદ સંપૂર્ણ થાય, માટે એ વાતો અમે લખીએ છીએ." (૧ યોહાન ૧:૩,૪)*

હા, જેમ રાત્રીના ઘોર અંધકારમાં પ્રકાશ આકર્ષે છે તેમ ઈશ્વરના મહિમાનો પ્રકાશ હજુપણ માણસોને પોતાની તરફ દોરી લાવે છે. ઈશ્વર કેવા દેખાય છે તેવું જાણવાની આજના દિવસની તમારી ઈચ્છામાં તમે પણ મૂસા સાથે પ્રાર્થના કરી શકો, "તમારા મહિમાનું દર્શન મને કરાવો."

### *વિચાર કરવા થોભો*

૧. ઈશ્વર માટે તમારી ઝંખનામાં શું તમે કાળજીપૂર્વક બાઈબલનું વાંચન કર્યું છે ?

૨. તમે બાઈબલનું વાંચન કરો છો ત્યારે ઈશ્વર પોતાનું પ્રકટીકરણ કરે તેવી વિનંતી શું તમે તેમને કરશો ?

   સૂચિત પ્રાર્થના : "હે ઈશ્વર, જો તમે આ સૃષ્ટિનું સર્જન કરનાર છો અને મારા પર પ્રેમ રાખો છો તો તમારું પોતાનું પ્રકટીકરણ મારી સમક્ષ કરો અને ઈસુ ખ્રિસ્ત વચન અપાયેલા મસીહા તમારા પુત્ર છે તે મને દર્શાવો.

૩. શું તમે અનુભવો છો કે જો તમારે સાચે જ ઈશ્વરની ભક્તિ કરવી હોય તો તે આ મુજબના હોવા જોઈએ:

   માનવી શોધખોળ દ્વારા તેમને શોધી કાઢવાની તમારી ક્ષમતા કરતાં વધારે મહાન, તમારા માનવી મનમાં તેમની સંપૂર્ણ સમજણ મેળવવાની તમારી ક્ષમતા કરતાં વધારે મહાન હોવા જોઈએ ?

*મને લાગે છે કે માનવી પ્રકૃતિ વિશે હું કાંઈક જાણું છું*
*અને ઈતિહાસના પ્રાચીન યુગના સઘળા શૂરવીરો*
*મનુષ્યો હતા તે હું તમને જણાવું છું. અને હું એક*
*માનવી છું પરંતુ ઈસુ ખ્રિસ્ત માનવ કરતાં*
*કાંઈક વધારે હતા તેમના જેવો માનવી નથી.*

*નેપોલિયન*

# પ્રકરણ ૪

# લોકોને ખરેખર શું વિભાજીત કરે છે ?

આજના દિવસોના વિશ્વને વૈશ્વિક ગામ તરીકે વર્ણવવામાં આવે છે. તેમ છતાં વિરોધી પાડોશી દ્વારા ઘેરાયેલી વસતીને લીધે આ વૈશ્વિક ગામ વસવાટ કરવા માટે વધુ પડતું ભયજનક સ્થાન બની રહ્યું છે.

પ્રથમ દૃષ્ટિએ તો રાજકીય, આર્થિક, કૌટુંબિક અને ઔદ્યોગિક વિટંબણાઓએ આવરી લીધેલી વ્યાપક અસરને લીધે માનવજાત વિભાજીત થએલી હોય તેવી સમસ્યા લાગે છે. જો કે આ સમસ્યાના ક્ષેત્રો વધારે પ્રમાણમાં અને નિરાશાજનક રીતે લોકોને અલગ પડી જવાનું કારણ બની રહે છે. છતાં જેને ઓછું ઓળખવામાં આવ્યું છે તેવું લોકોની એકલતા માટેનું વધારે મોટું કારણ આપણા વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે.

પ્રથમ, લોકો મધ્યેના વિભાજનના સ્પષ્ટ કારણોનો આપણે સંક્ષિપ્તમાં વિચાર કરીશું, અને તે પછી મુખ્ય કારણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીશું.

## સ્પષ્ટ વિભાજનો

**રાજકીય રીતે :** રાજકીય આગેવાનો એકબીજામાં ભય અને અવિશ્વાસ પ્રગટ કરે છે. જ્યારે તેઓ સમાધાન ન કરી શકાય તેવા મુદ્દાઓ - દૃષ્ટિકોણોનો સામનો કરે છે ત્યારે લશ્કર (સૈન્ય) તેઓના દેશની ભાવિ સલામતીની ખાતરી આપશે તેવી તેઓ આશા રાખે છે.

તે સમય દરમિયાન સંબંધિત નાગરિકો શાંતિ અને ન્યુક્લીયર હથિયારોની તિલાંજલીની તરફેણ કરતા પોતાનો અવાજ ઉઠાવે છે. વ્યંગાત્મક રીતે, આપણામાંના જેઓએ આ ‘શાંતિ’ના કેટલાએક નિદર્શનો ટેલિવિઝન પર નીહાળ્યા છે કે ભાગીદાર થનારની તેઓની વર્તણૂંક એવી હોય છે કે જેને લીધે યુદ્ધ કરવામાં આવે તેવા ધબકારાની ઝલક કેટલીક વખત આપતી હોય છે.

**આર્થિક રીતે :** ત્રીજા વિશ્વમાં વિશેષ રીતે તો કુદરતી હોનારતો જેવી કે દુકાળ, અનાવૃષ્ટિ, ભૂખમરો અને ધરતીકંપો વધતી જતી સમસ્યા છે. આ હોનારતો સમૃદ્ધ અને દરિદ્રી દેશો વચ્ચે આર્થિક રીતે મહાન તફાવતો ઊભા કરવા દ્વારા દુઃખ-વેદનામાં વધારો કરે છે. સહાય કરવાનો પ્રયત્ન કરનાર ઘણા લોકોની શુભેચ્છા અને બલિદાનો હોવા છતાં એવું દુઃખદ રીતે જોવા મળ્યું છે કે અનેક વખત શ્રીમંત વધારે શ્રીમંત બનતા જાય છે અને દરિદ્ર વધુ દરિદ્ર બનતા જાય છે.

**કૌટુંબિક રીતે :** આજના દિવસોમાં લગ્ન અને કૌટુંબિક જીવનના વિચ્છેદનોનો રોગચાળો વ્યાપક બન્યો છે તે છુપું રહેલું નથી. લેટસોએલે પોતાની આંખોમાં આંસુ સાથે કહ્યું, “મારું ઘર ખંડિત થયું છે.” મને તો એમ લાગ્યું કે તેનું ચાર દીવાલવાળું આફ્રિકન ઝૂંપડું વિનાશ પામ્યું છે. પણ થોડી જ ક્ષણોમાં મને સમજાયું કે તેની પત્નીએ તેનો ત્યાગ કર્યો છે તેવું મને જણાવવાનો લેટસોએલનો આ સૌમ્ય માર્ગ હતો, જે ‘ખંડિત’ શબ્દ દ્વારા તેણે અભિવ્યક્ત કર્યું હતું. આજના દિવસોમાં જેમ સ્વાર્થી જીવનશૈલી પ્રેમના સંબંધોનો વિનાશ કરે છે તેમ અનેક ‘ઘરો’ ‘ખંડિત’ થયા છે. (તેમ છતાં જે કોઈ યુગલ પોતાના લગ્નજીવનને કાયમી ઐક્યમાં સમારવાની ઈચ્છા રાખે છે તેઓ માટે ઈશ્વરનો પ્રેમ પ્રાપ્ય છે તે વિશે આપણે આગળના પ્રકરણમાં દૃષ્ટિ કરીશું.)

**ઔદ્યોગિક રીતે :** કાર્યના સ્થળોમાં આપણે અસંતોષ અને દબાણો સંબંધી સાંભળવાને ટેવાય ગયા છીએ. બ્રીટનમાં ૧૯૮૫ના પ્રારંભમાં વીસમી સદીના સૌથી વિકટ ઔદ્યોગિક વિખવાદનો અંત લાવવામાં આવ્યો હતો. જો કે હડતાલ અને હિંસક તોફાનો શેરીઓમાં દેખાતાં બંધ થયાં હતાં.

છતાં કામદાર-મેનેજમેન્ટ સંબંધોમાં અને ઔદ્યોગિક સમાજમાં વિલંબિત તિરસ્કાર અને કડવાશના ખુલ્લા ઘા સતત જોવા મળતા હતા. સને ૧૯૦૪માં આ જ પ્રમાણેના ઔદ્યોગીક અજંપા પછી વેલ્સની કોલસાની ખાણના સંબંધમાં કામદાર-મેનેજમેન્ટ વચ્ચેના સંઘર્ષોનો અંત આવ્યો તેના પરિણામોથી આ પરિસ્થિતિ કેવી ભીન્ન છે. જોન પેરીએ પ્રત્યક્ષ જોનાર તરીકેના અનુભવમાંથી આ વાત મને જણાવી હતી.

જોન સાથે મારી પ્રથમ મુલાકાત થઈ ત્યારે તે એકાણું વર્ષની ઉંમરના કોલસાની ખાણના નિવૃત્ત થએલા વ્યક્તિ હતા; સંપૂર્ણ અંધ અને અતિવ્યાપક ફેફસાનો રોગ જેને 'ખાણીયાઓનો રોગ' તરીકે ઓળખાય છે તેના દરદી હતા. મારી પત્ની અને મેં જ્યારે પણ શક્ય હોય ત્યારે ઉત્તર વેલ્સના તેમના ખાણીયા ઘરની મુલાકાત કરી હતી. સને ૧૯૦૪ અને ૧૯૦૫ની ધર્મજાગૃતિ દરમિયાન ઈશ્વરે ખાતરી અને સામર્થ્યમાં વ્યવહાર કરીને વેલ્સ દેશમાં તેમણે કેવું કાર્ય કર્યું હતું તે વિશે અમને જણાવતા, જોન, હ્દયપૂર્વકના હાસ્ય અને ભવ્ય આનંદ સાથે ખૂશી અનુભવતો હતો. તે સમયે ખાણીયાઓ અને તેઓના નિયોક્તાઓ જીવંત ઈશ્વરની ઓળખમાં આવ્યા હતા. તેના પ્રત્યક્ષ પરિણામ સ્વરૂપે તેઓ વાસ્તવિક સંગઠિતતા, સંપ અને એકબીજાના આદરનો અનુભવ કરતા હતા. સને ૧૯૦૫ અને ૧૯૮૫ વચ્ચે કેવો તફાવત હતો.

જોન તે દિવસોના સંભારણાંઓને પ્રતિબિંબિત કરતો ત્યારે ઊભરાતા આનંદ સાથે તે બોલતો. દારૂ માટેની માંગ હવે કોઈ રીતે જોવા મળતી ન હોવાને લીધે અસંખ્ય "દારૂના પીઠા"ઓનો ધંધો ઠપ થઈ જવાનું તે યાદ કરતો હતો. તે ખાણમાં પોતાના સાથી ખાણીયાઓ સાથે નીચે જવાનું અને ઈશ્વરની સ્તુતિનાં ગીતો સાથે મળીને ગાવાનું તે યાદ કરતો હતો. તે પ્રતિબિંબિત કરતો હતો ત્યારે તે વાગોળતો હતોઃ "લોકો હજુ સુધી મારી મુલાકાતે આવે છે અને ધર્મજાગૃતિ ક્યાં આવી હતી તેની પૃચ્છા કરે છે." પોતાની છાતી ઉપર ધબ્બો મારીને તે પ્રત્યુત્તર આપતો : તે અહીં ભિતરમાં છે અને તે સાચે જ હમણાં પણ છે !"

## *વાસ્તવિક વિભાજન*

આ વિભાજનો ભલે ગહન હોય પણ એવું કાંઈક છે જે ખૂબ ધ્યાનાકર્ષક અને કાયમી રીતે માનવજાતનું વિભાજન કરે છે. આ ભય અનેક દેશોની વર્તમાન સમયની સ્વસ્થતાનો વિનાશ કરવા ધમકીરૂપ છે. તમે નીહાળી શકો છો કે લોકો ઈશ્વર સંબંધીની તેઓની મૂંઝવણભરી સમજણ દ્વારા આખરે ભૂલ ખાઈ રહ્યાં છે !

માનવજાત સમક્ષના તેમના પ્રકટીકરણમાં ઈશ્વરે કદી જ તેમના દિવ્ય વ્યક્તિપણા સંબંધીના સત્યની બાંધછોડ કરી નથી. ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો તે અગાઉ ઈશ્વરે વચન આપ્યું હતું કે તે જેવા છે તે રીતે તેમને ઓળખવામાં લોકોની સહાય કરવા તે મહાન પ્રકાશ મોકલી આપશે. "અંધકારમાં ચાલનારા લોકે મહાન પ્રકાશ જોયો છે." (યશાયા ૯:૨) ઈશ્વરે આ પ્રકાશને કઈ રીતે ઓળખવો તે વિશે પણ વિગતવાર માહિતી આપી હતી : "કેમકે આપણે સારૂ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે." (યશાયા ૯:૬)

બાળકનો જન્મ થશે એટલું જ ઈશ્વરે કહ્યું હોત તો ચોક્કસ તે વિધાન સંબંધી કોઈ જ વિશેષ મહત્ત્વ રહ્યું નહોતું. આખરે બાળકોનો જન્મ હંમેશા થતો રહે છે ! બાળકનો જન્મ થવાનો હતો તે હકીકતને પુત્ર આપવામાં આવ્યો છે તે વચન સાથે જોડવામાં આવ્યું ન હોત તો ખરેખર તે નોંધ બીનમહત્ત્વની હતી. અને હવે એક વખતની જે આગાહી (ભવિષ્યવચન) હતી તે ઈતિહાસ બન્યો છે. કારણ કે ઈશ્વરે જે પ્રસંગ બનવાનો હતો તેવું કહ્યું હતું તે પ્રસંગ વાસ્તવમાં બની ગયો છે. બાળક જે પુત્ર તરીકેની બક્ષીસ હતી તેની મારફતે ઈશ્વરે અંધકારમાં ફાંફાં મારતા લોકો માટે પ્રકાશ મોકલ્યો હતો. હજુ આજે પણ તે પ્રકાશ અંધકારને દૂર કરે છે અને શંકા જે આપણી આંખો સમક્ષથી ઈશ્વરને કાંઈક રીતે ઢાંકી દે છે તેને દૂર કરે છે.

ઈશ્વરના અજોડ બાળકનો જન્મ અને અન્ય સઘળાથી તેમને અલગ પાડવાના તફાવત માટે ઈશ્વરે વચન આપ્યું હતું કે તેમના પુત્રનો જન્મ ચમત્કારીક 'ચિહ્ન' દ્વારા અધિકૃત કરવામાં આવશે : "તે માટે પ્રભુ પોતે

તમને ચિહ્ન આપશે, જુઓ, કુમારી ગર્ભવતી થઈને પુત્ર જણશે અને તેનું નામ તે ઈમ્માનુએલ પાડશે.'' (યશાયા ૭:૧૪)

તેમનું નામ ઈમ્માનુએલનો અર્થ જ 'ઈશ્વર આપણી સાથે' થાય છે તે કેવું અદ્‌ભુત છે. અને તેમના નામની મારફતે જે સમજાવવામાં આવ્યું હતું અને બાઈબલમાં નોંધવામાં આવ્યો છે તેવા શુંભસંદેશની પ્રશંસા કરવાની આપણે શરૂઆત કરીએ કે અન્ય બધા જ ધર્મોના શિક્ષણ કરતાં તે અલગ જ કે ભિન્ન છે. જ્યારે ખોટા ધર્મો મનુષ્ય કઈ રીતે ઈશ્વર પાસે ઉપર પહોંચી શકે તેવું દર્શાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે બાઈબલ ઈશ્વર મનુષ્ય પાસે કઈ રીતે નીચે આવ્યા તેની ઈશ્વરની નોંધ છે.

બાઈબલમાં નોંધવામાં આવ્યું છે તેમ જ્યારે ઈશ્વરે પૃથ્વી ઉપર શત્રુનો સામનો કરવા પોતાને સ્થાપિત કર્યા ત્યારે કુવારીએ બાળક ધારણ કર્યું હતું. અને તે દિવસે સૃષ્ટિના સર્જનકર્તાએ સમય અને અવધિમાં પોતાને સીમિત કર્યા તે હવે ઈતિહાસની વાત છે : ''પણ એ સંબંધી તે વિચારતો હતો એટલામાં પ્રભુના દૂતે તેને સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું, કે ઓ યુસુફ, દાઉદના દીકરા, તારી વહુ મરિયમને તેડી લાવવાને બી મા; કેમકે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે.'' (માથ્થી ૧:૨૦) અને તે પછી ઈસુનો જન્મ થયો અને તે વૃદ્ધિ પામ્યા ત્યારે તેમણે તેમના દૈવત્વની ખાતરી શત્રુ નાસ્તિકોની હાજરીમાં એમ કહેવા દ્વારા આપી હતી : ''હું અને પિતા એક છીએ.'' (યોહાન ૧૦:૩૦)

એપોલો XV ના અવકાશયાત્રી જીમ ઈરવિને લખ્યું : ''માણસ ચંદ્ર ઉપર ચાલે તેના કરતાં ઈશ્વર પૃથ્વી ઉપર ચાલે તે વધુ મહત્ત્વનું છે.'' માણસે અવકાશમાં સિદ્ધ કરેલા પરાક્રમને ઈશ્વરે અનંતતામાંથી બહાર આવી સમયના બંધનમાં સિમિત થયા તે ક્ષણના ચમત્કાર સાથે ચોક્કસપણે કદી જ સરખાવી શકાય નહિ.

બાળકનો જન્મ થશે અને પુત્ર આપવામાં આવશે તે ભવિષ્યવાણી આપવામાં આવ્યા પછી આ અજોડ વ્યક્તિની ભવિષ્યકથનીય 'ટૂંક નોંધ'ની વધારે વિગતો આપવામાં આવી : ''તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ,

સનાતન પિતા, ને શાંતિનો સરદાર એ નામ આપવામાં આવશે...તેની સત્તાની વૃદ્ધિનો તથા શાંતિનો પાર રહેશે નહિ." (યશાયા ૯:૬,૭) જો વ્યક્તિ સમગ્ર વિશ્વનો સફળતાપૂર્વક અધિકાર ચલાવનાર હોય તો પરાક્રમ અને હેતુ મિશ્રિત એવી આદરભાવની ચોક્કસ જરૂર જણાય. આજના દિવસોના વિશ્વમાં આજે પણ આપણે એવા આગેવાનો શોધીએ છીએ કે જેઓ કેવળ સત્ય પ્રમાણે કરવાનું જ્ઞાન ધરાવનાર જ નહિ પણ તેમ કરવાનું પરાક્રમ ધરાવનાર પણ હોવા જોઈએ. કેટલાક આગેવાનોને કયું કાર્ય કરવું જોઈએ તેવું જ્ઞાન ધરાવતા હોય છે પણ અવિરત શાંતિની સ્થિતિ સ્થાપવાનું પરાક્રમ અને જ્ઞાન ધરાવનાર એકપણ આગેવાન ઇતિહાસમાં થયો નથી.

શાંતિના સરદાર પાસે આ પૃથ્વી ઉપર કાયમી શાંતિ સ્થાપવાનું જ્ઞાન અને પરાક્રમ બંને છે. એક દિવસ પૃથ્વી ઉપર અધિકાર ચલાવવાને માટે ઈસુ પાછા આવશે. જ્યારે તે દિવસ આવશે ત્યારે સઘળા શાસ્ત્રસરંજામનું ઉત્પાદન બંધ થઈ જશે, પ્રત્યેક ન્યુક્લીયર બોમ્બને નાકામીયાબ બનાવાશે અને પ્રત્યેક સરહદના રક્ષકો અને સિપાઈઓને ભલાઈ અર્થે ઘરે રવાના કરવામાં આવશે.

માણસજાત ઉપર અધિકાર ચલાવવા માનવી કેવો લાચાર અને નિસહાય છે તેનું તેણે નિદર્શન કર્યું છે. સઘળા માટે શાંતિ અને ન્યાય એ ઘડીની પ્રતિક્ષા કરી રહ્યા છે કે જ્યારે શાંતિનો સરદાર વૈશ્વિક સામ્રાજ્યના રાજદંડ ઉપર પોતે સત્તા ચલાવશે ! પછી માણસો "પોતાની તરવારોને ચીપીને કોશો, અને પોતાના ભાલાઓનાં ધારિયાં બનાવશે; પ્રજાઓ એકબીજાની વિરૂદ્ધ તરવાર ઉગામશે નહિ અને તેઓ ફરીથી યુદ્ધકળા શીખશે નહિ. (યશાયા ૨:૪) તે શાંતિમય દિવસે "જેમ સમુદ્ર પાણીથી ભરપુર છે તેમ પ્રભુના મહિમાના જ્ઞાનથી પૃથ્વી ભરપૂર થઈ જશે." (હબાક્કૂક ૨:૧૪) ઇતિહાસનો તે સિવાય બીજો કોઈ સારાંશ અનંતતાના ઈશ્વરને સંતોષ આપશે નહિ.

પરંતુ સાર્વત્રિક શાંતિના તે દિવસ અગાઉ પ્રભુ ઈસુની દોરવણી નીચે લોકો મધ્યે ગહન અને વાસ્તવિક વિભાજન સ્પષ્ટપણે નીહાળી શકાશે. અને

આવનાર સંઘર્ષ ઈસુ ખ્રિસ્તના વ્યક્તિપણાની આસપાસ કેન્દ્રિત થએલો હશે.

**તેથી ઈસુ કોણ છે, તે શા માટે આવ્યા અને તે અહીં હતા ત્યારે તેમણે તમારા માટે શું કર્યું તે ખાતરીપૂર્વક તમારે જાણવું ખૂબ અગત્યનું છે.**

ઉત્પત્તિનું પુસ્તક અને યોહાનની સુવાર્તાનો એક સરખી રીતે પ્રારંભ થાય છે. ઉત્પત્તિમાં આપણે વાંચીએ છીએ : આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં'' (ઉત્પત્તિ ૧:૧). યોહાનમાં આપણે વાંચીએ છીએ : ''આદિએ શબ્દ હતો.. અને શબ્દ દેવ હતો'' (યોહાન ૧:૧). ઈશ્વર જેમને ઉત્પત્તિના પુસ્તકમાં એલોહિમ તરીકે સંબોધવામાં આવ્યા તેમનો ઉલ્લેખ ''શબ્દ'' તરીકે યોહાનની સુવાર્તામાં થયો છે. એલોહિમ શબ્દ છે અને તેમણે શરીર ધારણ કરીને તેમના પોતાના સર્જન મધ્યે વસવાટ કર્યો. શબ્દ સદેહ થયો અને આપણી મધ્યે વસ્યો. તેના સંપૂર્ણ પાઠમાં આ આદરયુક્ત વિધાન આપણે વાંચીએ છીએ :

> *આદિએ શબ્દ હતો અને શબ્દ દેવની સંઘાતે હતો અને શબ્દ દેવ હતો. તે જ આદિએ દેવની સંઘાતે હતો. તેનાથી સઘળું ઉત્પન્ન થયું એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ...તે જગતમાં હતો અને જગત તેનાથી ઉત્પન્ન થયું હતું, તો પણ જગતે તેને ઓળખ્યો નહિ. તે પોતાનાંની પાસે આવ્યો પણ પોતાના (લોકો) એ તેનો અંગીકાર ક્યો નહિ. પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવના છોકરાં થવાનો અધિકાર આપ્યો.. શબ્દ સદેહ થઈને આપણામાં વસ્યો (અને બાપનો એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો) તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો. (યોહાન ૧:૧-૩, ૧૦-૧૨, ૧૪).*

અનેક સદીઓ અગાઉના મૂસાની જેમ અને સઘળા સમયોના લોકોની જેમ શિષ્ય ફિલિપે પણ ઈશ્વરનું સ્વરૂપ કેવું છે તે જાણવાની ઇચ્છા પ્રગટ કરી હતી.

ફિલિપે ઈસુને વિશેષ વિનંતી કરતા કહ્યું હતું : "પ્રભુ, અમને બાપ દેખાડ" (યોહાન ૧૪:૮). આશ્ચર્ય પમાડે તે રીતે ઈસુએ પ્રત્યુત્તર આપ્યો હતો; "જેણે મને જોયો છે તેણે બાપને જોયો છે." (યોહાન ૧૪:૯). જો ઈસુ પોતે ઈશ્વર ન હોય તો પછી  આવો અચંબો પમાડનાર ઈસુનો પ્રત્યુત્તર તેમને વ્યર્થ અથવા છેતરનાર સમાન જ બનાવી શકે. પણ આ બંને બાબતોમાંનો એકપણ આરોપ તેમના પર મૂકવામાં આવ્યો નહિ. જો તે ઈશ્વર ન હતા તો તે જગતે કદી જાણ્યા નથી તેવા સૌથી મોટા ઢોંગી વ્યક્તિ બની શકતા હતા. તેથી આપણે સ્વીકારવું જ રહ્યું કે જ્યારે આપણે ઈસુને નીહાળીએ છીએ ત્યારે આપણે ઈશ્વરને નીહાળીએ છીએ.

ઈસુ કોણ છે તેની જાહેરાતના આ મુદ્દે લોકોએ વિભાજીત થવાની શરૂઆત કરી. એક અર્થમાં ઈસુએ કહ્યું, "હું અને પિતા એક છીએ" (યોહાન ૧૦:૩૦) ત્યારે તે આશ્ચર્યજનક નહોતું, કેટલાકે ઈશ્વર માટેની તેઓની ઝંખનાનો પ્રત્યુત્તર તેમનામાં નીહાળ્યો હતો. તેમ છતાં અન્ય જેઓ ઈશ્વર પોતાને આ રીતે નમ્ર કરે તેવી શક્યતાને સ્વીકારવા તૈયાર નહોતા તેઓએ વિરોધ સાથે પ્રતિભાવ આપ્યો. ઈસુએ કેટલાકને આકર્ષ્યા પણ અન્યને તરછોડી દીધા, જો કે તેમનું અનુસરણ કરનારા કેટલાએક હતા, પણ તેમના મરણનું કાવતરૂં ઘડનારા અન્ય કેટલાએક હતા.

> *ઈસુએ તેમના જીવનના સમય દરમિયાન પણ લોકોને વિભાજીત કર્યા હતા. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું : "જે મારા પક્ષનો નથી તે મારી વિરૂદ્ધ છે." (યોહાન ૧૨:૩૦)*

**તેમ છતાં, પ્રારંભિક પ્રતિભાવ કાયમી પ્રતિભાવ હોવાની જરૂર નથી.**

આવો, આપણે એક માણસનો વિચાર કરીએ કે જે શરૂઆતમાં ઈસુનો શત્રુ હતો પણ તેમનું અનુસરણ કરનાર બન્યો હતો. તેના પ્રારંભિક દિવસોમાં યહૂદી રાબ્બી શાઉલ ઈસુના અનુયાયીઓને એટલું બધું ધિક્કારતો હતો કે તે તેઓની સતાવણી કરતો અને તેઓનું મરણ નીપજાવવાની સંમતિ પણ મેળવેલી હતી. પરંતુ તેના બદલાણના અનુભવ પછી તેણે પોતાના પ્રભુ અને માલિક તરીકે ઈસુને માન આપવામાં જીવનના પછીના વર્ષો પસાર કર્યા હતા. છેવટે, તેણે ખ્રિસ્ત પ્રત્યેની પોતાની વફાદારીને કારણે ઘણી વધારે મુશ્કેલીઓ સહન કરી હતી. કઈ વાતને લીધે તફાવત આવ્યો હતો ?

જ્યારે શાઉલ દમસ્કસ તરફના માર્ગે મુસાફરી કરી રહ્યો હતો ત્યારે તેણે "મહાન પ્રકાશ" નીહાળ્યો હતો. તે પ્રકાશ એટલો તેજસ્વી હતો કે તેને થોડા સમય પૂરતો અંધાપો આવ્યો હતો. તેમ છતાં શાઉલ સહજ જ્ઞાનથી જાણતો હતો કે તે ઈશ્વરની સમક્ષતામાં હતો.

યહોવા માટેના ગ્રીક શબ્દનો ઉપયોગ કરીને તેણે પૂછ્યું, "પ્રભુ, તું કોણ છે ?" ઈશ્વરે પ્રત્યુત્તર આપ્યો, "હું ઈસુ છું કે જેને તું સતાવે છે." (પ્રેરિતોનાં કૃત્યો ૯:૫) તે દિવસે શાઉલને શીખવા મળ્યું કે યહોવા અને ઈસુ એક છે.

આ પ્રકટીકરણે ઈસુના શત્રુ તરીકેના શાઉલનું પરિવર્તન કરીને તેને પ્રેરિત પાઉલ બનાવ્યો. તે દિવસથી લઈને તેણે પોતાનું જીવન પ્રભુ ઈસુ ખ્રિસ્તને સંપૂર્ણપણે સમર્પિત કરી દીધું. તેના વિશ્વાસને લીધે તેણે ઘણું દુઃખ સહન કરવું પડ્યું છતાં તેણે ઈસુ આ પૃથ્વી પર આવ્યા હતા તે શુભસંદેશનો ફેલાવો સમગ્ર જીવનભર કર્યો હતો. પાઉલના જીવનમાં ઈસુ ખ્રિસ્તની વાસ્તવિકતાએ તેનું પરિવર્તન કરીને તેને સઘળા સમયનો મહાન મિશનરી બનાવ્યો હતો. તેના સઘળા પત્રો પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા અને તેમના માટે સઘળું સર્જન કરવામાં આવ્યું (કોલોસી ૧:૧૬) તેવી તેની સમજણથી ભરેલાં છે.

આપણે નીહાળ્યું છે કે બાઈબલ જાહેર કરે છે કે નાઝરેથના ઈસુ ઈશ્વરના એક માત્ર દીકરા છે અને મોર્મન્સ, યહોવાના સાક્ષીઓ અને બીજા અનેક માને છે તેમ તે ઈશ્વરના ફક્ત દીકરા નથી. અથવા ઈસ્લામ શીખવે છે તે રીતે કેવળ ઈશ્વરના પ્રબોધક નથી. આવા જૂથોના ખોટા શિક્ષણનો સમાવેશ કરવાના પ્રયત્નમાં અનેકે ઈશ્વરે પોતાનું જે પ્રકટીકરણ આપ્યું છે તેનો નકાર કરવાની પસંદગી કરી છે. તેને ''સર્વધર્મસારસંગ્રહ'' તરીકે ઓળખવામાં આવે છે, જેને વેબસ્ટર ડિક્ષનેરી ''ભિન્નતા ધરાવતી માન્યતાનું સંયોજન કરવાના પ્રયત્ન'' તરીકે ઉલ્લેખે છે.

ઉદાહરણ તરીકે હિંદુઓ પોતાના અનેક 'દેવો'ની સાથે 'ઈસુ'નો ફોટો મુકવા દ્વારા તેમના સ્વીકારને પ્રગટ કરે છે. આપણે ખૂબ સારી રીતે માહિતગાર છીએ કે જ્યારે એલિયાના ઈશ્વર સાચા અને જીવંત ઈશ્વરે બઆલની વિદેશી મૂર્તિઓનો મુકાબલો કર્યો ત્યારે તેમણે તેઓને પોતાની સમક્ષ ચત્તાપાટ ઊંધા કરી દીધા હતા. તે પ્રમાણે જ પ્રત્યેક માનવ-સર્જીત અને માનવ-સ્વીકૃત દેવે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સમક્ષ પતન પામવું જ જોઈએ, કારણ કે તે ઈશ્વર પિતા અને ઈશ્વર પવિત્ર આત્મા સાથે ઈશ્વર પુત્ર છે જે અનંતકાલીક વ્યક્તિ છે.

ઈસુ ખ્રિસ્ત ઈશ્વર છે તેની સમજણ આપણે એકવખત મેળવી લઈએ પછી તેમના કુવારીની પેટે જન્મને, તેમના અનેક ચમત્કારોને, તેમના મરણ તથા પુનરુત્થાનને, તેમના સ્વર્ગારોહણને અને પરાક્રમ તથા મહિમામાં પૃથ્વી પર થનારા તેમના પુનરાગમનને માનવામાં કોઈ જ તકલીફ થવી જોઈએ નહિ. કારણ કે ઈસુ ખ્રિસ્ત ''ખરેખર ઈશ્વર'' છે, જે સઘળા નિયમો અને જીવન-સમર્થક વ્યવસ્થા સાથેની સૃષ્ટિના સર્જનહાર છે. તે પ્રત્યેક નિયમ જે તેમણે પોતે તેમના પોતાના પ્રેમ અને ઉદ્ધારના હેતુ માટે બનાવ્યા હતા તેને ઓળંગી શકે છે.

નાઝરેથના ઈસુના વ્યક્તિપણાની આસપાસ વિશ્વ વિભાજીત થએલું છે. અલગ થએલા એકલા જૂથોને એકબીજા સાથે નિયમો 'હોવા' કે 'ન હોવા' કે પછી રાજકીય રીતે મજબુત કે રાજકીય રીતે નબળા કે પછી વિવિધ

વિચારસરણી ધરાવતા દેશો હોવા તે સાથે સુસંગતતા જોવા મળતી નથી. જ્યારે ઈશ્વર આ પૃથ્વી ઉપર આવ્યા તે દ્વારા જે વાસ્તવિક વિભાજનો અસ્તિત્વમાં આવ્યા તે માનવજાતને વિભાજીત કરતી અન્ય સઘળી બાબતો કરતાં કાંઈક વધારે પાયાની છે.

આ ચોક્કસ વિધાન હકીકતોની વધુ પડતી નાટ્યાત્મક રજૂઆત નથી, કારણ કે પ્રભુ ઈસુએ પોતે કહ્યું :

> *"જો દેવ તમારો બાપ હોત, તો તમે મારા પર પ્રેમ રાખત; કેમકે હું દેવમાંથી નીકળીને આવ્યો છું : કેમકે હું મારી પોતાની મેળે આવ્યો નથી, પણ તેણે મને મોકલ્યો છે. મારું બોલવું તમે શા કારણથી સમજતા નથી ? મારું વચન તમે સાંભળી શકતા નથી તે કારણથી. તમે તમારા બાપ શેતાનના છો, અને તમારા બાપની દુર્વાસના પ્રમાણે તમે કરવા ચાહો છો. તે પ્રથમથી મનુષ્યઘાતક હતો અને તેનામાં સત્ય નથી, તેથી તે સત્યમાં સ્થિર રહ્યો નહિ. જ્યારે તે જૂઠું બોલે છે ત્યારે તે પોતાથી જ બોલે છે, કેમ કે તે જૂઠો અને જૂઠાનો બાપ છે." (યોહાન ૮:૪૨-૪૪)*

શું આ વાત આશ્ચર્યજનક રીતે શીખવા માટે છે કે જેમ વિશ્વાસીઓનું કુટુંબ છે, જેના પિતા ઈશ્વર છે, તેમ અવિશ્વાસીઓનું પણ કુટુંબ છે, જેનો પિતા શેતાન છે ? પ્રત્યેક વ્યક્તિ ઈશ્વરનું બાળક નથી. ઈશ્વરના કુટુંબમાં રહેવું કે શેતાનના કુટુંબમાં રહેવું તે તમારા અને મારા માટે અનંતકાળીક વિકલ્પ છે.

ઈશ્વર સંબંધી તમારી માન્યતાઓ ગમે તેટલી પ્રામાણિક કેમ ન હોય પણ તે "પ્રામાણિકપણે" ભૂલભરેલી હોઈ શકે. વ્યક્તિ ગમે તેમાં વિશ્વાસ કરે પણ તે પ્રામાણિક હોય તો તેનો કંઈ વાંધો નથી તેમ કહેવું જૂઠાણું છે. એ જ રીતે તમે ઝેર પ્રમાણિકપણે એમ સમજીને ખાઓ કે તે દવા છે, તોપણ તમે મરણ પામશો !

સાચે જ, માનવજાત બે કુટુંબોમાં વિભાજીત છે. પ્રત્યેક વ્યક્તિ આ બે કુટુંબો - ઈશ્વરનું કુટુંબ અથવા શેતાનનું કુટુંબ - માંથી એકની સભ્ય છે. તમે કયા કુટુંબના છો તે તમે જાણો તે ખૂબ મહત્ત્વનું છે. અને ઈશ્વરના કુટુંબના સભ્ય બનવાનું પ્રથમ પગથિયું ઈશ્વર કોણ છે અને પોતાના પુત્ર ઈસુને આપવા દ્વારા તેમણે શું કર્યું છે તેની સમજણ મેળવવી તે છે.

'ઈસુ' નામનો અર્થ ''યહોવા તારણ છે''. તેથી દેવદૂતે યુસફને કહ્યું, ''...તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એજ છે.'' (માથ્થી ૧:૨૧)

*વિચાર કરવા થોભો*

૧. તમે જ્યાં સુધી પ્રામાણિક હો ત્યાં સુધી તમે ઈશ્વર સંબંધી ગમે તે માનો તે શું ખરેખર યોગ્ય છે ?

૨. લોકો મધ્યેના વિભાજનનું આખરી કારણ શું છે ? શું તે રાજકીય, આર્થિક, કૌટુંબિક કે ઔદ્યોગિક છે ? અથવા તે આધ્યાત્મિક અને અનંતકાળીક છે ?

૩. પ્રભુ ઈસુએ જે બે કુટુંબોનું વર્ણન કર્યું છે તેમાંથી તમે કયા એકના સભ્ય બનવાનું ઈચ્છો છો ?

*નૈતિક દુષ્ટતાની ગહન સમજ (સજાગતા)માં બીજા*
*કાંઈપણ કરતાં ઈશ્વરના ઉદ્ધાર કરનાર*
*જ્ઞાનની સંભવિતપણે વધારે પ્રતિક્ષા કરવી.*

*ડૉ. આર્નોલ્ડ (રુગબી પબ્લિક સ્કૂલ, આચાર્ય)*

# પ્રકરણ ૫

# વાસ્તવિક સમસ્યા શું છે ?

વીસમી સદીની શરૂઆતમાં અનેક લોકો આ વિશ્વના ભવિષ્ય સંબંધી ઘણા આશાવાદી હતા. તેઓ માનતા હતા કે તે શાંતિ અને સમૃદ્ધિના સુવર્ણયુગમાં પ્રવેશ કરવાનું હતું. અનેક વિચારતા હતા કે આ નવો યુગ પ્રત્યેક દેશને માટે અને જ્યાં નિરાશા, રોગ અને અત્યંત ભૂખમરાએ અવર્ણનીય દુઃખો પહોંચાડ્યા છે તેવા દેશો માટે પણ આશીર્વાદ લાવનાર બનશે. પરંતુ ૧૯૧૪માં સમગ્ર યુરોપમાં ભયાવહ યુદ્ધના પડઘા સંભળાવા લાગ્યા.

અને આજે એકવીસમી સદીનો પ્રારંભ થયો છે અને અનોખી વૈજ્ઞાનિક શોધખોળોના આપણે સાક્ષીઓ બન્યા છીએ છતાં લોકો ઉજ્જવળ ભવિષ્ય વિશે વાત કરતા નીહાળી શકાતા નથી. પણ તેના બદલે લાખો લોકો ન્યુક્લીયર હથિયારોના સરકારી શસ્ત્રાગારની સંહારક શક્તિ સંબંધી ચિંતા કરી રહ્યાં છે. આંતરરાષ્ટ્રીય આંતકવાદ અને રાષ્ટ્રીય સમસ્યાઓની જટીલતાને કારણે અનેક વિચારપૂર્વકના અવલોકન પછી સમીક્ષા કરી શકાય છે કે આપણે માનવ ઈતિહાસના સૌથી વિકટ અને ભયાનક ક્ષમતાના વર્ષોમાં જીવી રહ્યાં છીએ. આપણે આજના વિશ્વના લોકોની માન્યતાનો અગાઉ વિચાર કર્યો હતો. સુશિક્ષિત સમાજના મૂળ પાયા ઉપર આક્રમણ થઈ રહ્યું છે. શું ખોટું થઈ ગયું છે ?

આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાના પ્રયત્નમાં વિશ્વના જાણીતા આગેવાનો એકત્રિત થાય છે અને વાર્તાલાપ કરે છે. તેઓ સમસ્યાઓનું પ્રસારણ કરે છે અને એકબીજાની પદ્ધતિઓ અને પ્રસ્તાવો સાંભળે છે ત્યારે વિશ્વ એક

સંઘર્ષમાંથી બીજા તરફ આગળ ધકેલાય છે. શક્તિ અને મબલક નાણાંનો વ્યય કરવા છતાં વિશ્વ જે દિશા તરફ પ્રયાણ કરી રહ્યું છે તેમાં કોઈ પરિવર્તન લાવવાને શક્તિમાન નથી તેમ લાગે છે. પ્રખ્યાત પ્રવક્તાઓ અને રાજકીય નેતાઓ, બુદ્ધિશાળી વૈજ્ઞાનિકો અને વિદ્વાનો, સફળ વ્યવસાયકર્તાઓ અને વિશ્વની બેંકો, આદરયુક્ત ડૉક્ટરો અને સમાજશાસ્ત્રીઓ બધા જ પોતાની વિશેષ નિપૂણતાઓનો ફાળો આપે છે. તેમ છતાંય તેનો પ્રત્યુત્તર પ્રાપ્ત થતો નથી.

અને આ સુશિક્ષિત માણસો કદી પણ માનવીની વાસ્તવિક સમસ્યા - ઉકેલ શોધી કાઢવામાં આવે તે અગાઉ મૂળભૂત પ્રશ્નને અવશ્યપણે ઓળખવાની આવશ્યકતા છે તે સંબંધી ઈશ્વરે જાહેર કર્યું છે તેના સંદર્ભમાં કહેતા જવલ્લે જોવા મળે. આપણી મૂળભૂત સમસ્યા વિશે એક માત્ર ઈશ્વર જ આપણને જાગૃત કરી શકે. અને આ મુદ્દા ઉપર આપણે અનેક વખત જેઓ ખરેખર ઈશ્વરની શોધ કરે છે અને જેઓ કેવળ ધાર્મિક ઈન્તેજારી દર્શાવે છે તેઓ વચ્ચેના તફાવતને ઓળખી શકીએ છીએ.

ઈશ્વરે કહ્યું, ‘‘આપણે પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે માણસને બનાવીએ.’’ (ઉત્પત્તિ ૧:૨૬) તમે પ્રશ્ન પૂછી શકો, ‘‘કઈ રીતે માણસને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરવામાં આવ્યો ?’’ શારીરિક સ્વરૂપ પ્રમાણે તો ચોક્કસ નહિ, કારણ કે પ્રભુ ઈસુએ કહ્યું, ‘‘ઈશ્વર આત્મા છે.’’ (યોહાન ૪:૨૪) ઈશ્વરને આપણી જેમ હાથ અને પગ અને આંખો નથી. અને આ ઈશ્વર ‘‘પાસે જઈ શકાય નહિ એવા પ્રકાશમાં જે રહે છે. જેને કોઈ માણસે જોયો નથી, ને જોઈ શકતો પણ નથી.’’ (૧ તિમોથી ૬:૧૬) અદૃશ્ય માણસ કદી અસ્તિત્વ ધરાવતો નથી. તેથી શરીરમાં તેઓ વાસો કરે છે તેના કરતાં લોકો સંબંધી એવું કાંઈક છે જે વધારે મૂલ્યવાન હોવું આવશ્યક છે ! તે આ વાસ્તવિક વ્યક્તિ છે જે શરીર ત્યાગ કરે છતાં જીવતું રહે છે - તે ‘વ્યક્તિ’ ને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કરવામાં આવી હતી.

બાઈબલ પ્રગટ કરે છે કે ઈશ્વરને બુદ્ધિ, લાગણીઓ અને ઈચ્છાશક્તિ છે અને આ ત્રણ ક્ષેત્રોમાં મનુષ્યને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે સૃજવામાં

આવ્યો હતો. તેમ છતાં તે ઈશ્વર હોવાને લીધે તેમની બુદ્ધિ, લાગણીઓ અને ઇચ્છાશક્તિ અસીમ છે, બીજા શબ્દોમાં તેને કોઈ સીમા નથી. તેમની પ્રકૃતિ-સ્વભાવ આ પ્રમાણે છે. તોપણ તેની વિરૂદ્ધમાં મનુષ્ય સીમિત છે. સૌથી બુદ્ધિશાળી વ્યક્તિને પણ સીમિત બુદ્ધિ છે. દરેક વ્યક્તિ સઘળું જાણી શકે નહિ. કોઈપણ વ્યક્તિ અમર્યાદ પ્રેમ કરી શકે નહિ, અને વ્યક્તિની ઇચ્છાશક્તિ ચોક્કસપણે વિશ્વમાં સર્વોપરી નથી. તે પોતાના ભવિષ્યનો માલિક નથી કે પછી પોતાના ભાવીનો કપ્તાન નથી.

બીજી રીતે વિચારીએ તો માણસના વ્યક્તિવને આધ્યાત્મિક ક્ષમતા છે કે જેથી તે ઈશ્વરને ઓળખી શકે છે અને તેમની સાથે સંગત કરી શકે છે. આ કારણને લીધે બાઇબલ તેને સ્પષ્ટપણે રજૂ કરે છે કે માણસ ‘‘આત્મા, પ્રાણ અને શરીર’’નો બનેલો છે. (૧ થેસ્સાલોનીકી ૫:૨૩)

પોતાના આત્મા મારફતે માણસ ઈશ્વરદત્ત ક્ષમતાને કારણે પોતાના સર્જનહાર સાથે નિકટનો સંબંધ રાખી શકે છે. તેના શરીર મારફતે માણસનું વ્યક્તિત્વ (અથવા પ્રાણ એટલે કે અથવા તેની વિચારવાની, પસંદગીની અને પ્રેમની ક્ષમતા) ભૌતિક જગત સાથે સંબંધ રાખી શકે છે.

બાઇબલમાં નોંધવામાં આવેલી અગ્રીમતાઓ પ્રથમ, આત્માને બીજુ, પ્રાણને અને ત્રીજું, શરીરને સ્થાન આપે છે તે સઘળું યોગ્ય છે તેની આપણે નોંધ લઈએ !

તેમ છતાં કાંઈક ખોટું થઈ ગયું છે. પરિણામે, કેટલાએક લોકો માટે તેનો ક્રમ સંપૂર્ણ પલટાઈ ગયો છે : શરીર, અગ્રીમતામાં પ્રથમક્રમે છે; પ્રાણ અગ્રીમતાના બીજા ક્રમે અને આત્મા ત્રીજા ક્રમે છે. સંજોગોવસાત આજના વિશ્વમાં અનેક લોકોની શારીરિક, ભૌતિક અને લાગણીજન્ય અભિરૂચિઓ તેઓના વિચારોનું, તેઓના નિર્ણયોનું અને તેઓના આકર્ષણોનું નિયંત્રણ કરે છે, જ્યારે તેઓની આધ્યાત્મિક ક્ષમતા નિષ્ક્રિય અને મૃત પડી રહે છે. તેથી ઈશ્વરને તેઓના આધ્યાત્મિક જીવનને તથા તેમણે સર્જન કરેલા પ્રત્યેક વ્યક્તિને નિયત્રિત કરીને પુનઃસ્થાપિત કરવાની મંજૂરી આપવાને બદલે તેમને ગૌણસ્થાન અથવા જાકારો આપવામાં આવે છે અને તે પણ એટલી

હદ સુધી કે આ ગેરમાર્ગે દોરાયેલા લોકો અને તેઓના સર્જનહાર વચ્ચે કોઈપણ સંપર્ક-આપ-લે રહી શકે નહિ.

વ્યક્તિ જેનાથી ઈશ્વર દૂર અને અવાસ્તવિક છે તે ખરેખર આધ્યાત્મિક રીતે મરણ પામેલી છે. તેની બીજી તરફનો વિચાર કરીએ તો વ્યક્તિ જે ઈશ્વર સાથે સંગતનો આનંદ અનુભવે છે તે સાચેજ અને સંપૂર્ણપણે જીવંત છે.

> *“પણ દેવ, જે કરૂણાથી ભરપૂર છે, તેણે આપણા પર પ્રેમ રાખ્યો, તેના અત્યંત પ્રેમને લીધે,* ***આપણે પાપમાં મૂએલા હતા*** *ત્યારે તેણે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યા (કૃપાથી તમે તારણ પામેલા છો.) (એફેસી ૨:૪, ૫)*

આ વિશ્વની સમસ્યાઓનો સઘળો પ્રારંભ માણસની ઈચ્છાશક્તિમાં થયો. ઈશ્વરે લોકોનું સર્જન કટપૂતલીઓ જેવું, જે તેના બનાવનારની ઈચ્છા વિના હલનચલન કરવાને અસમર્થ બને તેવું કર્યું નહોતું. કટપૂતળીનો કર્તા દોરીઓ ખેંચીને કટપૂતળીની દરેક હીલચાલને નિયંત્રિત કરે છે. તેની વિરૂદ્ધમાં બીજો વિચાર કરીએ તો ઈશ્વરે આપણને પસંદ કરીએ તે રીતે આપણને વર્તન કરવાની ઈચ્છાશક્તિ આપી છે. પણ ઈચ્છાશક્તિના તે કૃપાદાન સાથે આપણે નૈતિક રીતે આપણે જે નિર્ણયો કરીએ તે માટે જવાબદાર બનીએ છીએ. (બાઈબલના સત્યની અવગણના કરનાર અનેક મનોવૈજ્ઞાનિકો પાસેથી તમને આવું ભાગ્યે જ સાંભળવા મળશે).

મનુષ્યનું સર્જન થયું તે પછી માનવજાતમાં પ્રથમક્રમની દુઃખદ ઘટના બની. એદનવાડીના વૃક્ષો મધ્યે બે વિશેષ વૃક્ષો હતા. એકને “જીવનના વૃક્ષ” તરીકે ઓળખવામાં આવતું હતું અને બીજાને “ભલુંભૂંડું જાણવાનું વૃક્ષ” (ઉત્પત્તિ ૨:૯) ઈશ્વર દ્વારા આદમ અને હવાને કહેવામાં આવ્યું હતું કે ભલુંભૂંડું જાણવાના વૃક્ષ સિવાય તેઓ બધા જ વૃક્ષના ફળ ખાઈ શકે છે. આ પસંદગી, આધીનતા અને અનાધીનતા વચ્ચેની પસંદગી તેઓને આપવા દ્વારા ઈશ્વરે પોતે સર્જન કરેલા માણસને-પુરુષ અને સ્ત્રીને - ઈચ્છાશક્તિ આપી છે તેવું ખૂબ સ્પષ્ટ કર્યું હતું. ઈશ્વરને આધીન થવું કે નહિ

તે હવે તેઓએ નક્કી કરવાનું હતું. આ તેઓનો પોતાનો વ્યક્તિગત નિર્ણય હતો.

દુ:ખદ રીતે આદમ અને હવાએ માનવજાત માટે ઈશ્વરે ઉપલબ્ધ બનાવ્યું હતું તે અતિ ઉત્તમ વિરૂદ્ધ બંડ કર્યું હતું. ઈશ્વર અગાઉથી જાણતા હતા કે અનાધીનતાનો તેઓને નિર્ણય તેમના માટે અનોખુ કષ્ટ લાવનાર બનશે અને તે સઘળી માનવજાત માટે પણ દુ:ખ લાવશે. પરંતુ પોતાના સર્જન માટેના તેમના પ્રેમમાં અને જેઓ યોગ્ય પસંદગી કરશે તેઓને માટે આગળ જતા મહિમા ઉપલબ્ધ બનશે તેવું જાણીને ઈશ્વરે પ્રત્યેક વ્યક્તિને પસંદગી કરવાની સ્વતંત્રતા આપી હતી.

જૂઠા શેતાને પોતાના સમજાવવાના પ્રભાવનો ઉપયોગ કરીને આદમ અને હવાને અયોગ્ય પસંદગી કરવા માટે પ્રલોભન આપ્યું હતું. જો તેઓ ફળ ખાશે તો તેઓ ઈશ્વર સમાન બનશે તેવા સૂચન દ્વારા તેણે મના ફરમાવેલા ફળને આકર્ષક બનાવ્યું હતું. (શેતાન આજે પણ માણસને તેનો પોતાનો દેવ બનવા સૂચન કરે છે. પરંતુ ઈશ્વર જેમ ઈશ્વર છે અને ઈશ્વર કરતાં ઊતરતા તે કદી જ બની શકે નહિ. તેમ માણસ તે માણસ છે અને માણસ કરતાં વધારે તે કદી જ બની શકે નહિ.) તેમ છતાં શેતાને આદમ અને હવાને ઈશ્વરની ઈચ્છા વિરૂદ્ધ પોતાની ઈચ્છાનો ઉપયોગ કરવા ભ્રષ્ટ કર્યા હતા. તેના પરિણામે લોકોની પ્રત્યેક નવી પેઢી સર્જનહાર સાથેની વ્યક્તિગત અને નિકટની મુખ્ય સંગતથી વિચ્છેદિત બની હતી, કારણ કે સઘળા આદમના વંશજો હતા, અને "એ માટે જેમ એક માણસથી જગતમાં પાપ પેઠું, ને પાપથી મરણ; અને સઘળાંએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો પ્રસાર થયો." (રોમન ૫:૧૨).

જગતે કદી જ જાણ્યા હોય તેવા દરેક કબ્રસ્થાન, દરેક હોસ્પિટલ, દરેક સૈન્ય અને દરેક બંદીખાનું સર્જનના પ્રારંભમાં માણસે કરેલી ખોટી પસંદગીનું પરિણામ છે. માનવજાતમાં આ મૃત્યુકારક દુષ્ટતા જેને આપણે પાપ તરીકે ઓળખીએ છીએ તે સર્વ માનવજાતને અસર કરતો જન્મજાત રોગ છે. પાપને લીધે ઈશ્વર સાથેની માનવીની સાચી સંગતમાં ભંગાણ પડ્યું એટલું

જ નહિ પણ પાપે તેને પોતાના સાથી માનવોથી પણ તેને વિખુટો પાડી દીધો.

**પરંતુ તમે અને હું જન્મથી જ માત્ર પાપી નથી; આપણે કાર્યો દ્વારા પણ પાપી છીએ.**

આપણા જન્મને સંબંધ છે ત્યાં સુધી ગીતકર્તાએ આપણ સર્વ માટે ઉચ્ચાર્યું જ્યારે તેણે કહ્યું, ''હું અન્યાયીપણામાં જન્મ્યો, અને મારી માએ પાપમાં મારો ગર્ભ ધર્યો હતો.'' (ગીતશાસ્ત્ર ૫૧:૫) પરંતુ વારસામાં મળેલી પાપની સ્થિતિ આપણે આચર્યા છે તે બધા જ પાપના કાર્યો માટે બચાવનું બહાનું પૂરૂં પડતું નથી. બાઈબલ એમ પણ નોંધે છે કે આપણે **આજ્ઞાભંગના** દીકરાઓ છીએ...આપણા દેહની વાસનાઓ પ્રમાણે પહેલાં ચાલતા હતા અને દેહની તથા મનની વૃત્તિઓ પ્રમાણે કાર્ય કરતા હતા તથા પ્રથમની સ્થિતિમાં બીજાઓના જેવાં કોપનાં છોકરા હતા. (એફેસી ૨:૨,૩)

હા, આપણી પોતાની અનાધીનતાને કારણે આપણે ઈશ્વર સમક્ષ અપરાધી છીએ. બીજા કોઈને-ન તો પત્નીને કે નતો મિત્રને કે ન તો માતાપિતાને આપણે તે માટે દોષિત ઠરાવી શકીએ. આપણે જે પશ્ચાતભૂમિકામાંથી આવીએ છીએ અને આપણે જે વાતાવરણ કે પરિસ્થિતિમાં જીવન જીવીએ છીએ તેને પણ દોષિત ઠરાવી શકતા નથી. તમે તમારા પોતાના પાપ માટે જવાબદાર છો જેમ હું મારા પોતાના માટે.

આપણે લોકો મધ્યે અતિ ઘણો તિરસ્કાર અને વિભાજનો નીહાળીએ છીએ તેનું વાસ્તવિક કારણ તો પાપ છે જે આપણા સઘળા ઉપર સામાન્યપણે નિયંત્રણ કરે છે. પાપ નાસ્તિકને આસ્તિક સાથે જોડે છે અને આરબને યહૂદી સાથે. પાપ ત્રીજા વિશ્વમાં લોકોને ઔદ્યોગિક જગતના લોકો સાથે જોડે છે. પાપ સમાજવાદીને મૂડીવાદી સાથે જોડે છે, પોલીસને ગુનેગાર સાથે અને સ્ત્રીઓને પુરુષ જેટલા સમાન અધિકાર અપાવનારને, યુદ્ધખોર પુરુષ સ્વદેશભક્ત સાથે જોડે છે. લોકો વેશ્યાઓ હોય કે ઉપદેશકો હોય, તેઓ ઊંચા વૈભવશાળી જીવનમાં હોય કે દરિદ્રીપણાની ખીણમાં હોય, તેઓ

શિક્ષિત હોય કે અભણ હોય, “સઘળાએ પાપ કર્યું છે અને ઈશ્વરના મહિમા વિશે સઘળા અધૂરા રહે છે.” (રોમન ૩:૨૩) અને પાપ મનુષ્યો મધ્યે પ્રવર્તમાન સઘળા બોજાઓનું મૂળભૂત કારણ છે.

પરંતુ ઈસુ પાપીઓની આશા છે ! તેમણે કહ્યું, “કેમકે ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા હું આવ્યો છું”. (માથ્થી ૯:૧૩) ઈશ્વરની પવિત્રતાના નિશાનને તમે અને હું ટૂંકા કે વધારે અંતરના તફાવત દ્વારા ચૂકી ગયા છીએ. ‘પાપ’ શબ્દનો સરળ અર્થ ‘નિશાન ચૂકી જવું’ તેવો થાય છે. તેને સીધું કરવા આપણે પોતે કાંઈ જ કરી શકતા નથી. આપણે સારા બનીને કે સારા કાર્યો કરીને ઈશ્વર સાથે સમાધાનમાં આવી શકીએ તેવો વિચાર કરવો વ્યર્થ આશા છે. તે “કરણીઓથી નથી રખેને કોઈ અભિમાન કરે” (એફેસી ૨:૯) આ કારણને લીધે તારણ-ઉદ્ધાર સંબંધી વાત કરતા ઈસુએ કહ્યું, “યજ્ઞ કરતાં હું દયા ચાહું છું” (માથ્થી ૯:૧૩)

પોતાના વ્યક્તિગત પાપની ગંભીરતામાં જકડાએલા લોકોને ઈશ્વરની દયાની સાચી સમજણ અપાર રાહત પહોંચાડે છે.

ઈશ્વર કરૂણાથી ભરપૂર છે. (એફેસી ૨:૪) તે કારણને લીધે તે એટલું જ ચાહે છે કે તમે તેમની વિનામૂલ્યે બક્ષિસ તરીકે તારણ-ઉદ્ધારનો સ્વીકાર કરો. “કેમકે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો, અને તે તમારાથી નથી, **એ તો ઈશ્વરનું દાન છે.**” (એફેસી ૨:૮) પાપી વ્યક્તિઓ ઈશ્વરની પવિત્ર સમક્ષતામાં પ્રવેશ કરી શકે માટે દરવાજો ખુલ્લો કરવા ઈસુએ પોતે સર્વોચ્ચ બલિદાન આપ્યું છે.

કરૂણાના ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે ભરપૂર જીવન હવે મુક્તપણે ઉપલબ્ધ બનાવ્યું છે. પરંતુ તમને સ્વતંત્ર ઈચ્છાશક્તિ આપવાને કારણે ઈશ્વર તે જીવનમાં સહભાગી થવા તમને દબાણ કે ફરજ પાડશે નહિ. ઈશ્વરના વિનામૂલ્ય આપવામાં આવતા દાનના પ્રસ્તાવનો તમે કેવો પ્રતિભાવ આપશો તે અતિ તાકીદની બાબત છે. ઈશ્વર કહે છે, “જુઓ, હમણાં જ માન્યકાળ છે, જુઓ, હમણાં જ તારણનો દિવસ છે.” (૨ કરિંથી ૬:૨) હમણાં જ - તમે પોતાના દ્વારા તમારા જીવનને સમર્થ બનાવવાનો પ્રયત્ન કરો તે પછીના

ભવિષ્યનો કોઈક સમય નહિ. ઈસુએ કહ્યું હતું તે યાદ રાખો : ‘‘કેમકે ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા હું આવ્યો છું.’’ (માથ્થી ૯:૧૩)

તમારી વાસ્તવિક સમસ્યા, પાપની સમસ્યા સંબંધી તમે પ્રામાણિક બનો તે તેના ઉકેલ તરફનું પહેલું પગથિયું છે. તમે જ્યાં કંઈ છો, જે કોઈ સ્થિતિમાં અથવા પરિસ્થિતિમાં છો પણ આજે તમારો સ્વીકાર કરવા ઈસુના હાથો ખુલ્લા છે. અને તે તમારી પાસે એમ સાંભળવાની ઇચ્છા રાખે છે : ‘‘ઓ ઈશ્વર, હું પાપી છું, મારા પર દયા કરો.’’ (લૂક ૧૮:૧૩)

## *‘‘સી મેક્સ પ્રિઝન’’ તરફથી પત્ર*

દક્ષિણ આફ્રિકાની સૌથી ચૂસ્ત સલામતી ધરાવતી પ્રિઝનમાંથી એક કેદી તરફથી આવેલું આ વિધાન કોઈપણ સુધારા વિના રજૂ કર્યું છે.

***‘‘ઈશ્વર માટે તમારી ઝંખના’’ પુસ્તક ....ઈશ્વરનું વચન સમજવામાં મને મદદરૂપ બન્યું છે. આ પુસ્તક જીવનનો સાચો માર્ગ શોધવામાં આપણને મદદરૂપ છે તેમ હું કહેવા માંગુ છું. તમે મને સમજો છો તેવી હું આશા રાખું છું. મારા મિત્રએ આ પુસ્તક મને આપ્યું હતું... હું માનું છું કે ઈશ્વર સર્જનહાર છે અને તેમણે સઘળી સૃષ્ટિનું સર્જન કર્યું છે. હું માનું છું કે હમણાં હું પ્રિઝનમાં છું ત્યારે ઈશ્વર મારી મદદ કરશે...’’***

-ટ્રાન્સ વલ્ડ રેડિયો દ્વારા પ્રસ્તુત અહેવાલ

***વિચાર કરવા થોભો***

૧. આજે સમાજમાં કાંઈક દુઃખદ રીતે ખોટું કે અયોગ્ય છે તેવું શું તમે સમજી શકો છો ?

૨. જ્યારે તમે બીમાર છો ત્યારે તમારા ડૉક્ટર તમને દવા આપે તે અગાઉ તમારી માંદગીનું યોગ્ય નિદાન કરવામાં આવે તે શું મહત્ત્વનું છે ?

૩. શું બાઈબલ : તમારી સમસ્યાનું નિદાન કરે છે ? તમારી સમસ્યા માટે ઉપચાર સૂચવે છે ?

*“પણ સીમોન નામે એક માણસ તે શહેરમાં અગાઉ જાદુ કરતો હતો, અને હું કોઈ મહાન વ્યક્તિ છું એમ કહીને સમરૂનના લોકોને છક કરી નાખતો હતો; તેઓ નાનાથી તે મોટા સુધી સર્વે તેનું સાંભળતાં, તેઓ કહેતા, કે ઈશ્વરની જે મહાન શક્તિ કહેવાય છે તે એ માણસ છે.”*

*ડૉ. લૂક*

# પ્રકરણ ૬

# લોકો શા માટે ગેરમાર્ગે દોરાય છે ?

મારા બાળપણમાં હું નાના છોકરા તરીકે બ્રિટીશ ટાપુઓના એ ભાગમાં વસતો હતો કે જ્યાં શત્રુઓના બોમ્બર વિમાનો તેના ઉપરથી સતત ઉડયન કરતા હતા. તે યુદ્ધનો સમય હતો અને આ બોમ્બર વિમાનો ઈંગ્લેન્ડના ઉત્તરીય અને ઔદ્યોગિક મધ્ય પ્રાંતોને પોતાના લક્ષ્ય ક્ષેત્રો રાખીને અમારા ટાપુઓ પર થઈને ઉડયન કરતા હતા. મારા મિત્રો અને મેં અમારા પોતાના ફાઈટર વિમાનોના અવાજ અને શત્રુના બોમ્બરના ઘેરા ગણગણાટ વચ્ચે રહેલા તફાવતને ઓળખી લીધો હતો. જ્યારે સ્પર્શલાઈટ અવકાશમાં શત્રુ વિમાનને શોધી કાઢતી ત્યારે અમે ખૂબ ઉત્તેજના અનુભવતા હતા. અમે જમીન પરની 'Ack - Ack' બંદૂકોને અથવા હવામાં ''ડૉગ ફાઈટ''ના કેટલાક સમય પછી બોમ્બર વિમાનને તોડી પાડવામાં આવશે તે અમે જાણતા હતા.

શત્રુ વિમાનને તોડી પાડ્યા પછી વિમાનચાલકનો કોઈક સભ્ય પેરાસૂટની મદદ વડે સલામત રહી જાય તેવી શક્યતાઓ હંમેશા રહેલી હતી. આ રીતે બચાવ પામેલ કોઈક પોતાનો માર્ગ શોધી કાઢે અને છુટકારો મેળવીને બોમ્બ સાથે ભરેલું બીજું વિમાન લઈને કદાચિતને પાછો ફરે નહિ માટે અધિકારીઓએ ચાર રસ્તાઓ ઉપરના સ્થળસૂચક નિશાનીઓને કાઢી લીધી હતી. આ રીતે રસ્તાઓ ઉપર કોઈ જ સ્થળસૂચક નિશાનીઓ આવેલી નહોતી.

તેમ છતાં અમે છોકરાઓ જાણતા હતા કે શહેરની બહાર પૂટન વૂડમાં ખૂબ મામૂલી એવા ચાર રસ્તા ઉપર નાની સ્થળસૂચક નિશાની હજુ પણ ત્યાં રહેલી હતી. અમે તે સ્થળસૂચક નિશાનીને અવળી ફેરવી દીધી અને ખોટી દિશામાં તેને દોરી જતી દર્શાવી ત્યારે અમને ખરેખર લાગ્યું કે અમે યુદ્ધના પ્રયત્નમાં મદદ કરી રહ્યાં છીએ. સ્થાનિક અધિકારીઓની જેમ અમે પણ અમારા ટાપુઓ ઉપર આવનાર કોઈ અનઅપેક્ષિત મુલાકાતીઓને મૂંઝવણમાં મૂકવાને ઈચ્છતા હતા.

અલબત, પોતાના હાથોમાં ભરોસાપાત્ર નકશો લઈને કોઈક વ્યક્તિ આવે તો હકીકતમાં ભલેને માર્ગમાં સ્થળસૂચક નિશાનીઓ ન હોય તોપણ તેને કોઈ મુશ્કેલી નડશે નહિ. પણ રખેને તે પોતાના નકશાની માહિતીનો નકાર કરવાની પસંદગી કરે તો સ્થળસૂચક નિશાનીને અવળી ફેરવી નાખવાના અમારા છોકરમત વિચારને લીધે શત્રુ મુંઝવણ અનુભવી શકે.

ઈશ્વર આપણને એવા પ્રકારના લોકો વિશે જણાવે છે કે જેઓ ઈશ્વર માટેની તેઓની ઝંખનામાં ખોટી નિશાનીઓ દ્વારા ગેરમાર્ગે દોરાય છે.

જો શરૂઆત કરીએ તો કોઈપણ વ્યક્તિ આ અદ્‌ભુત સૃષ્ટિનું અસ્તિત્વ સર્જનહાર ઈશ્વરને પ્રગટ કરે છે તે હકીકતનો અનાદર કરવાની પસંદગી કરે તો તે સાચે જ મૂંઝવણ અનુભવી શકે છે !

> *"અમે જ્ઞાની છીએ એવો દાવો કરતાં તેઓ મૂર્ખ બન્યા.. દેવનું જ્ઞાન (મનમાં) રાખવાનું તેઓને ગમ્યું નહિ, માટે જે ઉચિત નથી એવાં કામ કરવાને સારૂ દેવે તેઓને ભ્રષ્ટ બુદ્ધિને (સ્વાધીન) કર્યા." (રોમન ૧:૨૨, ૨૮)*

અને તે ભ્રષ્ટ થએલું મન સર્જનહારની ભક્તિ કરવાને બદલે સર્જનના કાર્યોની ભક્તિ કરશે. તેની બીજી તરફ નીહાળીએ તો સ્પષ્ટ વિચાર કરનાર માણસ પોતાના સર્જનહારની ભક્તિ કરશે. તેથી જો તમે એમ માનવાનો નકાર કરો કે ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું હતું તો ઈશ્વર તમને ભ્રષ્ટ બુદ્ધિને સ્વાધીન કરશે અને સૃષ્ટિનું અસ્તિત્વ કેવી રીતે થયું તે

સંબંધી કોઈક ભ્રષ્ટ વિચારને માનવા તમને દોરી જશે. ભ્રષ્ટ બુદ્ધિ મૂરખ બુદ્ધિ છે !

ઈશ્વરે ચેતવણી પણ આપી છે કે જે લોકો સત્ય તરીકે ઈશ્વરના વચનનો સ્વીકાર કરવાનો નકાર કરે છે તેઓ નાશ તરફ દોરી જનાર જૂઠા માર્ગનું અનુસરણ કરનારા બનશે. સાચે જ, કોઈપણ વ્યક્તિ તેની સમક્ષ રજૂ કરવામાં આવેલ ઈશ્વરના વચનને હકારાત્મક અને સક્રિયપણે પ્રેમ કરવાની પસંદગી કરતી નથી તે ખૂબ ભયજનક સ્થિતિમાં છે.

> *"તેમ જેઓએ પોતાના તારણ અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ ...તે સર્વેને દોષિત ઠરાવવાને માટે તેઓ અસત્ય માને માટે દેવ તેઓને ભ્રમણામાં નાખે છે." (૨ થેસ્સાલોનિકિ ૨:૧૦,૧૨)*

એક વખત વ્યક્તિ સત્યની અવગણના કે નકાર કરે છે એટલે તે જે જૂઠું છે તેને તત્કાળ માની લે છે.

એક સમયે લંડનના ગાઢા ધુમ્મસમાંથી પસાર થઈને મારા ઘર તરફ જવાનો માર્ગ શોધવાનો મેં પ્રયત્ન કર્યો હતો તે મને સારી રીતે યાદ છે. કેવળ રસ્તાની કોર સુધી પહોંચવામાં જેટલી મદદ ઉપલબ્ધ બને તે મેળવવાનો મેં પ્રયત્ન કર્યો હતો. એક હાથના અંતર જેટલી દૂર રાખેલી મારી ફ્લેસલાઈટનો પ્રકાશ પણ જોવો મુશ્કેલ હતો. ઈશ્વર આપણને જે અતિ ભ્રષ્ટતા સંબંધી જણાવે છે તે ખરેખર માનસિક ધુમ્મસ જેવું છે જે પૃથ્વી ઉપરની વસ્તુઓની આ વર્તમાન વ્યવસ્થાના અંત સાથે જોડાએલી હશે. કારણ કે લોકોએ ઈશ્વરના વચનના સત્યનો નકાર કર્યો હશે. ઈસુના શિષ્યોએ તેમને પૂછયું હતું, "તારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે ?" અન્ય વાતોની સાથે તેમણે પ્રત્યુત્તર આપ્યોઃ

> *"કેમકે જૂઠા ખ્રિસ્ત તથા જૂઠા પ્રબોધકો ઊઠશે, ને એવા મોટા ચમત્કાર તથા અદ્‌ભુત કૃત્યો કરી દેખાડશે કે જો બની શકે તો પસંદ કરેલાઓને પણ તેઓ ભુલાવશે" (માથ્થી ૨૪:૨૪).*

હમણાં પણ તમે પોતાને એમ કહી રહ્યા હશો, ‘‘વારૂં, હું છેતરાઈશ નહિ’’ તમે એ હકીકતમાં અભિમાન કરશો કે તમે જૂઠા ખ્રિસ્તને અથવા જૂઠા પ્રબોધકને ઓળખી કાઢશો. પરંતુ ક્ષણ માટે થોભો અને તમારા નિષ્કર્ષ સંબંધી વિચાર કરો. જો તમે સત્યને પ્રેમ કરવાનું પસંદ કર્યું નથી તે કારણે ઈશ્વરે તમારા મનની ભ્રમણા માટે શેતાનને મંજૂરી આપી છે તેને વિશે તમે ચોક્કસપણે સજાગ નથી. જો તમે ખાતરીપૂર્વક જાણો કે કોઈક જૂઠા પ્રબોધકે તમને છેતર્યા છે તો તમે ખરેખર છેતરાયા નથી જ. સઘળો ભ્રમ મનમાં અવશ્યપણે થાય છે અને જે કોઈ બૌદ્ધિક રીતે અભિમાન કરે છે તેનું મન જૂઠમાં માનવા માટે છેતરાયું છે તેવું સ્વીકારવું તેના માટે અઘરૂં છે.

જ્યારે લોકો બાઈબલ વાંચે છે ત્યારે તેનો ખરેખર નકાર કરનારા બે પ્રકારના લોકો છે અને એમ કરીને તેઓ દુનિયા દ્વારા શીખવવામાં આવતા જૂઠાણા માટે પોતાને ખુલ્લા કરે છે. પ્રથમ એવી વ્યક્તિ છે જે બૌદ્ધિક રીતે અભિમાની છે અને સ્વનિર્ભર જેવા લાગે છે. બીજા એવા વ્યક્તિ છે જેઓ નૈતિક રીતે અનાધીન છે. પરંતુ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાની ખરેખર ઇચ્છા રાખે છે તે પ્રત્યેક વ્યક્તિ માટે પ્રભુ ઈસુ વિશેષ વચન (Promise) આપે છે : ‘‘જે કોઈ તેની ઇચ્છા પૂરી કરવા ચાહે... તે સમજશે કે એ દેવથી છે કે હું પોતાથી બોલું છું’’ (યોહાન ૭:૧૭)

જો તમે સાચે જ ઈશ્વરની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાની ઇચ્છા રાખો છો તો તમને ખાતરી આપવામાં આવશે કે બાઈબલ મારફતે ઈશ્વર તમને શીખવશે કે તમારે કઈ વાતમાં વિશ્વાસ કરવો અને કઈ વાતમાં વિશ્વાસ કરવો નહિ, અને કેવી રીતે વર્તન કરવું અને કઈ રીતે વર્તન કરવું નહિ.

તેમ છતાં, આપણે સ્વ-નિમણૂંક પામેલા ધાર્મિક શિક્ષકો જેઓ ઈશ્વરનું સત્ય વચન શીખવતા નથી અને તેના બદલે જૂઠી વાતો ઉપર વિશ્વાસ કરવા અને જૂઠા કાર્યો કરવા તમને દોરવાનો પ્રયત્ન કરે છે તેઓના શબ્દોનો નકાર કરવાની કાળજી હજુ પણ અવશ્યપણે રાખવી જોઈએ.

આ પેઢીમાં શેતાનના કેટલાક એજન્ટો જેઓ ખોટી દિશામાં લોકોને દોરી જાય છે તેઓ બનાવટી - ખ્રિસ્તી સંપ્રદાયના સભ્યો છે. જે કોઈ વ્યક્તિએ

ઈશ્વર સંબંધીના સત્ય એટલે ઈશ્વર પિતા, ઈશ્વર પુત્ર અને ઈશ્વર પવિત્ર આત્મા - ત્રણમાં એક અને એકમાં ત્રણ વ્યક્તિનો નકાર કરવાની પસંદગી કરી છે તે જૂઠો પ્રબોધક છે. જો કે આવા લોકો બાઈબલમાંથી થોડી સંદર્ભ વિનાની કલમો ટાંકી શકે, તેઓ સંદર્ભમાંથી પાઠને સંપૂર્ણ અલગ કરે અને એમ બાઈબલ બહારના ધર્મનો પ્રચાર કરે છે. તમે હંમેશા જૂઠા પ્રબોધકને આ પ્રશ્ન પૂછવા દ્વારા ઓળખી શકો છો : ''ઈસુ ખ્રિસ્ત કોણ છે ?'' તે કોણ છે તે તમારે જાણવું જોઈએ તે કેટલું અગત્યનું છે તે કારણના તે એક ભાગરૂપે છે.

જ્યારે તમે ખરેખર ઈસુને ઈશ્વર પુત્ર તરીકે ઓળખો છો ત્યારે ગુપ્ત સંસ્થાઓ જેઓ એકબીજાને સહાય કરવાની મોટી હિમાયત કરતી હોય છે તેઓને પણ એક બીજી આધ્યાત્મિક ભ્રાંતિ* તરીકે નીહાળી શકાશે. આ પ્રકારની સંસ્થાઓમાં જો કે ઈશ્વરનો ઉલ્લેખ કરવામાં આવે છે છતાં આ જૂથો ઈસુ ખ્રિસ્તના શિક્ષણનો નકાર કરે છે. જેમણે કહ્યું,

> *''મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.'' (યોહાન ૧૪:૬) ઈશ્વર સંબંધીની ગેરમાર્ગે દોરનારી માન્યતા જેઓ ધરાવે છે તેઓ સંબંધી બાઈબલ અતિ ઉગ્ર શબ્દો નોંધે છે. ''તું વિશ્વાસ કરે છે કે દેવ એક છે, તો તું સારું કરે છે, ભૂતો પણ વિશ્વાસ કરે છે અને કાંપે છે.'' (યાકૂબ ૨:૧૯).*

---

* ફ્રિમાસોનરી વિશ્વમાં સૌથી મોટી આંતરરાષ્ટ્રીય ગુપ્ત સંસ્થા છે, જે સમગ્ર વિશ્વમાં એક કરોડ સભ્યો હોવાનો વર્તમાન સમયમાં દાવો કરે છે. જો કે ''ભાઈઓ પ્રત્યેનો પ્રેમ, રાહત અને સત્ય''ના તેના સિદ્ધાંતો અનેક માટે આકર્ષક લાગે છે. માસોનરી પ્રારંભ નહિ કરનારાઓને બીનહાનિકારક છે તેવું લાગે છે. મેસન બનનાર પ્રત્યેક ઉમેદવારે કબુલ કરવું જ પડે છે કે તે અંધકારમાં છે અને પ્રકાશ તરફ તે પહોંચી રહ્યો છે. ઈસુના અનુયાયીઓ તો અગાઉથી માને છે કે તેઓને પ્રકાશ જડ્યો છે. ઈસુએ કહ્યું, ''જગતનું અજવાળું હું છું, જે મારી પાછળ આવે છે તે અંધકારમાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે.'' (યોહાન ૮:૧૨) મેસોનીક ગુપ્ત સંસ્થામાં પ્રારંભિક વિધિ ખૂબ નાટ્યાત્મક અને પ્રતીકોથી ભરેલી હોય છે. તે સમયે મેસોનીક ઉમેદવારને 'ગાઉટો' (Gauto) ના નામનો પરિચય કરવવામાં આવે છે ત્યારે તેને ઈશ્વર સંબંધીના બાઈબલ આધારિત વિચારોથી દૂર લઈ જવામાં આવે છે ઉમેદવારને જણાવવામાં આવે છે કે ગાઉટો તે ''ઈશ્વરનું ખોવાયેલું નામ'' છે. અને તે ગાઉટો ''સૃષ્ટિના મહાન યોજક છે.'' મંતવ્ય પ્રમાણે તો ઈશ્વરમાં માનનાર કોઈપણ બૌદ્ધ, હિંદુ, મુસ્લીમ, યહૂદી કે ખ્રિસ્તી ફ્રિમાસોન બની શકે છે. તેથી ગાઉટો (ઈશ્વરનો માનવરચિત વિચાર) ઉમેદવારના

આજના દિવસોમાં બાઈબલના ઈશ્વરનો નકાર કરે છે તેવા મુખ્ય ધર્મોની વૃદ્ધિ પામતી ચેતવણીજનક પ્રવૃત્તિઓને પણ આપણે નીહાળીએ છીએ. હિંદુ ધર્મના વિવિધ પંથો અભિરૂચીને આકર્ષે છે અને અનેક નવા લોકોને અનુયાયીઓ બનાવે છે. એક વખત જે દેશો પોતાના બાઈબલ પ્રમાણેના વારસા માટે જાણીતા હતા ત્યાં અનુભવાતીત ધ્યાનના સ્વરૂપો અથવા યોગ અને વૈરાગ જેવા પૂર્વના આધ્યાત્મવિદ્યાના સ્વરૂપોમાં મૂળભૂત હિંદુ ફિલસૂફીને રજૂ કરવામાં આવે છે. હિંદુ ધર્મમાંથી ફૂટી નીકળેલા વિવિધ પંથો સર્જનના ઈશ્વરની ભક્તિ કરવાને બદલે સર્જનમાં અનેક દેવોની મૂર્ખતા ભરી ઉપાસના કરે છે. અને કહેતાં દુઃખ થાય છે કે અનેક એવા ભ્રાંતિજનક મનો ધરાવે છે કે જેઓ સર્જનના ઈશ્વર જેમણે પૃથ્વી ઉપર આવવા માટે પોતાને નમ્ર કર્યા તેમનાથી આકર્ષિત થવાના બદલે પોતાને ઊંચા કરનાર 'ગુરૂ'ઓ દ્વારા વધુ આકર્ષિત બને છે.

મુસ્લિમ જગત પણ તેના વિશ્વાસને ફેલાવવામાં અદ્‌ભુત ઝંખનાનું પ્રદર્શન કરી રહ્યું છે. તેઓના તેલીયા ડૉલરો અને તેઓની વૃદ્ધિ પામતી રાજકીય ઝલક થોડા વર્ષ અગાઉ અશક્ય લાગતા ધોરણ ઉપર પોતાની સરહદોને વિસ્તૃત કરવા માટે તેઓને સમર્થ બનાવ્યા છે. તેઓની એક સૌથી 'પવિત્ર' મસ્જીદ જેને ડોમ ઓફ ધી રોક કહેવાય છે અને યરુશાલેમમાં ટેમ્પલ માઉન્ટ ઉપર આવેલી છે ત્યાંથી તેઓ ઈશ્વરના શુભસંદેશના હાર્દનો દઢપણે નકાર કરી રહ્યાં છે. ડૉમ ઓફ ધી રોકની આસપાસ અરેબિક

---

*(Contd... 77)* વિચારોને ઈસુ જે સાચો પ્રકાશ છે (યોહાન ૧:૯) તેવું બાઈબલ જાહેર કરે છે તેમનાથી વેગળા દોરી જાય છે. ત્યાર પછી જ્યારે મેસોન માસ્ટર મેસોન બને છે ત્યારે તેને ઈશ્વરનું વધુ એક નામ શીખવવામાં આવે છે જે નામ 'ઝબુલોન' છે. આ નામ ખરેખર તો યહૂદી અને મધ્યપૂર્વના ઈશ્વર માટેના નામોનું સંયોજન છે. તે 'યહોવા' માટે 'ઝાહ' 'બૂલ' (બઆલનું સ્વરૂપ) 'ઓન' માંથી કાઢી લેવામાં આવ્યો છે. જે ઈજિપ્તવાસીઓના સૂર્ય-દેવનો ઉલ્લેખ કરે છે. આ સર્વધર્મસારસંગ્રહનું, વિવિધ માન્યતાઓને સંયોજિત કરવાના તેના વ્યર્થ પ્રયત્નોનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ઈસુએ પોતે કહ્યું હતું, "તારામાં જે અજવાળું છે, તે જો અંધકારરૂપ હોય તો તે અંધકાર કેટલો મોટો !" (માથ્થી ૬:૨૩)

ભાષામાં લખાયેલ શીર્ષક નોંધે છે : ‘‘ઈશ્વર એકાકીજનિત નથી અને તે જનક તરીકે પેદા કરી શકતા નથી.’’ તેમ છતાં બાઈબલ નોંધે છે :

> *‘‘કેમકે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો **એકાકીજનિત દીકરો** આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે’’ (યોહાન ૩:૧૬)*

અને આધ્યાત્મિક ભ્રમ કેવળ ધાર્મિક જગત સાથે જોડાએલો નથી. બીનસાંપ્રદાયિક જગતે માનવતાવાદી ફિલસૂફી જે એમ માને છે કે માણસ સૃષ્ટિનું કેન્દ્ર છે અને સમાજનો સર્વોચ્ચ હેતુ માણસનો વિકાસ છે તે વિચારને પકડી લીધો છે. માનવતાવાદનો પ્રચાર યુનિર્વસિટીઓમાં, દૈનિક સમાચારપત્રોમાં, મલ્ટીનેશનલ કોર્પોરેટ સેમિનારોમાં, જાહેર મેંગેઝીનોમાં તથા રેડિયો અને ટેલીવિઝનો ઉપર થાય છે. ‘‘તમારું પોતાનું જતન કરો’’ તે સ્વાર્થી વિષયને જાહેરાત કરતા વિશ્વ દ્વારા લોકપ્રિય બનાવવામાં આવ્યું છે.

માનવતાવાદ મનુષ્યની ભક્તિ કરતાં કાંઈ જ વિશેષ નથી તે ખરેખર કેટલાએક વિચારે છે તેમ કોઈ નવી ફિલસૂફી નથી. પાઉલના સમયમાં ઈશ્વરે કહ્યું : ‘‘કેમકે તેઓએ દેવના સત્યને બદલે અસત્ય સ્વીકાર્યું અને ઉત્પન્નકર્તાની ભક્તિ ન કરતાં ઉત્પન્ન કરેલાની ભક્તિ તથા ઉપાસના કરી.’’ (રોમન ૧:૨૫). માનવતાવાદીઓને સાચે જ નમ્ર કરે તેવું શું હોવું જરૂરી છે તેવું ઈશ્વર પૂછે છે : ‘‘જ્યારે મેં પૃથ્વીના પાયા નાખ્યા ત્યારે તું ક્યાં હતો ? જો તને સમજણ હોય, તો કહી દે’’ (અયૂબ ૩૮:૪) આ જૂની વાત છે. જ્યારે શેતાન હવા પાસે આવ્યો ત્યારે તેણે અશક્યતાને શક્યતામાં ફેરવી નાખતા એમ કહ્યું, ‘‘તમે ઈશ્વરના જેવા થશો ?’’ (ઉત્પત્તિ ૩:૫) આપણા દિવસોમાં શેતાને બીનસાંપ્રદાયિક માનવતાવાદના છેતરામણા શિક્ષણ મારફતે પોતાનું અધમ કાર્ય સતત ચાલુ રાખ્યું છે.

તમે કદાચિતને આધુનિક યુવાન છો અને તમને રાજકીય અને ધાર્મિક પરિસ્થિતિ દ્વારા ‘‘કોઈ અસર’’ પહોંચતી નથી. તમારા માટે રાજકીય આગેવાનો શંકાસ્પદ છે અને ધર્મ અવ્યવહારિક છે. તમે પોતાની ઉંમરના

જૂથ સાથે જોડાવાનું પસંદ કરો છો અને વ્યક્તિગત પરિપૂર્ણતા માટે બીજે કાંઈક ધ્યાન આપો છો. તમે વિચારો છો કે જીવનશૈલીનું વર્ણન કરતું સંગીત-ગીતો જેવાકે “Punk rock” “new wave music”, heavey metol અથવા બીજા કોઈક ગીતો તમે જે સ્થિતિમાં છો તે એકલતાના વિશ્વમાંથી તમારો છુટકારો કરશે.

અલબત તમે જે શબ્દો સાંભળો છો અને ડાન્સ કરો છો તે વિશે સજાગ રહો. જો કે આ રીતે તમે તેનું વર્ણન કરવાને ન ઇચ્છો તેમ છતાં તમે સહમત થશો કે તેનો મોટો ભાગ શેતાનિક, ક્રૂરતામાંથી જાતીય આનંદ માણવાની વૃત્તિ અને જાતીયતાનું સંમિશ્રણ હોય છે. અનેક વખત નર્કની ભયાનકતાને અર્થવિનાના અસ્તિતવને માની લીધા પ્રમાણેના આકર્ષક વિકલ્પ તરીકે સંગીતમાં રજૂ કરવામાં આવે છે. એવું વાતાવરણ કેટલીક વખત પ્રચંડ ક્રોધાવેશી હિંસા સુધી પહોંચે છે અને આ આચ્છાદન નીચે યુવાનોની એકતા એકબીજાનો તથા પોતાનો વિનાશ કરવા તેઓને ઉત્તેજીત કરે છે.

લોસ એન્જલસના શહેરની એક જગ્યા વિશે હું તમને જણાવવાને ઈચ્છું છું. અમુક સમય સુધી શબને રાખવાનું મકાન જેને ‘ધી રેફ્રીજેટર’ તરીકે ઓળખાય છે. અહીં ૬૦૦ મૃત શરીરો જેમાંના કેટલાક યુવાનોના શરીરો છે તેને ત્રણ મહિના સુધી એવી આશા સાથે રાખવામાં આવે છે કે કોઈક વ્યક્તિ તેઓની ઓળખવિધિ કરી આપે. ‘અનામી’ તરીકેની ચીઠ્ઠી તેઓના અંગૂઠા ઉપર બાંધેલી હોય છે. આ કમનસીબોમાંના મોટા ભાગનાને આખરે ઓળખવિધિ કર્યા વિના જ કંગાળ સ્થિતિમાં કબરોમાં દફનાવવામાં આવે છે. તેઓમાંના મોટાભાગના નશીલી પરિસ્થિતિમાંથી આવતા હોય છે અને વર્તમાન સમયમાં લાખો ઘરોમાં સાંભળવામાં આવતા સીડી પ્લેયર અને ડિસ્કોમાંથી પ્રગટ થતા એ જ સંદેશા ઉપર તેઓએ પ્રતિક્રિયા આપેલી હોય છે. તેઓએ ખોટી નિશાનીનું અનુસરણ કર્યું હોય છે. હવે માર્ગના અંતભાગમાં પરિવર્તન કરવાનું બહુ મોડું થઈ ગયું હોય છે. જો તેઓએ પ્રભુ ઈસુના શબ્દો સાંભળીને તેને સ્વીકાર્યા હોત, જેમણે કહ્યું, ‘‘તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું’’ (યોહાન ૧૦:૧૦).

અને ''અંધકારની કળા''માં અભિરૂચિની અસાધારણ વૃદ્ધિ આ સઘળી મૂંઝવણમાં હવે વધારો કરે છે. ભરોસાપાત્ર માહિતી દર્શાવે છે કે અંધકારભર્યા યુગો તરીકે જાણીતા છે તે સમયમાં હતું તેના જેવી જ મંત્રતંત્રશાસ્ત્રમાં સક્રિય અભિરૂચિ આજના દિવસોમાં પ્રવર્તમાન છે. અને આ વલણ આજના કહેવાતા ''વૈજ્ઞાનિક શોધખોળોના'' જમાનામાં જોવા મળે છે.

અસંભવ્ય એવા સ્થળોમાં શેતાનના ભક્તજનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. લંડનના શહેરોમાંથી આવેલા વ્યવસાયીકો 'બ્લેક મેસ' (અંધકારમય મોટા સંમેલન)ની ઉજવણી કરવા કેનસીગ્ટોનમાં એકત્રિત થઈ રહ્યાં છે. 'જાદુગરો - ભૂવાઓ' યુરોપ તેમજ વેન્કૂપર ટાપુઓ જેવી સુંદર આંતરગત જગ્યાઓમાં પણ જોવા મળે છે. આફ્રિકામાંથી આવેલી વંશ પરંપરાગત અંધકારમય આદતો સમગ્ર વિશ્વમાં આત્માને લગતી બેઠકોમાં પુનઃદોહરાવવામાં આવી રહી છે. વિવિધ પાર્લર રમતો જેવી કે 'Dungeons and Dragons' અને 'Ouija Board' દુષ્ટ અને નિસર્ગાતીત સાથે લોકોના વધતા જતા આકર્ષણને પોષણ આપી રહી છે. આ પ્રકારની ઈન્દ્રિગમ્ય બાબતો આડંબરભરી આધ્યાત્મિક ઈન્તેજારીનું પરિણામ છે. ઈશ્વર માટેની તેઓની ગેરમાર્ગે દોરાતી ઝંખનામાં અનેક લોકો કેવળ ઈશ્વરના અજવાળા **તરફથી** પીઠ ફેરવે છે એટલું જ નહિ પણ કાંઈક પ્રકારની જૂઠ્ઠી, ખાલીખમ આધ્યાત્મિક પરિપૂર્ણતા માટે મંત્રતંત્રશાસ્ત્રના અંધકાર **પ્રતિ** આગળ વધે છે. અને આ બધું જ જેને આપણે સુશિક્ષિત વિશ્વ તરીકે ઓળખીએ છીએ તેમાં સ્થાન પામે છે.

અંત દિવસો સંબંધી ઈશ્વરે જે કહ્યું હતું તેને આપણે સારી રીતે યાદ કરીએ છીએ. તેમણે આપણને અંત સમયોની મહાન ભ્રમણાની સાથે ઉદ્ભવતા 'ચિહ્નો અને અદ્ભુત કામો' અને 'જુઠ્ઠા પ્રબોધકો' સંબંધી ચેતવણી આપી હતી. હકીકતમાં ઈશ્વર આપણને જણાવે છે કે મોટી છેતરામણી કરનાર પ્રગટ થશે જેના પાપમય કાર્યો, ''શેતાનના ઠરાવ્યા પ્રમાણે સર્વ પ્રકારનાં ખોટાં પરાક્રમો, ચિહ્નો તથા ચમત્કારો સાથે, તેમ જેઓએ પોતાના તારણ અર્થે પ્રેમથી સત્યનો અંગીકાર કર્યો નહિ અને

જેઓનો વિનાશ થાય છે તેમને માટે દરેક જાતના પાપરૂપ કપટ સાથે તે (અધર્મી પુરુષ) પ્રગટ થશે.'' (૨ થેસ્સા. ૨:૯,૧૦)

જૂઠા શિક્ષણ અને દુષ્ટ આદતોમાં વધતી જતી અભિરૂચિને કારણે નાસ્તિકતા, ખાલીખમ ઓળખ અને આશાવિહિનતાના વિરોધી બળોથી ઢંકાએલા દેશો અને સમજોની સંખ્યામાં વધારો થતો રહ્યો છે તે સમજવું અઘરૂં રહ્યું નથી. શેતાનની દિશાસૂચક નિશાનીઓ એટલી બધી છે કે જેનો ઉલ્લેખ પણ કરી શકાય નહિ. પરંતુ તમે ખાતરી રાખી શકો કે તેમાંની એકપણ નિશાની તેઓને માનવીના એક માત્ર ઉદ્ધારક તરીકે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ દોરી જતી નથી.

જીવન વિશે દુનિયાના ગમગીન ચિત્રની વિરૂદ્ધમાં ઈશ્વરનો સંદેશ ચોક્કસપણે ધૂંધળો, મૂંઝવણભર્યો અને મરણને લગતો નથી. તેમનો સંદેશ તો ખ્રિસ્તમાં શોધી શકાય છે તેવી આશા, ખાતરી અને ભવ્યતાનો છે. ઈશ્વર માટે તમારી ઝંખનામાં તમે બાઈબલનું વાંચન કરો ત્યારે પવિત્ર આત્મા તમને હંમેશા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ દોરી જશે જેમણે કહ્યું છે, ''માર્ગ તથા સત્ય તથા જીવન હું છું, મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.'' (યોહાન ૧૪:૬)

ઈશ્વરે તમને જૂઠી દિશાસૂચક નિશાનીઓ જે તમને ગેરમાર્ગે દોરી જઈ શકે તે સંબંધી ચેતવણી આપી છે. તેમણે તમારા વિચારો ઉપર વાદળરૂપ બને તેવી વધતી જતી ભ્રમણા વિશે પણ તમને માહિતગાર કર્યા છે. હવે તે તમને આ વચન (Promise) આપે છે :

> *''કેમકે જે ઈરાદા હું તમારા વિશે રાખું છું તેઓને હું જાણું છું ...એ ઈરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે. તમે મને હાંક મારશો, ને તમે જઈને મારી પ્રાર્થના કરશો એટલે હું તમારું સાંભળીશ. તમે મને શોધશો, ને તમે તમારા ખરા હૃદયથી મને ઢુંઢશો ત્યારે હું તમને મળીશ, 'એવું પ્રભુ કહે છે''' (યર્મિયા ૨૯:૧૧-૧૪)*

### *વિચાર કરવા થોભો*

૧. કેવા પ્રકારના વિચારો (મન) સર્જનહારને બદલે સર્જનની ભક્તિ કરશે ? (રોમન ૧: ૨૨-૨૮ વાંચો).

૨. ઈશ્વર માટે તમારી ઝંખનામાં તમે અનુભવો છો તેવી કોઈપણ બૌદ્ધિક સમસ્યાને ખુલ્લી કરશે તેવી ચાવી કઈ છે ? (યોહાન ૭:૧૭ વાંચો)

શું તે તમારા વિચારો (મન) છે ?

શું તે તમારી ભાવના અને ઇચ્છાશક્તિ છે ?

૩. શું ઈશ્વરે તમને પોતાની તરફ દોરી લાવવા તમને સ્પષ્ટ ‘દિશાસૂચક નિશાની’ આપી છે ? (યોહાન ૮:૧૨ વાંચો)

*ઘણા વર્ષો અગાઉ ઈંગ્લેન્ડમાં એક નાના છોકરાએ પોતાના સન્ડેસ્કૂલના શિક્ષકને વર્ગમાં પ્રશ્ન પૂછયો : "શું ઈશ્વર તોફાની કે મસ્તી ખોર છોકરાને પ્રેમ કરે છે ?" અને શિક્ષકે પ્રત્યુત્તર આપ્યો, "ના, ચોક્કસ તે તેમ કરતા નથી." અરે, છોકરાને તેમ કહેવાનું કેવું પ્રયોજન વિનાનું દુર્ભાષિણ ! જો ઈશ્વર તોફાની છોકરા ઉપર પ્રેમ કરતા ન હોત તો તેમણે કદી જ મારા જેવા પર પ્રેમ કર્યો નહોત ! સેક્સપીયર કહે છે, "પ્રેમ જ્યારે પરિવર્તન લાવતો હોય ત્યારે જો તે બદલાઈ જતો હોય તો તે પ્રેમ નથી."*

*જી. કેમ્પબેલ મોર્ગન.*

# પ્રકરણ ૭

# શું ઈશ્વર સાચે જ મને પ્રેમ કરે છે ?

તમારા માટે ખૂબ મહત્ત્વની છે તેવી કોઈક વ્યક્તિના પ્રેમ સંબંધી તમે શું પ્રશ્ન પૂછયો છે ? અથવા તમે પ્રેમ કરો છો તે સંબંધી તેઓ વિશ્વાસ કરતા નથી તેવા કોઈકની સમક્ષ તમે તેને કદીપણ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે ? બંને કિસ્સાઓમાં તમે જાણો છો કે એવા સમય આવે છે કે જ્યારે સાચા પ્રેમને શબ્દો કરતાં કાર્યો દ્વારા અભિવ્યક્ત કરવો તે વધુ સારું હશે.

કાર્યો શબ્દો કરતાં વધારે સમર્થ હોવાને લીધે ઈશ્વરે વધસ્તંભ ઉપર ઈસુ મરણ પામ્યા ત્યારે તેમણે શું કર્યું હતું તે દ્વારા તમારા માટેના પોતાના પ્રેમનું નિદર્શન કર્યું હતું. જ્યારે તમે આ વાતના રહસ્યની સમજણ મેળવશો ત્યારે ઈશ્વર ખરેખર તમને પ્રેમ કરે છે તેની સમજણ મેળવવા માટે તમને બીજા કોઈ ખુલાસા દ્વારા સહાય કરવાની આવશ્યકતા રહેશે નહિ.

ખ્રિસ્તનો મેં સ્વીકાર કર્યો તે પછી મેં બ્યૂગલ બજાવનાર એક યુવાન છોકરાની અને સૈનિકની વાત વાંચી હતી. તેઓ બંને ઘોર યુદ્ધ દરમિયાન સૈન્યમાં ફરજ બજાવતા હતા. બ્યૂગલ બજાવનાર છોકરો વિલિ હોલ્ટને ઈશ્વરની બીક નહિ રાખનાર સાત સૈનિકોના એક તંબુમાં ફરજ બજાવવાની સોંપણી કરી ત્યારે તે બાર વર્ષનો હતો. આ માણસોમાંનો એક બીલ હતો. તેમ છતાં વિલની જેમ બીલ પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરનાર સમર્પિત નહતો. પ્રત્યેક રાત્રે વિલ પોતાના બીછાના આગળ શાંત પ્રાર્થના માટે ઘૂંટણે

પડતો અને પોતાનું બાઈબલ વાંચતો. તે આમ કરતો ત્યારે અન્ય સૈનિકો તેની મશ્કરી કરતા અને શાપ આપતા હતા.

એક દિવસે લશ્કરના અધિકારીએ સૈનિકોને પરેડ માટે બોલાવ્યા. વિલ અને બીલને કામ સોંપવામાં આવ્યું હતું તે તંબુમાં ચોરના સગડ મળ્યાં હતાં. અપરાધીને શોધી કાઢવાના તનતોડ પ્રયત્નમાં લશ્કરના અધિકારીએ બધા જ સૈનિકોને છેલ્લી ચેતવણી આપી હતી. તેણે કહ્યું, ''મારી અગાઉની ચેતવણી કોઈ રીતે ઉપયોગી બની નથી. છેલ્લી રાત્રે ચોર ફરીથી આવ્યો હતો. આજે હું ગુનેગારને પોતાની ઓળખ આપવાની આખરી ચેતવણી આપું છું અને માણસની જેમ તે પોતાની શિક્ષાનો સ્વીકાર કરે. જો તે કોઈ જ પ્રતિભાવ આપશે નહિ તો લશ્કરના પ્રત્યેક સૈનિકને પોતાના ઉઘાડા બરડા ઉપર ચાબુકના દસ કોરડા ખાવાની શિક્ષા કરવામાં આવશે. પરંતુ જો તમારામાંનો એક શિક્ષા સહન કરવા માટે આગળ આવશે તો અન્ય સૈનિકોનો બચાવ થઈ શકશે.''

તણાવભરી શાંતિ પછી વિલી આદરભાવ સાથે ઊભો થયો, આગળ આવ્યો અને કહ્યું, ''સાહેબ, તમે હમણાં જ જણાવ્યું કે ''જો એક માણસ આગળ આવીને શિક્ષા સહન કરશે તો બાકીના અન્યનો બચાવ થશે. તેથી સાહેબ, હું તે શિક્ષા સહન કરનાર માણસ થઈશ.'' ક્રોધ સાથે લશ્કરના અધિકારીએ અજાણ્યા એવા ડરપોકની વિરૂદ્ધ મોટા અવાજે કહ્યું, ''તમે આ નિર્દોષ છોકરાને કઈ રીતે તમારી શિક્ષા સહન કરવા દઈ શકે ?'' એક પણ વ્યક્તિએ પ્રત્યુત્તર આપ્યો નહિ. લશ્કરના અધિકારીએ કહ્યું, ''તો પછી આ નિર્દોષ છોકરો અપરાધી માણસ માટે શિક્ષા ભોગવે તેવું અધમ દૃશ્ય તમે સર્વ નિહાળશો.''

પોતાના શબ્દોનું પાલન કરતા લશ્કરી અધિકારીએ વિલીના બરડાને ખુલ્લો કરવાનો હુકમ કર્યો અને પછી કોરડાના ક્રૂર ચાબકા મારવાનું શરૂ કર્યું. વિલી કઠોર મારને કારણે બેભાન બની ગયો. અચાનક બીલ આ ક્રૂર ચાબકાના મારને વધુ સમય નીહાળી શક્યો નહિ અને તે પોતાની

કતારમાંથી આગળ દોડી આવ્યો અને મોટા અવાજે કહ્યું, ''થોભી જાઓ ! હું ચોર છું. હું મારી પોતાની શિક્ષા સહન કરીશ.'' પોતાની મૂર્છામાંથી બહાર આવતા વિલીએ માયાળુપણે પોતાની આંખો બીલ સામે ઊંચી કરી અને ધીમા અવાજે કહ્યું, ''કાંઈ વાંધો નહિ બીલ, લશ્કરી અધિકારી હવે પોતાનો હૂકમ પાછો ખેંચી શકતો નથી. હું તારી સઘળી શિક્ષા સહન કરી લઈશ.'' અને તેણે તેમ કર્યું !

યુવાન વિલી પોતાના કોરડાના મારની અસરમાંથી કદી જ સાજાપણું પામી શક્યો નહિ. પરંતુ વિલી સ્વર્ગમાં ગયો તે અગાઉ બીલ હવે ભંગીત થએલો વ્યક્તિ હતો, તેના બીછાના પાસે રડતો અને કહેતો : ''શા માટે વિલી ? તેં મારા લીધે તે શા માટે કર્યું ? હું તેને યોગ્ય નથી.'' વિલીનો પ્રત્યુત્તર સરળ હતો અને તેણે કહ્યું, ''બીલ, ઈશ્વર તને પ્રેમ કરે છે તે જણાવવાનો મેં અનેક વખત પ્રયત્ન કર્યો પરંતુ તું હંમેશા મઝાક કરતો. મેં વિચાર્યું કે જો હું તારી શિક્ષા સહન કરું તો ઈસુ તને કેટલો બધો પ્રેમ કરે છે કે તે તારું સ્થાન લેવા વધસ્તંભે જડાયા અને તારા પાપ માટે મરણ પામ્યા તેની સમજણ મેળવવામાં તને સહાય મળી શકે.'' વિલી સ્વર્ગમાં ગયો તે અગાઉ બીલે પ્રેમાળ ખ્રિસ્ત દ્વારા વિના મૂલ્ય અપાયેલ બક્ષિસ - તારણ - ઉદ્ધારનો સ્વીકાર કર્યો હતો.

ખોવાઈ ગયેલી માનવજાત માટે સ્વર્ગે ખ્રિસ્તમાં તેના વિજયવંત બચાવની કામગીરી હાથ ધરી હતી. અને તે તો પ્રેમ - આપણા પ્રત્યેક માટે ઈશ્વરનો પ્રેમ - હતો, જે ખ્રિસ્તના બલિદાન અને દુઃખસહનના અનોખા કાર્યથી પ્રવૃત્તિ થયો હતો.

## *સંપૂર્ણ માણસ*

ગલગથાની ટેકરી ઉપર ત્રણ વધસ્તંભો ઊભા કરવામાં આવ્યા હતા. તેઓમાંના બે વધસ્તંભ ઉપર ચોરોને જડવામાં આવ્યાં હતાં. આ બંને અપરાધીઓ વચ્ચે પ્રભુ ઈસુને ખીલા મારી જડવામાં આવ્યા હતા અને ત્યાં તે મરણ પામ્યા.

ક્રૂસારોહણના દુઃખના પોતાના અંતિમ કલાકો દરમિયાન ચોરોમાંના એકે દેખીતી ન્યાય વિષયક વ્યવસ્થા જેની હેઠળ ત્રણેયને મરણની સજા ફરમાવવામાં આવી હતી તે સંબંધી પોતાનું મંતવ્ય અભિવ્યક્ત કરવાનું સાહસ કર્યું હતું. તેની મૂળભૂત ચિંતા તેના પોતાના શારીરિક દુઃખ કે મુશ્કેલી સંબંધી નહોતી તે જોતાં આશ્ચર્ય થાય છે. પણ તેને બદલે તેના વિચારો રોમન ન્યાયાધીશ મંડળે કઈ રીતે પોતાની મર્યાદા બહાર જઈને ઈસુને બે ચોરોની જેમ એકસરખા મરણની સજા ફરમાવી હતી તે તરફ વાળ્યા હતા. આ આંખે દેખાય તેવો અન્યાય તેને મૂંઝવણમાં મૂકતો હોય તેવું લાગે છે. મરણ પામતો ચોર પોતાના અંતિમ સમય તરફ જઈ રહ્યો હતો ત્યારે તેણે સ્પષ્ટપણે અને નમ્રતાપૂર્વક ત્રણ ખૂબ વિચક્ષણ અવલોકનો રજૂ કર્યા હતા.

પ્રથમ : ‘‘આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ’’ તે સંક્ષિપ્ત અને નમ્ર વિધાન દ્વારા મરતા ચોરે પોતાના અપરાધ માટેની પોતાની વ્યક્તિગત જવાબદારી સ્વીકારી હતી અને એ રીતે તેનો પોતાનો વ્યક્તિગત અપરાધ સ્વીકાર્યો હતો.

બીજું : ‘‘આપણે તો વાજબી રીતે (ભોગવીએ છીએ) ....’’ આપણા સમયમાં નાની નજીવી ચોરીને અને લૂંટ સાથેના હિંસક કાર્યને એકસરખું સ્થાન છે ત્યારે પ્રથમની સદીમાં પ્રત્યેક અપરાધોને કેટલી ગંભીરતાપૂર્વક જોવામાં આવતા હશે તેની સમજણ મેળવવી મુશ્કેલ છે. પરંતુ ત્રણ સંક્ષિપ્ત શબ્દોમાં મરતા ચોરે પોતાની ખાતરીને વ્યક્ત કરી હતી કે તેના દિવસોમાં તેના દેહાંતદંડનું ફરમાન વ્યાજબી અને ન્યાયી એમ બંને હતું. આપણે તે વાજબી રીતે (ભોગવીએ છીએ).

ત્રીજું : ‘‘પણ આ માણસે કંઈ પણ ખોટું કર્યું નથી.’’ આ ચોરે તેનો પોતાનો અપરાધ કઈ રીતે સ્વીકાર્યો હતો અને તેણે ન્યાયવિષયક વ્યવસ્થાના ન્યાયને કઈ રીતે માથે ચઢાવ્યો હતો તે વિશે વાંચવું જો કે નોંધપાત્ર છે છતાં તેની બાજુમાં વધસ્તંભે જડાયેલા ઈસુ માટેની તેની ચિંતા વિશે વાંચતા ખરેખર

આશ્ચર્ય થાય છે. મરતા ચોરે અવલોકન કર્યું કે આ માણસ - આ ઈસુ દોષરહિત હતા અને તેથી અન્યાયી રીતે તેમને મરણની શિક્ષા થઈ રહી હતી.

વધસ્તંભ ઉપર ટંકાએલા ચોરને તેના પોતાના પાપની ખાતરી થઈ ગયા પછી ઈસુ તરફ ફર્યા સિવાય હવે બીજી કોઈ આશા નહોતી. તેથી તેણે પ્રામાણિકપણે વિનંતી કરી, ‘‘હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે’’. અપરાધની અને જરૂરીઆતની આવી પ્રામાણિક કબુલાતનો તે હંમેશા પ્રત્યુત્તર આપે છે તેમ પ્રભુ ઈસુએ તત્કાળ વચન આપ્યું હતું, ‘‘આજ તું મારી સાથે પારાદેશમાં હોઈશ.’’ (લૂક ૨૩ઃ૩૯-૪૩)

તે દિવસે મરતા ચોરને, પ્રભુ તરફ ફરનાર પ્રત્યેક પશ્ચાતાપ કરનાર પાપીની જેમ અનંતજીવનની ખાતરી પ્રાપ્ત થઈ હતી. તે યોગ્ય વ્યક્તિ - પ્રભુ ઈસુ ખ્રિસ્ત - તરફ ફર્યો હતો અને તેણે યોગ્ય જગ્યાએ - વધસ્તંભ જ્યાં ખ્રિસ્ત મૃત્યુ પામ્યા હતા - તેમની દયા માટે વિનંતી કરી હતી.

હા, તે આદરયુક્ત ભયાવહ દિવસે, મરતા ચોરની દૃષ્ટિમાં પ્રભુ ઈસુ ખરેખર **નિરાપરાધી** હતા. તેમ છતાં તે પછીના સમયે બે શિષ્યો તેઓના અવલોકનમાં વધુ સ્પષ્ટ હતા. તેઓએ સાક્ષી આપી કે ઈસુ **પાપરહિત** હતા. આ પ્રત્યેક શિષ્યોએ અને પાઉલે પણ સાથે મળીને ઈસુના પાપરહિતપણા વિષે પોતાની વ્યક્તિગત સાક્ષીની નોંધ કરી હતી.

**પિતર,** પ્રભુ ઈસુનો નિકટનો મિત્ર આવેશમય કાર્યના માણસ તરીકે જાણીતો હતો. તેથી જ્યારે તેણે ઈસુના પાપરહિતપણા વિશે સાક્ષી આપી હતી ત્યારે તેણે કાર્ય દર્શાવનાર શબ્દનો ઉપયોગ કર્યો હતો : તેણે (પ્રભુ ઈસુએ) કંઈ પાપ **કર્યું** નહિ (૧ પિતર ૨ઃ૨૨)

**યોહાન**ને પણ પ્રભુ ઈસુ સાથે અતિ વિશેષ મિત્રતા હતી. પરિણામે તેના પ્રભુ લોકોની ભીડથી દૂર હોય તેવા સમયે અનેક વખત તેમનું નિરિક્ષણ કરવાની તક તેને મળી હતી. આ તેના લાભદાયી દૃષ્ટિકોણથી યોહાને સ્પષ્ટપણે સાક્ષી આપી હતી કે, ‘‘તેનામાં (પ્રભુ ઈસુમાં) પાપ **નથી.** (૧ યોહાન ૩ઃ૫)

**પાઉલ,** બીજી રીતે ખ્યાતિ પામેલા કેટલાક અસાધારણ વિદ્વાન વ્યક્તિ તરીકે જાણીતો હતો. તેથી પાઉલ જેવો જ્ઞાન અને શિક્ષણ પામેલો વ્યક્તિ પ્રભુ ઈસુ વિશે બોલ્યો તે આશ્ચર્યજનક નથી, તેણે જાહેર કર્યું, ''તેણે પાપ **જાણ્યું** નહોતું'' (૨ કરિંથી ૫:૨૧). ખ્રિસ્તના પાપરહિત જીવન સંબંધી આવા ત્રણેય વ્યક્તિની અધિકારયુક્ત સાક્ષી સૌથી વધુ અસરકારક છે.

પરંતુ કેટલાએક આ વિચક્ષણ અવલોકનોને એમ કહીને રદીયો આપવાની ઈચ્છા રાખે કે, ''અરે, મરતો ચોર કે પ્રેરિત પિતર, યોહાન અથવા પાઉલને તટસ્થ સાક્ષીઓ તરીકે ગણાવી શકાય નહિ. મરતો ચોર જરૂરમંદ માણસ હતો અને પ્રેરિતો પ્રભુ ઈસુની પોતાની ભક્તિ દ્વારા અનુમાનોથી બંધાઈ ગયા હતા. ''સારૂં, તો પછી યહૂદિયા પ્રાંતનો રોમન રાજ્યપાલ પોંતિયસ પિલાત સંબંધી શું કહી શકાય ? ''તે ખ્રિસ્તનો મિત્ર નહોતો તેવું ચોક્કસ ગણાવી શકાય. તેમ છતાં ઈસુનું મરણ નીપજાવવાના હેતુસર તેમની વિરૂદ્ધ જેઓ ખોટું તોહમત મૂકતા હતા તે આરોપ મૂકનારાઓને પ્રત્યુત્તર આપતા પિલાતે જાહેર કર્યું :

> *''પણ મેં તમારી આગળ તેની તપાસ કર્યા છતાં જે વાતોનું તમે તેના પર તહોમત મૂકો છો તે સંબંધી કંઈ પણ અપરાધ આ માણસમાં મને જણાયો નથી.'' (લૂક ૨૩:૧૪)*

પરંતુ સ્વર્ગમાં પોતાના રાજ્યાસન પર બીરાજમાન ઈશ્વર પિતા તરફથી કરેલી જાહેરાત દ્વારા આ સર્વ માણસોની સાક્ષીની સરખામણીની શું વીસાત છે ? જ્યારે વ્યક્તિ જાહેરમાં લોકોને સંબોધન કરે ત્યારે તે વ્યક્તિની ઓળખ મૃદુતાથી કરવામાં આવે તે યોગ્ય અને ઉચિત છે. તેવી જ રીતે જ્યારે ઈસુ તેમની પોતાની જાહેર ધર્મસેવા શરૂ કરવાના હતા ત્યારે ઈશ્વર પિતાએ પોતાના એકાકિજનીત દીકરાની ઓળખ આપવાની તકને પોતાના માટે આરક્ષિત રાખી હતી. આકાશમાંથી ગર્જના સાથે વાણી ઉચ્ચારતા ઈશ્વર પિતાએ જાહેર કર્યું, ''આ મારો વહાલો દીકરો છે તેના પર હું પ્રસન્ન છું'' (માથ્થી ૩:૧૭).

ઈશ્વર પિતા જાણતા હતા કે ઈસુ આ જગતમાં માનવદેહમાં ઈશ્વરે માણસને જેમ જીવવા માટે ઉત્પન્ન કર્યો છે તેમ તે જીવશે. સઘળા અન્ય વ્યક્તિ ઈશ્વરના મહિમાથી અધૂરા માલૂમ પડ્યા છે. (રોમન ૩:૨૩) પરંતુ ઈસુ તેવા નહોતા ! તે પ્રત્યેક રીતે સંપૂર્ણ હતા. તેથી જ્યારે ઈસુ પોતાની જાહેર ધર્મસેવાનો પ્રારંભ કરે ત્યારે તેમના પિતાએ તેમની ઓળખ આપી હતી અને તે તેમના પવિત્ર પિતા હતા. (યોહાન ૧૭:૧૧) જે પોતાનો વ્હાલો પુત્ર જે રીતે જીવતા હતા તેનાથી પ્રસન્ન હોવાની અભિવ્યક્તિ કરી હતી.

આપણે અગાઉ ખુલાસો આપ્યો છે તેમ પ્રભુ ઈસુ ઈશ્વરથી કોઈ રીતે ઊતરતી કક્ષાના નહોતા. તેથી એ આદરયુક્ત અનુભૂતિ છે કે ઈશ્વરે પોતાને નમ્ર કર્યા અને કુવારીમાતાના પેટે જન્મ પામીને મનુષ્યનું રૂપ ધારણ કર્યું. તેમ છતાં માનવી તરીકે જો ઈસુ પોતાના સ્વર્ગીય પિતાને સંપૂર્ણ આધીન ન હોત તો તે પોતાના પિતાને કદી જ અપાર પ્રસન્નતા આપી શકતા નહોતા. છતાં તેમના પૃથ્વી પરના સમગ્ર પ્રવાસ દરમિયાન ઈસુ હંમેશા તેમના પિતાને આજ્ઞાધીન અને તેમના ઉપર આધારિત રહ્યા હતા. આ રીતે તેમનું માનવીપણું દુ:ખ, સ્વાર્થ અને પાપના જગતમાં તેમના સ્વર્ગીય પિતાની પવિત્રતા, પ્રેમ અને હેતુની પૃથ્વીજન્ય અભિવ્યક્તિ હતી.

હા, મનુષ્ય તરીકે ઈસુ આ એ જ પૃથ્વી જેનું ઈશ્વર તરીકે તેમણે સર્જન કર્યું હતું તેના ઉપર તે ચાલ્યા હતા. જો કે પ્રભુ ઈસુ ઈશ્વર કરતા સહેજેય ઊતરતી કક્ષાના નહોતા તોપણ ઈશ્વર માણસ પાસે કેવા જીવનની અપેક્ષા રાખે છે તે તેમણે તેત્રીસ વર્ષો સુધી માણસોને દર્શાવ્યું હતું. ઈસુના માનવદેહપણામાં ઈસુએ મનુષ્યને જે રીતનો ઈશ્વરે સૃજ્યો હતો તેનું કદી જ ઉલ્લંઘન કર્યું નહોતું. આ વર્ષો દરમિયાન તે હંમેશ પોતાના સ્વર્ગીય પિતાને સંપૂર્ણપણે ઉપલબ્ધ બન્યા હતા. તેથી ઈશ્વર પિતાએ પોતાના વ્હાલા પુત્રને મનુષ્યો મધ્યે **સંપૂર્ણ** માણસ તરીકે જીવતા નીહાળ્યા ત્યારે તે ઘણા જ પ્રસન્ન થયા હતાં.

દોષરહિત ! પાપવિનાના ! સંપૂર્ણ ! મરતા ચોર અને પોંતિયસ પિલાત માટે ઈસુ અપરાધ વિનાના હતા. પિતર, યોહાન અને પાઉલ માટે

ઈસુ કાંઈપણ પાપ નહિ કરનારા હતા. પવિત્ર સ્વર્ગીય પિતા માટે ઈસુ સંપૂર્ણ હતા. દોષરહિત ! પાપવિનાના ! સંપૂર્ણ ! - અને છતાં તે મરણ પામ્યા : આપણામાંના પ્રત્યેક માટે તેમના મહાન પ્રેમને કારણે આપણા માટે મરણ પામ્યા !

## *સીમા વિનાનો પ્રેમ*

હવે, તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરીને પ્રથમ 'શુભ શુક્રવાર'ના તે ગોઝારા પ્રસંગોને પ્રત્યક્ષ રીતે જેઓએ નીહાળ્યા હતા તેવા પ્રેક્ષકો સાથે જોડાઈ જવાનો પ્રયત્ન કરો અને જ્યારે તેઓએ ડરામણું દૃશ્ય નીહાળ્યું હતું ત્યારે તેઓને લોહીલુહાણ ભેદનું સ્પષ્ટીકરણ કરતું, આંચકો આપનારા દૃશ્યની ખાતરી થઈ હતી.

ઈસુની બંને બાજુઓ ઉપર ગુનેગારોને વધસ્તંભે જડવામાં આવ્યા હતા. આ બંને માણસો પોતાના સાથી માનવબંધુઓ સમક્ષ અપરાધી હતા અને બંને સર્જનહાર ઈશ્વરની સમક્ષ દોષિત હતા. દેશના નિયમો દ્વારા તેઓ બંનેને મરણની સજા કરવી આવશ્યક હતી.

આ બે માણસોની વચ્ચે ઈસુને તેમના પોતાના વધસ્તંભ ઉપર જડવામાં આવ્યા હતા. ચોરો સાથેના વિશાળ વિરોધાભાષમાં ઈસુ કેવળ મનુષ્યો સમક્ષ નિરાપરાધી અને પાપવિનાના હતા એટલું જ નહિ પણ પોતાના પવિત્ર પિતા સમક્ષ પણ તે સંપૂર્ણ હતા. હા, દેવ ખ્રિસ્ત... (૨ કરિંથી ૫:૧૯) નિષ્કલંક તથા નિર્દોષ હલવાન (૧ પિતર ૧:૧૯) તરીકે વધસ્તંભ ઉપર જડાયા હતા અને પાપીઓ માટે ખ્રિસ્તનું અવેજીરૂપ મરણ ઈશ્વરના પ્રેમાળ અંતઃકરણ દ્વારા સ્વૈચ્છિક રીતે થયું હતું.

ચોરો મરણને યોગ્ય હતા પરંતુ પ્રભુ ઈસુ ચોક્કસપણે નહિ. અગાઉ પોતાના ટીકાકારો સાથે વાતચીત કરતા ઈસુએ ખાતરી આપી હતી : ''હું મારો જીવ આપું છું કે હું તે પાછો લઉં. કોઈ મારી પાસેથી તે લેતો નથી, પણ... તે આપવાનો મને અધિકાર છે અને તે પાછો લેવાનો પણ મને અધિકાર છે.'' (યોહાન ૧૦:૧૭,૧૮) તેમનો પ્રેમ કેટલી હદ સુધી જશે તે

વિશે પોતાના શિષ્યોને ખુલાસો આપતા તેમણે કહ્યું, ‘‘પોતાના મિત્રોને સારૂ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી.’’ (યોહાન ૧૫:૧૩)

પ્રભુ ઈસુના મરણ અને પુનરુત્થાન પછી પ્રેરિત પાઉલે વધુમાં સમજાવ્યું, ‘‘આપણે તેનામાં (ખ્રિસ્તમાં) દેવના ન્યાયીપણારૂપ થઈએ માટે જેણે (ખ્રિસ્તે) પાપ જાણ્યું નહોતું તેને તેણે (ઈશ્વરે) આપણે વાસ્તે પાપરૂપ કર્યા.’’ (૨ કરિંથી ૫:૨૧) સદીઓ પછી આપણા પાપ માટે ખ્રિસ્તના અવેજરૂપ મરણનું સત્ય અર્થપૂર્ણ રીતે આ શબ્દોમાં અભિવ્યક્ત થયું હતું :

તમે મારું ન્યાયીપણું છો
હું પાપી હતો તમારી દૃષ્ટિમાં
જે મારુ હતું તે તમે લઈ લીધું
અને તમારું હતું તે મને આપ્યું,
તમે જે નહોતા તે તમે બન્યા
કે જેથી હું જે નહોતો તે હું બનું.

## *ઘઉંનો દાણો*

પોતાના તોળાઈ રહેલા મરણ વિશે વધુ સભાન એવા પ્રભુ ઈસુએ પોતાના શિષ્યો સમક્ષ અંતઃકરણ ખુલ્લુ કર્યું હતું. અને કહ્યું :

> *‘‘હવે મારો જીવ વ્યાકુળ થયો છે, હું શું કહું ? હે બાપ, મને આ ઘડીથી બચાવ. પણ એજ કારણને લીધે તો હું આ ઘડી સુધી આવ્યો છું, હે બાપ, તારા નામનો મહિમા (પ્રગટ) કર. ત્યારે એવી આકાશવાણી થઈ, કે મેં તેનો મહિમા (પ્રગટ) કર્યો છે અને ફરી કરીશ.’’ (યોહાન ૧૨:૨૭,૨૮)*

**પરંતુ તમે કદાચિતને વિતારમાં પડી જશો કે ઈશ્વર પિતા આવા રોમન ક્રૂસારોહરણના લોહીલૂહાણ દૃશ્યને કઈ રીતે મહિમાવંત કરી શકે?**

પ્રભુ ઈસુએ ઈશ્વર પિતાને પ્રાર્થના કરી તે અગાઉ તેમણે પોતાના

શિષ્યોને અગાઉથી યાદ કરાવ્યું હતું કે ફસલ આવે તે પહેલાં ઘઉંના દાણા માટે મરણ પામવું આવશ્યક હોય છે.

> *"હું તમને ખચીત ખચીત કહું છું, જો ઘઉંનો દાણો ભોંયમાં પડીને મરી નહિ જાય, તો તે એકલો રહે છે; પણ જો તે મરી જાય તો તે ઘણાં ફળ આપે છે." (યોહાન ૧૨:૨૪)*

પાપ વિનાના વ્યક્તિ તરીકે મરણનો ઈસુ ઉપર કોઈ જ અધિકાર નહોતો. પરંતુ તેમણે મરણ પામવાનું પસંદ કર્યું, તમારા અને મારા પાપ માટે અવેજરૂપ તરીકે તેમણે ક્રૂર મરણ સહન કર્યું. અને આ રીતે તે ઉદ્ધાર પામેલા લોકોની અનંત ફસલ લણી શકે. તેથી પ્રભુ ઈસુ પ્રત્યેક સાચા વિશ્વાસીને પોતાની યોજના જણાવે છે એટલું જ નહિ પણ પોતાનું વચન (Promise) પણ આપે છે.

> *(તેમની યોજના) હું બાપ પાસેથી નીકળીને જગતમાં આવ્યો છું, વળી હું જગતને છોડીને બાપની પાસે જાઉં છું. (તેમનું વચન) "જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ, જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ (રહો)." (યોહાન ૧૬:૨૮; ૧૪:૩)*

આ અદ્‌ભુત છે પણ અનોખુ પણ લાગે છે, તેઓ માટે તારનારનો અદ્‌ભુત પ્રેમ હોવા છતાં કેટલાક લોકો ક્ષમાની તેમની બક્ષિસનો હજુ પણ નકાર કરવાનું પસંદ કરશે. અન્ય કેટલાક તેમના મરણ સંબંધી નિષ્ક્રિય અને તટસ્થ રહેશે. તેમ છતાં ભલે લોકો સક્રિયપણે તારનારનો નકાર કરે અથવા તેઓ નિષ્ક્રિયપણે તેમની અવગણના કરે પણ પરિણામ એકસરખુ જ આવશે - અનંતકાળીક જીવનના એક માત્ર સ્ત્રોતથી, અનંત પ્રકાશ અને અનંતકાળીક પ્રેમથી સદાકાળની વિમુખતા. આ ભયંકર સ્થિતિનું વર્ણન આ શબ્દોમાં કરવામાં આવ્યું છે :

મરણ પામતા તમે મરણ પામશો
મરણ એ ખૂબ મોટુ મરણ હશે,
અનંતકાળીક મરણ હશે
સતત મરતા રહેશો છતાં કદી મરશો નહિ.

**તેમ છતાં તમને નર્કમાંથી કાઢવા અને તમને સ્વર્ગમાં લઈ જવા માટે જ પ્રભુ ઈસુ મરણ પામ્યા નહિ પણ સ્વર્ગમાંથી ઈશ્વરને લાવવા અને તમારામાં તેમનો વાસો કરાવવા મરણ પામ્યા હતા !**

ના, અનંતકાળીક જીવન એ કેવળ સ્વર્ગમાં મારા ભવિષ્યના જીવનની જ ખાતરી આપતું નથી. બાઈબલ સાચા વિશ્વાસીને એ પણ ખાતરી આપે છે કે અનંતકાળીક જીવન મહિમાવંત, વર્તમાન, વાસ્તવિકતાનું જીવન છે.

*"ઈશ્વરે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે, જેને (દેવનો) પુત્ર છે તેને જીવન છે, જેને દેવનો પુત્ર નથી, તેને જીવન નથી." (૧ યોહાન ૫:૧૧,૧૨)*

અનંતકાળીક જીવન વ્યક્તિમાં - પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં છે. અને જ્યારે તે માનવ અંતઃકરણમાં પોતાનું સ્થાન લે છે તે પળથી જ અનંતજીવનનો આરંભ થાય છે.

## *મહામૂલી કિંમત*

ખ્રિસ્તના વધસ્તંભ ઉપર ઈશ્વરની પવિત્રતા, ઈશ્વરનું ન્યાયીપણું અને ઈશ્વરનો પ્રેમ એ બધું જ બલિદાનના એક સર્વોપરી કાર્યમાં એકરૂપ થયું હતું. ત્યાં તેમની પવિત્રતાનું વ્યાજબીપણું પૂરવાર થયું હતું, તેમના ન્યાયને સંતોષવામાં આવ્યો હતો; અને ત્યાં તમારા અને મારા જેવા પાપી લોકોને ઈશ્વરના પ્રેમે આલિંગન આપ્યું હતું. પરંતુ તેમના માટે તે મહામૂલી કિંમત હતી.

ઓસવાલ્ડ ચેમ્બર્સ પોતાના દૈનિક મનનના પુસ્તક My Utmost for His Highestમાં આ આદરયુક્ત ચેતવણી રજૂ કરે છે :

> ઈશ્વરના પિતૃત્વના આનંદમય દષ્ટિકોણથી સાવધ રહો જે જણાવે છે, ''ઈશ્વર ખૂબ ભલા અને પ્રેમાળ છે તે કારણે તે આપણને ક્ષમા આપશે.'' આ લાગણીજન્ય વાતને નવા કરારમાં કોઈ પણ રીતે સ્થાન નથી. ઈશ્વર આપણા પાપની ક્ષમા કરે અને તેમની સાથે આપણું સમાધાન કરે તે કેવળ ખ્રિસ્તના વધસ્તંભ મારફતે છે. અને તે સિવાય બીજો કોઈ માર્ગ નથી. આ વાત સત્ય છે તેવી જો આપણે સમજણ મેળવીએ તો પણ વિશ્વાસની સરળતા સાથે પાપની ક્ષમા મેળવવી શક્ય છે અને ત્યાર પછી તે આપણને આપવા ઈશ્વર માટે કેવી મહામૂલી કિંમત ચૂકવનાર બન્યું હતું તેને વીસરી જઈએ.

વિલી હોલ્ટનના નિસ્વાર્થી કાર્યનો આપણે અગાઉ ઉલ્લેખ કર્યો હોવા છતાં આપણા માટે તેમના અમાપ્ય પ્રેમના ઉદાહરણ તરીકે કાલવરી ઉપર સહન કરેલા ઈશ્વરના દુઃખો સાથે કોઈ માનવી ઉદાહરણ ખરેખર બરાબરી કરી શકતું નથી. અને પવિત્ર બાઈબલ જેને આપણે આત્મા પ્રેરિત વચન તરીકે ઓળખીએ છીએ તેમાં આવા બલિદાનયુક્ત પ્રેમની આપણે સંપૂર્ણ ઝાંખી કરી શકીએ તે માટે ઈશ્વરે પોતે તેમના પોતાના પરદાને એકબાજુએ હઠાવ્યો હતો. તો પણ તેમના પ્રેમની ભવ્યતા આપણી મર્યાદિત સમજણની ક્ષમતા કરતાં અનેક ઘણી વિશેષ છે. તેમ છતાં પ્રેમના આવા આશ્ચર્યજનક કાર્યનું ચિંતન મનન કરવા દ્વારા આપણે ઈશ્વરના પ્રેમની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈની થોડી કદર કરવાનો પ્રારંભ કરી શકીએ છીએ.

**જ્યારે ઈસુ વધસ્તંભ ઉપર મરણ પામ્યા ત્યારે તેમણે આપણા માટે ત્રણ રીતે દુઃખસહન કર્યું હતું.**

વધસ્તંભ ઉપર ઈસુનું શરીર વેદના સાથે કષ્ટાતું હતું. વધસ્તંભ ઉપર તેમનો પ્રેમ મૂલાધાર પ્રતિ ખેંચાણ અનુભવતો હતો અને વધુ આઘાતજનક

તો વધસ્તંભ ઉપર ઈસુને પિતા સાથે તેમની ઐક્યતામાં સદાકાળ આનંદી હતી તેવા પ્રકાશ અને મહિમા તથા શાંતિથી તેમને વિચ્છેદિત કરવામાં આવ્યા હતા. હા, જે દુઃખ/વેદના ઈસુએ ખરેખર સહન કર્યા તે આપણી માનવી સમજણથી પર છે.

તેમ છતાં જ્યારે આપણે તેમના શારીરિક દુઃખો, તેમના લાગણીજન્ય દુઃખો અને વિશેષે કરીને તેમના આધ્યાત્મિક દુઃખો ઉપર ચિંતનમનન કરીશું તો આપણે પાપી લોકો માટેના તેમના પ્રેમની માત્રાની એક નવી જ રીતે પ્રસંશા કરીશું.

**શારીરિક દુઃખ :** અમૂલ્ય એવા યાદગાર ચિત્રના વિનાશને સામાન્ય કાગળના કરેલા અસંખ્ય ટુકડાઓ સમાન ગણવું તે સાચે જ અયોગ્ય છે. એનાથી વધારે તો સંપૂર્ણ માણસ ખ્રિસ્ત ઈસુના મરણને કોઈ પણ અન્ય માનવીના મરણની સમાન ગણવું કે તેની સાથે સરખામણી કરવી તે કદી જ થઈ શકે નહિ.

જૂના કરારમાં આપણને શારીરિક વેદના અને કષ્ટ જે આગળ જતા ઈસુએ વેઠ્યા હતા તેની ચોક્કસ આગાહી કરનાર ભવિષ્યવચન જોવા મળે છે. ત્યાં આપણને જણાવવામાં આવ્યું છે કે "તેનો ચહેરો અને તેનું રૂપ એવાં વિરૂપ થયાં હતાં કે તે જાણે માણસ જ ન હોય" (યશાયા ૫૨:૧૪). તેમ છતાં અંગ્રેજી ભાષામાં આ શબ્દસમૂહનો અનુવાદ મૂળ હિબ્રૂ ભાષાના સંપૂર્ણ ભાવ-બળને પ્રગટ કરતું નથી. તે વાક્યમાં ઈશ્વર ખુલાસો આપે છે કે તેમના વહાલા દીકરા સાથે એવો ક્રૂરતાપૂર્વકનો વ્યવહાર કરવામાં આવશે કે તે માનવ સ્વરૂપ જેવી સામ્યતા ધરાવનાર જેવા કદી દેખાશે નહિ. ખ્રિસ્તની શારીરિક સ્વરૂપની આવી ઈજા સંબંધી ઈસુએ પોતે આગાહી કરી હતી :

> *"જુઓ, આપણે યરુશાલેમ જઈએ છીએ, અને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને સોંપાશે, અને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે, ને તેને વિદેશીઓને સોંપશે, અને*

*તેઓ તેની **મશ્કરી** કરશે, ને તેના પર **થૂંકશે,** ને તેને **કોરડા** મારશે, ને તેને **મારી** નાખશે... (માર્ક ૧૦:૩૩,૩૪).*

અને આ પ્રમાણે જ બન્યું છે ! પછી માર્ક પ્રત્યક્ષ રીતે જોનાર હતા તે સાક્ષીઓનું વર્ણન કરે છે : ''તેઓએ તેના માથા પર **સોટી મારી,** તેના પર **થૂંક્યા,** તેના **ઠઠ્ઠા** કર્યા અને અંતે તેને **વધસ્તંભે** ચઢાવી દીધો. (માર્ક ૧૫:૧૯,૨૦)

રોમન કોરડો જે તારનારના શરીરને ફાડી નાખતું હતું તે ચામડાની લાંબી પટીથી બનેલો હતો જેમાં સીસું અથવા હાડકાંના તિક્ષ્ણ ટુકડાઓ સાથે ભારેખમ બનાવવામાં આવ્યો હતો. આ ક્રૂરતાએ તેમના બરડાને અને તેમની છાતીને તેમના શરીરને ફાડી નાખ્યું હતું. આ કારણને લીધે ગીતકર્તાએ ભવિષ્યવચન ઉચ્ચાર્યું હતું કે મસિહા કહેશે... ''તેઓએ મારા હાથ તથા મારા પગ વીંધી નાખ્યા. હું મારા સર્વ હાડકાં ગણી શકું છું, તેઓ મને ધારીને જુએ છે.'' (ગીતશાસ્ત્ર ૨૨:૧૬,૧૭) હા, પ્રભુ ઈસુ - પ્રત્યેક રીતે સંપૂર્ણ - આવા દુ:ખ અને કષ્ટદાયક મરણ તરફ ગયા. આ લાગણીહીન શારીરિક કષ્ટ તેમણે સહન કર્યું તે અક્ષરશઃ તેમના શારીરિક દેખાવને મનુષ્ય જેવા રહેવા દઈ શકે નહિ.

શું તે હકીકત ઈશ્વર તમને કેટલો બધો પ્રેમ કરે છે તેની વધુ સમજણ આપવામાં ઉપયોગી બની શકે છે ?

**લાગણીજન્ય દુઃખો :** જો કે ક્રૂસે જડાએલા પ્રભુ ઈસુના શારીરિક દુઃખો આપણી માનવી સમજણ કરતાં પર છે પણ તે તેમના વાસ્તવિક દુઃખોનો એક માત્ર અંશ છે. તેમનાં શારીરિક દુઃખે તેમના ગહન કષ્ટની કેવળ ઉપરની સપાટીને જ સ્પર્શ કર્યો હતો.

વધસ્તંભ ઉપર ઈસુએ અતિ ઘણી લાગણીજન્ય વેદનાનો પણ અનુભવ કર્યો હતો. યોહાન તે અતિદુઃખદ કલાકોના પ્રસંગોની આપણે માટે નોંધ કરે છે :

*''પણ જ્યારે તેઓ (રોમન સિપાઈઓ) ઈસુની પાસે આવ્યા*

*ત્યારે તેઓએ તેને મરણ પામેલો જોઈને તેના પગ ભાંગ્યા નહિ. તો પણ એક સિપાઈએ ભાલાથી તેની કૂંખ વીંધી, એટલે તરત તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં" (યોહાન ૧૯:૩૩,૩૪).*

મેડિકલ અધિકારીઓને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરતા મેં સાંભળ્યા છે કે લોહી અને પાણીની હાજરીએ દર્શાવ્યું હતું કે ઈસુ ભંગીત હૃદય સાથે મરણ પામ્યા હતા. કેટલાક હાર્ટના નિષ્ણાંતો આ વિલક્ષણ ઘટનાનો વધુ ખુલાસો કરે છે અને સૂચવે છે કે જ્યારે ઈસુનું હૃદય ખરેખર ભંગીત થયું ત્યારે તેમનું લોહી પેરીકારડીયમની આસપાસ વિસ્તૃત થએલી આંતરત્વચાની થેલી જેવી કૃતિમાં રેડાયું હતું. આ એ હકીકતનો ખુલાસો આપે છે કે જ્યારે સિપાઈએ તારનારની કૂંખમાં ભાલો માર્યો ત્યારે લોહી અને પાણી બંને નીકળ્યા હતા. ખ્રિસ્તના મરણ સંબંધીની અન્ય ચોક્કસ ભવિષ્યવાણીઓમાં ગીતશાસ્ત્ર અગ્નસિત્તેરમાં આપણે તેમના હૃદયની અંત્યંત ભારે વેદનાની પ્રતિછાયારૂપ ભવિષ્યકથન વાંચીએ છીએ : "નિંદાએ મને હૃદયભંગ કર્યો છે, અને હું મરણતોલ થયો છું..." (ગીતશાસ્ત્ર ૬૯:૨૦). હા, ઈસુના અવર્ણનીય લાગણીજન્ય દુઃખે શબ્દશઃ તેમના પ્રેમાળ હૃદયને ભંગીત કર્યું હતું.

જ્યારે તેમના પ્રેમનું હૃદય માનવજાતના એકત્રિત થએલા સઘળા દુઃખોના તરંગને સમજે તે રીતે રજૂઆત કરે છે, અને જ્યારે તેમના નિષ્કલંક આત્મા ઉપર-તેમનો આત્મા જે પાપીઓથી અલગ છે (હિબ્રૂ ૭:૨૬) - ત્યાં નર્કનો વિચાર કરી ન શકાય, છાપી ન શકાય એવી ગંદકીનો બોજ ગબડ્યો હતો ત્યારે પ્રભુ ઈસુ ભંગીત હૃદયે મરણ પામ્યા હતા.

શું તે હકીકત ઈશ્વર તમને કેટલો બધો પ્રેમ કરે છે તેની વધુ સમજણ આપવામાં ઉપયોગી બની શકે છે ?

**આધ્યાત્મિક દુઃખ :** મોટાભાગના લોકો તેમના આધ્યાત્મિક કષ્ટની સમજણ મેળવે તે કરતાં પ્રભુ ઈસુના શારીરિક અને લાગણીજન્ય દુઃખની સમજણ વધુ સહેલાઈથી મેળવી શકે છે. છતાં ઈસુએ સૌથી મહાન દુઃખ

સહન કર્યું તે તો ચોક્કસપણે તેમના પિતા અને પવિત્ર આત્મા સાથેની તેમની અનંત સંગતના વિચ્છેદમાં રહેલું હતું.

સંપૂર્ણ અંધકારના ત્રણ કલાકો - બપોરે બાર વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી - માં ઈસુને ઈશ્વર પિતા અને પવિત્ર આત્મા દ્વારા તરછોડી દેવામાં આવ્યા હતા. તે સમય દરમિયાન ઈસુ - ઈશ્વરના પુત્ર - એ મોટા અવાજે કહ્યું, ''ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?'' (માથ્થી ૨૭:૪૬).

તે ચોંકાવનારા દિવસે ઈશ્વરની ઐક્યતાની અનંતકાળીક ત્રિએકતા (કે જેણે અવર્ણનીય પ્રકાશ ધારણ કરેલો છે) વિભાજીત થયા હતા. તમારા અને મારા પાપ દ્વારા વિભાજીત થયા હતા. પરિણામ સ્વરૂપે જ્યારે ઈસુ વધસ્તંભ ઉપર તેમના પાપરહિત શરીરમાં સહન કરી રહ્યા હતા કારણ કે ઈશ્વરે ''જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો'' (૨ કરિંથી ૫:૨૧) તે પાપ સાથે ઈશ્વર સહ-અસ્તિત્વ ધરવી શકતા નહોતા.

તેથી જ્યારે ઈસુ મરણ પામ્યા ત્યારે આ દુષ્ટ જગત વિધિપૂર્વકના ત્રણ કલાકો માટે ઘોર અંધકારથી ઢંકાઈ જાય તેમાં કાંઈ જ આશ્ચર્ય પામવા જેવું નથી.

સૂર્ય તો છુપાય અંધારે
તેજ પુંજ ઝાંખો કરે;
માનવીનાં પાપ કાજે જ્યારે,
ખ્રિસ્ત જગકર્તા મરે.

આઈઝેક વૉટ્સ (૧૬૭૪-૧૭૪૮)

''ઈશ્વર પ્રકાશ છે અને તેનામાં કંઈ પણ અંધકાર નથી.'' (૧ યોહાન ૧:૫) ઈશ્વરની પવિત્રતાનો પ્રકાશ અને મનુષ્યનો પાપમય અંધકાર કદી જ એક સાથે અસ્તિત્વ ધરાવી શકે નહિ. જેમ પ્રકાશની હાજરીમાં અંધકાર દૂર થશે તેમ પ્રકાશને તમે દૂર કરો તો અંધકાર અસ્તિત્વમાં આવશે. જ્યારે ઈસુએ પતન પામેલી માનવજાતના પાપ સહન કર્યા ત્યારે અંધકાર પ્રવર્તમાન હતો.

ઈશ્વરના ઉદ્ધારકર્તા પ્રેમના પ્રકાશથી જેઓ પોતાને દૂર કરે છે તે પ્રત્યેક વ્યક્તિની અનંત સ્થિતી પણ આ આધ્યાત્મિક અંધકાર હશે તે દુ:ખદ છે. એવો અંધકાર કે જે મધ્યરાત્રીના અંધકાર કરતાં વધારે ગાઢ છે, એવી એકલતા કે જે એકાંતવાસ કરતાં વધુ એકાંતિક છે અને સમયની અવધિમાં પણ વધારે છે : કારણ કે ‘‘અપરાધી ઠરાવવાનું કારણ એ છે કે જગતમાં અજવાળું આવ્યા છતાં માણસોએ અજવાળાના કરતાં અંધારૂં ચાહ્યું, કેમકે તેઓનાં કામ ભૂંડાં હતાં (યોહાન ૩:૧૯). ઈસુ તરફ પીઠ ફેરવવી એટલે પરિણામ આધ્યાત્મિક અંધકાર અને મરણ - આધ્યાત્મિક મરણ અને અનંતકાળીક મરણ. ઈસુ તરફ ફરવાનું પરિણામ જીવનમાં - આધ્યાત્મિક જીવન અને અનંતકાળીક જીવન હશે.

## *વિજેતાનો પોકાર*

સારા સમાચાર એ છે કે જ્યારે આ અંધકારના ત્રણ એકલાઅટૂલા કલાકોનો અંત પાસે આવ્યો ત્યારે ઈસુએ દુ:ખપૂર્વક અફસોસ સાથે ‘‘સંપૂર્ણ થયું’’ એમ કહ્યું નહોતું. ચોક્કસપણે નહિ. પ્રેમનું ઉદ્ધારક કાર્ય પરિપૂર્ણ થયું હતું. તેથી હવે તેમણે વિજયવંત રીતે જાહેર કર્યું ‘‘સંપૂર્ણ થયું’’ (યોહાન ૧૯:૩૦).

**તમારા અને મારા પાપ માટેની કિંમત સંપૂર્ણ ભરપાઈ થઈ છે. સંપૂર્ણ થયું છે !**

ઉદ્ધારનું પોતાનું કાર્ય પૂર્ણ કર્યા પછી પ્રભુ ઈસુએ અજવાળાની સંગત ત્રીએક ઈશ્વરત્વ સાથે કાયમ માટે આનંદવાની હતી તે સદાકાળ માટે સ્થાપિત થઈ હતી. (યોહાન ૧૭:૫) હવે પાપ માટે તમારે અને મારે કિંમત ચૂકવવાની રહી નથી. અને તમારા બદલે ઈસુના સિદ્ધ કરેલા કાર્યને શેતાન નિરર્થક કરવા ખરેખર કશું જ કરી શકતો નથી. શેતાનનો સાપનો ડંખ કાઢી નાખવામાં આવ્યો છે.

## *મરણ મરણના સરદારને જીતે છે*

ઈશ્વરે પોતે ''માંસ તથા રક્ત'' ધારણ કર્યા હતાં તેનું કારણ તે તમારા અને મારા પાપ માટે મરણ પામે તેટલું જ નહોતું પણ ''તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો નાશ કરે'' (હિબ્રૂ ૨:૧૪) તે પણ હતો.

જેમ દાઉદે ગોલ્યાથને બેશુદ્ધ કરી વિનાશ કરવા માટે ગોલ્યાથની તરવારનો ઉપયોગ કર્યો હતો તેમ ઈસુએ શેતાનના પોતાના હથિયાર - મરણ - ને લીધું હતું અને તેને સંપૂર્ણ પરાજીત કરવા તેનો ઉપયોગ કર્યો હતો. ઈસુ મનુષ્યોના - પુરુષો અને સ્ત્રીઓના - સાચા મુક્તિદાતા છે. તે ઈશ્વરના છુટકારો આપનારા - લોકોને અનંતકાળીક મરણ અને આધ્યાત્મિક બંધન - જે બંધન શેતાને માનવજાતનું સર્જન પોતાની પ્રતિમા પ્રમાણે કરનાર ઈશ્વરની વિરૂદ્ધ પોતે બંડ કરીને પ્રત્યેક વ્યક્તિ માટે આયોજિત કર્યું હતું તેનાથી છુટકારો આપવાને તે એક માત્ર શક્તિમાન છે.

તે તેમનું વાસ્તવિક દેહ અને વાસ્તવિક હાડકાં સાથેનું માનવી શરીર હતું જે દ્વારા ઈસુએ શેતાનને પરાજીત કર્યો હતો, મરણને હરાવ્યું હતું અને મરણમાંથી ફરીથી સજીવન થયા હતા. તે પછી આપણે તેમના સ્વર્ગારોહણ વિશે વાંચીએ છીએ કે ''ત્યાં ઈસુએ અગ્રેસર થઈને આપણે સારૂ પ્રવેશ કર્યો છે.'' (હિબ્રૂ ૬:૨૦) પ્રથમ વખત - **દોષરહિત, પાપવિનાના, સંપૂર્ણ** - માણસે સ્વર્ગમાં પ્રવેશ કર્યો. વધસ્તંભ પરના તેમના મરણને કારણે તેમણે હવે અન્ય લોકો માટે અનુસરવાનો માર્ગ ખુલ્લો કર્યો છે.

**ચાર્લ્સ વેસ્લીને તેમના દિવસોમાં ખાતરી થઈ હતી કે ઈશ્વર ખરેખર તેમને પ્રેમ કરે છે જ્યારે તેમણે લખ્યું, "Amazing Love : how can it be; that Than, my God; should die for me :"**

## *પણ હવે ખ્રિસ્ત સજીવન થયા છે !*

*''પણ હકીકત એ છે કે ખ્રિસ્ત મરણમાંથી સાચે જ ઊઠ્યા છે*

*અને જેઓનું પુનરુત્થાન થવાનું છે તેઓમાં તે સૌ પ્રથમ છે. એક માણસે એટલે આદમે જે કર્યું તેને લીધે પૃથ્વીમાં મરણનો પ્રવેશ થયો, અને આ બીજા માણસે એટલે ખ્રિસ્તે જે કર્યું તેને લીધે મૂએલાંનું પુનરુત્થાન થયું." (૧ કરિંથી ૧૫:૨૦,૨૧)*

સ્વ. ડૉ. સેન્ગસ્ટર, મેં કદી જ સાંભળ્યા નથી એવા, સૌથી છટાદાર જાહેર વક્તાઓમાંના એક હતા. તે પોતાના પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્ત વિશે બોલવામાં પોતાની જીભનો ઉપયોગ કરવામાં આનંદ અનુભવતા હતા. પણ દુઃખની વાત એ હતી કે તે મરણ પામે તે અગાઉ ડૉ. સેન્ગસ્ટર બોલવા માટે સંપૂર્ણ અસમર્થ હતા કારણ કે તેમને મોંનું કેન્સર થયું હતું. સ્વર્ગમાં પ્રવેશવાના સમય અગાઉ તેમણે હાવભાવ મારફતે પોતાની દીકરી પાસે પેન અને પેપરની માંગણી કરી હતી. તે ઈસ્ટર રવિવારની સવારે તેમણે લખ્યું : "ઈસુ ઊઠ્યા છે તેમ બોલવા માટે જીભ હોવી અને છતાં તેમ બોલવાની ઈચ્છા ન હોવી તેના કરતાં જીભ ન હોવી અને અંતઃકરણમાં પ્રબળ ઈચ્છા હોવી તે વધારે સારું છે !"

જ્યારે પાઉલ ખોટા આરોપો વિરૂદ્ધ પોતાનો બચાવ કરવા માટે આગ્રીપા રાજા સમક્ષ ઊભો થયો ત્યારે તેણે તેઓનું ધ્યાન ખ્રિસ્તના દુઃખસહન તેમજ ઉત્થાન તરફ દોર્યું હતું. તેણે કહ્યું, "...ખ્રિસ્ત (મરણ) વેદના સહન કરે અને **તે પહેલો મૂએલામાંથી પાછો ઊઠ્યાથી** લોકોને તથા વિદેશીઓને પ્રકાશ આપે." (પ્રેરિતોનાં કૃત્યો ૨૬:૨૩)

તેમ છતાં, નવા કરારમાં નોંધવામાં આવ્યું છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન અગાઉ અન્ય લોકો શારીરિક રીતે મરણમાંથી સજીવન થયા હતા. તેમાં લાઝરસ અને યાઈરસની દીકરી તેમજ નાઈનની વિધવાનો દીકરો હતા. જો કે ઈસુએ ચમત્કારિક રીતે આ લોકોને શારીરિક રીતે જીવતાં કર્યાં હતાં છતાં થોડા વર્ષો પછી તેઓ સર્વ ફરીથી મરણ પામ્યા હતા. તેમ છતાં પ્રભુ ઈસુ ખ્રિસ્તના સંબંધમાં એમ બન્યું નહોતું. આજે તે કેવળ શારીરિક રીતે જીવે છે એટલું જ નહિ પણ તે આધ્યાત્મિક અને અનંતકાળીક

રીતે પણ જીવંત છે. મરણમાંથી ફરીથી સજીવન થવા જોઈએ તેમાં તે ખરેખર પ્રથમ હતા !

જીવનના સર્જનહારને મરણ અને ક્ષિણતાની કબર કઈ રીતે બંધનમાં રાખી શકે ? કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્જનહાર ઈશ્વર છે, તેમણે શૂન્યમાંથી જીવનનું સર્જન કર્યું હતું. સંપૂર્ણ માણસ હોવાને કારણે ઈસુ તારનાર ઈશ્વર છે જેમણે કબરમાંથી જીવનનો ઉદ્‌ભવ કર્યો હતો અને વિશ્વાસ દ્વારા તેમનો સ્વીકાર કરનાર પ્રત્યેક માટે સ્વર્ગનો માર્ગ તૈયાર કર્યો હતો. તેમણે તેઓને વચન આપ્યું :

> *"પણ દેવ, જે કરૂણાથી ભરપૂર છે, તેણે આપણા પર પ્રેમ રાખ્યો, તેના અત્યંત પ્રેમને લીધે, આપણે પાપમાં મૂએલા હતા ત્યારે તેણે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યા (કૃપાથી તમે તારણ પામેલા છો), અને સાથે ઉઠાડ્યા, ને ખ્રિસ્ત ઈસુમાં સ્વર્ગીય સ્થાનોમાં તેની સાથે બેસાડ્યા." (એફેસી ૨:૪-૬)*

કરિંથ શહેરના વિશ્વાસીઓને લખતાં પ્રેરિત પાઉલે તેઓને યાદ કરાવ્યું કે તેઓએ સ્વીકાર (એટલે કે તેમાં ભરોસો રાખ્યો છે અને તેના ઉપર આધારિત બન્યા છે) કર્યો છે કે "ધર્મશાસ્ત્ર પ્રમાણે ખ્રિસ્ત આપણાં પાપને સારૂ મરણ પામ્યો **અને** ધર્મશાસ્ત્ર પ્રમાણે તેને દાટવામાં આવ્યો અને ત્રીજે દહાડે તેનું ઉત્થાન થયું" (૧ કરિંથી ૧૫:૩,૪) તે કારણેને લીધે તેઓના પાપના પરિણામોમાંથી તેઓનો બચાવ થયો છે. આજે પ્રત્યેક સાચો વિશ્વાસી આ મહિમાવંત હકીકત ઉપર આધાર રાખી શકે છે કે "ખ્રિસ્ત મારા પાપોને માટે મરણ પામ્યા અને ફરીથી સજીવન થયા અને તેમનામાં મને નવું જીવન આપે છે."

## *પહેલા દિવસથી લઈને ત્રીજા દિવસ સુધી*

હવે તમે વિચાર કરશો "પ્રભુ ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ ઉપર મરણ પામ્યા તે સમયથી લઈને ત્રીજા દિવસે મરણમાંથી સજીવન થયા તે સમય સુધી

તેમનું શું થયું ? “આ પ્રકારના પ્રશ્નમાં અગાઉથી ધારી લઈને ઈશ્વરે તેનો પ્રત્યુત્તર આપ્યો હતો :

> *“તે સ્વર્ગમાં ચઢી ગયા તેનો અર્થ એ કે પ્રથમ તે સ્વર્ગમાંથી નીચે ઊતર્યા, પૃથ્વીના સૌથી નીચેના ભાગમાં જે નીચે ઊતર્યા તે જ પાછા ઊંચે ચઢી ગયા. એ માટે કે સૌથી ઊંડા ઊંડાણથી માંડીને સૌથી ઊંચા ઊંચાણ સુધીનાં તમામ સ્થળો તેમની હાજરીથી ભરપૂર થાય.” (એફેસી ૨:૯,૧૦)*

હા, બાઈબલ આપણને જણાવે છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત સ્વર્ગમાં ચઢી ગયા તે અગાઉ ખરેખર તે ‘નીચેના ભાગોમાં’ ઊતર્યા હતા. તે સ્વર્ગમાં ચઢી ગયા તે પછી જૂના કરારના જાણીતા સંતો (જેઓ વિશ્વાસ સાથે મરણ પામ્યા હતા તેઓ) તેમના વિજયમાં જોડાયાં હતાં. આજે પ્રત્યેક સાચો વિશ્વાસી આનંદ સાથે ખાતરી રાખે છે કે મરણનું દ્વાર ખરેખર તેના માટે મહિમામાં પ્રવેશવાનો પ્રવેશમાર્ગ છે. ચમત્કારીક રીતે ખ્રિસ્તે પોતે આપણા બદલે શારીરિક અને આધ્યાત્મિક એમ બંને મરણ ઉપર વિજય મેળવ્યો છે.

> *“અરે મરણ, તારો જય ક્યાં ? અરે મરણ, તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે અને પાપનું સામર્થ્ય નિયમ (શાસ્ત્ર) છે, પણ દેવ જે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને જય આપે છે, તેને ધન્યવાદ હો.” (૧ કરિંથી ૧૫:૫૫-૫૭)*

## સહાયક ભાગ - તેમના પ્રેમનો મળેલો વારસો

પ્રભુ ઈસુએ સ્વર્ગમાં જવાનો માર્ગ તૈયાર કર્યો છે અને હવે આપણે તેમના વિજયમાં સહભાગી થઈ શકીએ છીએ તે જાણવું અદ્‌ભુત છે.

તેમના મરણ અગાઉ, તેમના પોતાના લોકો પ્રત્યેના પ્રેમમાં ઈસુએ વચન આપ્યું હતું કે તેમના સ્વર્ગારોહણ પછી તે આ પૃથ્વી પર વિશ્વાસીઓ માટે પવિત્ર આત્માને મોકલી આપશે.

તેમના શિષ્યોને તેમણે કહ્યું :

*“શાસ્ત્રના વચન પ્રમાણે જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે. પણ તેના પર વિશ્વાસ કરનારાઓને જે આત્મા મળવાનો હતો તે વિશે તેણે એ કહ્યું, કેમકે ઈસુને હજી મહિમાવાન કરવામાં આવ્યો ન હતો, માટે પવિત્ર આત્મા હજી (આપવામાં આવ્યો) ન હતો.” (યોહાન ૭:૩૮-૩૯)*

*“પણ હવે હું મારા મોકલનારની પાસે જાઉં છું... અને હું બાપને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક...એટલે સત્યનો આત્મા તમારી પાસે સદા રહેવા માટે આપશે...મારું જવું તમને લાભકારક છે, કેમકે જો હું નહિ જાઉં, તો સંબોધક તમારી પાસે આવશે નહિ, પણ જો હું જાઉં તો હું તેને તમારી પાસે મોકલી દઈશ...તે મને મહિમાવાન કરશે” (યોહાન ૧૬:૫; ૧૪:૧૬,૧૭; ૧૬:૭,૧૪).*

ઈશ્વર પોતાના પુત્રના મરણમાં કેવી રીતે મહિમાવાન થયા હતા તેની નોંધ આપણે અગાઉ કરી છે. હવે તમને બીજો પ્રશ્ન પૂછવાની ઈચ્છા થશે, “તમારી અને મારી પાસે પવિત્ર આત્માને મોકલવા દ્વારા ઈસુ કઈ રીતે મહિમાવંત બની શકે છે ?”

આ પ્રશ્નનો આંશીક રીતે પ્રત્યુત્તર એ હકીકત દ્વારા આપી શકાય કે પ્રત્યેક વિશ્વાસી જેઓની મારફતે ઈશ્વરનો પ્રેમ વહે છે તેઓના જીવનોમાં ઈસુ મહિમાવંત થાય છે. આપણે વાંચીએ છીએ : “આપણને આપેલા પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં દેવનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે.” (રોમન ૫:૫) ઈશ્વરનો આંતરિક રીતે વસવાટ કરનાર પ્રેમ - પવિત્ર આત્મા દ્વારા વાસ્તવિક બનાવવામાં આવ્યો છે - માનવી આકર્ષણ કે પ્રેમના સર્વોચ્ચ શિખર કરતાંય ઘણો ચડિયાતો છે. વિશ્વાસ દ્વારા તમે વધસ્તંભ પરના પૂર્ણ થએલા કાર્યને પ્રતિભાવ આપો ત્યારે પ્રભુ ઈસુ, પવિત્ર

આત્માના વ્યક્તિપણામાં તમારી મારફતે અન્ય લોકોને પ્રેમ કરવાની શરૂઆત કરશે. અદ્‌ભુત !

ખ્રિસ્ત તમારા પાપો માટે મરણ પામ્યા તેવો વિશ્વાસ કરવો અને ત્યાર પછી તે હકીકત માટે તમારા અંતઃકરણમાં તેમનો આભાર માનવો તે તમારા માટે ઈશ્વરની ક્ષમા અને ઉદ્ધારક પ્રેમની વ્યક્તિગત ખાતરીનો આનંદ છે.

તે પછી પ્રભુ ઈસુ ખ્રિસ્તની આંતરિક વસવાટની હાજરી માટે તમારા જીવનને પ્રાપ્ય બનાવવું તે તમારા માટે પ્રેમવિહોણા જગત પ્રત્યે તેમના પ્રેમને વહન કરનાર બનાવે છે.

એક જર્મન ઈશ્વરવેત્તા પોતાની વિદ્વતા માટે નામાંકીત હતા. તેમને પ્રશ્ન પૂછવામાં આવ્યો : "ઈશ્વર સંબંધી તમારો સૌથી ગહન વિચાર કયો છે ?" આશ્ચર્યજનક રીતે તેમણે બાળકોના ગીતના શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો : ઈસુ મને ચાહે છે, આ હું જાણું છું, કેમકે બાઈબલ મને તેમ કહે છે."

**હા, ઈશ્વર સાચે જ મને પ્રેમ કરે છે ! અને હા, ઈશ્વર સાચે જ તમને પણ પ્રેમ કરે છે !**

તેણે રે'મથી શોધ કરી, પાપથી હું ખિન્ન લાચાર  
તે લાવ્યો મને ફરી ટોળામાં બીજી વાર,  
ત્યારે ગાયું દૂતોયે ગાન, જ્યાં લગ ગાજી રહ્યું આસમાન  
રે પ્રેમ, મુજને શોધનાર ! રે રક્ત, મુજને તારનાર !  
રે રે'મ, મુજને લાવનાર ટોળામાંય ! અજબ રે'મ જે લાવનાર ટોળામાંય !

## *ઈરાકથી આવેલો પત્ર*

*"હું મુસ્લિમ ઘરમાં હતી. મારા કુટુંબે મને મુસ્લિમ તરીકે કઈ રીતે પ્રાર્થના*

*અને ઉપવાસ કરવા તે શીખવ્યું હતું. મુસ્લિમ સ્ત્રીની જેમ મારા મોંને ઢાંકતો મારો પહેરવેશ હતો રખેને પુરુષો મારું મુખ જોઈને પાપમાં પડે.*

*આ સઘળાના કારણે મારી પાસે પુશ્કળ સમય હતો જેમાં હું કાંઈ જ કરતી નહોતી. તેથી અનેક રેડિયો કાર્યક્રમો અને ઘણા બાઈબલના સંદેશાઓ સાંભળવામાં મેં મારા નકામા સમયનો ઉપયોગ કર્યો હતો. એક દિવસ મારા ભાભી કે નણંદ પાસે મેં એક વિવિધ રંગોવાળું સુંદર સ્ટીકર નીહાળ્યું. તે પછી મારા ભાભી કે નણંદના સરનામાનો ઉપયોગ કરીને મેં પ્રથમ પત્ર લખ્યો. તમારો પ્રત્યુત્તર, 'ઈશ્વર માટે તમારી ઝંખના' પુસ્તકમાં જોવા મળશે.*

*"ઈશ્વર માટે ઝંખનાનો શું અર્થ થાય છે તે મેં સમજવાનો પ્રયત્ન કર્યો...પ્રકરણ ૭માં એક પ્રશ્ન છે, "શું ઈશ્વર ખરેખર મને પ્રેમ કરે છે?" વિશેષ રીતે તે ફકરા આગળ હું થોભી, જેમાં લખેલું હતું, "ઈશ્વરે તમારા માટે વધસ્તંભ ઉપર જે કર્યું તે દ્વારા ઈશ્વર તમારા માટે પોતાના પ્રેમને પ્રગટ કરે છે. જ્યારે તમે વધસ્તંભના અર્થની સમજણ મેળવશો ત્યાર પછી ઈશ્વર તમને પ્રેમ કરે છે તેની કોઈ પણ વધુ સાબિતીની તમને જરૂર પડશે નહિ."*

*"આ પ્રકરણનું વાંચન મેં એક સો કરતાં વધારે વખત કર્યું. ત્યાર પછી કોઈ પણ શંકા વિના મેં સમજવાનો પ્રારંભ કર્યો કે વધસ્તંભ જ મારા માટે એક માત્ર માર્ગ છે.*

*- ટ્રાન્સ વર્લ્ડ રેડિયો દ્વારા આપેલો અહેવાલ.*

### *વિચાર કરવા થોભો*

૧. તમે કોઈકને પ્રેમ કરો છો તેને સાબિત કરવાનો કયો ઉત્તમ માર્ગ છે ?

તમે જે શબ્દો ઉચ્ચારો છો તે દ્વારા ?

તમે જે કાર્ય કરો છો તે દ્વારા ?

૨. ઈશ્વરે તમારા માટે તેમના પ્રેમને કઈ રીતે સાબિત કર્યો ?

૩. ઈશ્વરના પ્રેમ પ્રત્યે તમે વ્યક્તિગત રીતે કેવો પ્રતિભાવ આપશે ?

*ઓપરેશન રૂમના ઈલેક્ટ્રોનિક વાતાવરણમાં પ્રત્યેક સર્જન રક્ત કે લોહીને જીવન સાથે ઓળખાવવાનું શીખે છે. તે બંને અવિભાજ્ય છે. તમે એકને ગુમાવો, તો તમે બંનેને ગુમાવો છો.*

*ડૉ. પોલ બ્રાન્ડ*

# પ્રકરણ ૮

# મને જીવન ક્યાંથી મળે છે ?

મધ્યરાત્રીનો સમય ઝડપભેર થઈ રહ્યો હતો. અઢાર કલાકની કંટાળાજનક રેલ્વે મુસાફરીની પ્રતિક્ષામાં મારા પત્ની અને હું પેરીસના ગેરા સેન્ટ લાઝારે રેલ્વે સ્ટેશન ઉપર સેંકડો સાથી મુસાફરો સાથે ઊભા હતા. અમે, રેલ્વે ઓફીસર ટીકીટ બારી ખુલ્લી કરે અને પછી અમારી ટ્રેન સુધી અમને જવાની મંજૂરી આપે તેની અમે સઘળા ધીરજપૂર્વક વાટ જોતા હતા.

અમારી આસપાસના મોટાભાગના યુવાનો હતા. ડૉરોથી અને હું તેઓ મધ્યે ભળી ગયા જાણે કે યુરોપના પ્રત્યેક દેશો મેદની કે ભીડનું પ્રતિનિધિત્વ કરતા હોય તેમ લાગ્યું. કેટલાક છોકરા અને છોકરીઓ પોતાના થેલાને ઉપયોગ આરામદાયક તકીયાના અવેજ તરીકે કરીને થોડી નિદ્રા લેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તેઓ પથ્થરની ફરસ ઉપર આડા પડી રહ્યા હતા ત્યારે તેઓના મિત્રો સેન્ડવીચ આરોગતા કે બાટલીમાંથી ધીમે ધીમે પાણી પીતા રક્ષણ કરતા ઊભા હતા.

પ્રતિક્ષાના સમય દરમિયાન અમે આ અનેક યુવાનો સાથે વાતચીત અને હસીમઝાક કરી હતી. તેઓમાં જુવાનીનું જોસ હોવા છતાં જ્યારે તેઓ શાંત રહેતા તેઓમાંના મોટાભાગના એ વાતથી સભાન હતા કે તેઓ જેની શોધ કરી રહ્યા હતા તે પ્રકાશિત ‘જીવન’ તેઓને હજુ સુધી પ્રાપ્ત થયું નથી. પણ ડૉરોથી અને મારી સાથે મુસાફરી કરી રહ્યા હતા તેવા વ્યક્તિ - પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ અમારી વાતચીતમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં ઝાઝો સમય લાગ્યો નહોતો !

જ્યારે અમે વાતચીત કરતા હતા ત્યારે આ અજંપો અને સાહસવૃત્તિ ધરાવતા યુવાનોએ પોતાને વિખાલસપણે ખુલ્લા કર્યા હતા અને 'વાસ્તવિક' જીવન શોધવા માટેની તેઓની ઈચ્છા અમારી સમક્ષ પ્રગટ કરી હતી. કેટલાકે તે અન્ય શહેરમાં મેળવવાની આશા રાખી હતી, કેટલાકે વિચાર કર્યો હતો કે તે તેમને નવી મિત્રતામાં મળશે, અન્યએ શરમવિના માન્યું હતું કે તેઓ હવે પછીની નશા કે કેફીપીણાની પાર્ટીમાં તેઓ પોતાના જીવનના અનુભવને વિસ્તૃત કરશે. તેઓમાંના કેટલાકને મન તો મરણકારક રોગ લાગુ પડે તેની ચિંતા હતી.

આફ્રિકાના અંતર્ગત ગામોમાં તેઓ આ ચિંતાજનક રોગને "પાતળા માણસનો રોગ" તે રીતે ઓળખાવતા હતા. મેડિકલ ભાષામાં એચ.આઈ.વી. પોઝીટીવ તરીકે તે પરખાયો હતો. જ્યારે તે કોઈપણ પુરુષ કે સ્ત્રી, છોકરો કે છોકરીમાં પૂર્ણપણે વિકસીત બનતો ત્યારે એઈડ્સ તરીકે જાણીતો હતો. આ રોગ લાગુ પડ્યો છે તેવા મરણકારક સમાચારનું હંમેશા એવું જ પરિણામ હતું. તત્કાળ અને સંપૂર્ણ વિનાશ ! સમગ્ર વિશ્વમાં લોકો જાણતા હતા કે એઈડ્સની ભયંકર અસર તે, લોહી સાથે સંબંધિત રોગ છે. લોહીનો પ્રવાહ શુદ્ધ કરનાર જીવનનો પ્રવાહ હોવો જોઈએ તેના બદલે તે દૂષિત મરણનો પ્રવાહ બન્યો હોય છે.

જો કે લોહી જીવન - આપનાર પ્રવાહ તરીકે મહત્ત્વનું છે તોપણ મારે કબૂલ કરવું પડશે કે મારા માટે લોહીને જોવું તે હંમેશા ધૃણાજનક રહ્યું છે. હકીકતમાં એકવખત આ વધુ પડતી ખોટી ભીતિ ઉપર વિજય પામવાના હિમ્મતપૂર્વકના પ્રયત્નમાં મેં લંડનના દવાખાનાના અવલોકન કરવાના ટાવર પરથી સર્જીકલ ઓપરેશનને જોવાના આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. જ્યારે શસ્ત્રવૈદ્યની નાની છરી વડે દરદીની ચામડી કાપવામાં આવી ત્યારે ફરીથી હું લગભગ મૂર્છિત જેવો થઈ ગયો હતો. ત્યારે મારા ડૉક્ટર મિત્રએ નીહાળ્યું કે હું પરસેવાથી રેબઝેબ થઈ ગયો છું અને ફિક્કો પડી ગયો છું ત્યારે તેમણે મને અવલોકન રૂમમાંથી બહાર ચાલ્યા જવાનું સૂચવ્યું હતું. મને મન ઉપર વધુ પ્રભાવ પાડવાની કોઈ જરૂર રહી નહોતી !

પરંતુ લોહી કે રક્તના જોવાની વ્યક્તિની પ્રતિક્રિયા ગમે તે હોય પણ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં લોહી રેડવા દ્વારા ગંભીર મરણતોલ

વ્યક્તિને જીવન અને તંદુરસ્તીમાં પુનઃસ્થાપિત કરી શકાય છે. આજના દિવસોમાં આધુનિક વિજ્ઞાનની સિદ્ધિઓને કારણે તંદુરસ્ત વ્યક્તિની રગોમાંથી લીધેલું લોહી તે પછીથી મરનાર કે ગંભીર બીમારીવાળા દરદીની રગોમાં જીવન સંચાર તરીકે વહેતુ કરી શકાય છે.

લોહીની અદ્ભુતતા અને રહસ્યોને મેડિકલ સંશોધન ખુલ્લુ કરે તેના ઘણા સમય અગાઉ ઈશ્વરે પોતે જાહેર કર્યું હતું : ''કેમ કે શરીરનો જીવ રક્તમાં છે...'' (લેવીય ૧૭:૧૧). ડૉ. પોલ બ્રાન્ડ સચોટ રીતે સહમત થાય છે કે લોહી જીવનના સત્ત્વને ધારણ કરે છે : ''ઓપરેશન રૂમના ઈલેક્ટ્રોનિક વાતાવરણમાં પ્રત્યેક સર્જન રક્ત કે લોહીને જીવન સાથે ઓળખાવવાનું શીખે છે. તે બંને અવિભાજ્ય છે, તમે એકને ગુમાવો, તો તમે બંનેને ગુમાવો છો.''

તેમ છતાં અનેક લોકો સજાગ નથી કે એચ.આઈ.વી. રોગ જેવા દૂષણ લોહીમાં હોય છે તે મળેલી તકની પસંદગી પર આધારિત હોય છે. પણ બીજો એક 'રોગ' છે જે સર્વવ્યાપી છે. ''ઈશ્વરે માણસોની સર્વ પ્રજાઓને આખી પૃથ્વીના પૃષ્ઠ પર રહેવા સારૂ એકમાંથી ઉત્પન્ન કરી'' (પ્રેરિતોનાં કૃત્યો ૧૭:૨૬) આ મરણકારક દૂષણે સમગ્ર માનવજાતને અસર કરી છે. બાઈબલમાં તેનો સ્ત્રોત આદમ સુધી તેના પછીની સર્વ પેઢીઓના પ્રણેતા સુધી પહોંચે છે.

જ્યારે 'પ્રથમ માણસ, આદમે' (૧ કરિંથી ૧૫:૪૫) પાપ કર્યું ત્યારે તેના પછીની બધી જ પેઢીઓ તે પછી ચામડીનો ગમે તે રંગ હોય, રહેઠાણનું અથવા જીવનમાં કોઈપણ સ્થાન ધરાવતા હોય, તેઓ મરણની શિક્ષા હેઠળ આવ્યા હતા. બાઈબલ સ્પષ્ટપણે જણાવે છે...આદમમાં સર્વ મરે છે...(૧ કરિંથી ૧૫:૨૨). હા, જેમ એઈડ્સ સાથેનું મરણ દૂષિત લોહી મારફતે શરીરમાં વહન થાય છે તેમ આ પાપ દ્વારા થયેલું દૂષણ એક પેઢીથી બીજી પેઢી સુધી હસ્તાંતર થતું રહે છે. જો આમ થયું ન હોત તો રોગ અને મરણની શારીરિક ખીણમાંથી પસાર થયા વિના લોકો સીધા જ સ્વર્ગમાં જઈ શકે તેમ હતું. પરંતુ હકીકત એવી નથી.

તેમ છતાં ઈશ્વરનો આભાર કે જ્યારે ઈસુનો જન્મ થયો હતો ત્યારે જીવન આપનાર લોહીના પ્રવાહનો પરિચય માનવીજાતને કરાવવામાં

આવ્યો. તે આ પ્રમાણે બન્યું હતું. દેવદૂત ગાબ્રીયેલે મરીયમને કહ્યું હતું કે તે ગર્ભવતી થશે અને દીકરાને જન્મ આપશે અને તેનું નામ ઈસુ પાડવામાં આવશે. ગાબ્રીયેલે આ વૈવિશાળ થએલી કુવારી કન્યા કઈ રીતે ગર્ભવતી થશે તેનો પણ ખુલાસો કર્યો હતો.

> *"પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; માટે જે (તારાથી) જનમશે, તે પવિત્ર, ઈશ્વરનો દીકરો કહેવાશે" (લૂક ૧:૩૫).*

જ્યારે સ્ત્રીનું બીજ પવિત્ર આત્માના બીજ દ્વારા ફળવંત થયું ત્યારે આ ચમત્કાર બન્યો હતો. આ ધ્યાનાકર્ષક પ્રસંગમાં ઈશ્વરના જીવનનો પરિચય માનવજાતને કરાવવામાં આવ્યો હતો. પછી જ્યારે મરીયમની કૂંખમાં બાળકનો વિકાસ થવાનો પ્રારંભ થયો અને ગર્ભમાં લોહીનું પરીભ્રમણ થયું ત્યારે તેમનું કિંમતી લોહી ભેળસેળ અને દૂષણ વિનાનું હતું. હા, પ્રભુ ઈસુનું લોહી જીવન જ હતું !*

માનવ શરીર અનોખી રીતે જટીલ પદાર્થ છે. આજે પણ મેડિકલ સંશોધનમાં સામેલ હોય તેવા લોકો આ ચમત્કારિક પ્રવાહી પદાર્થના જીવન

---

* એમ.આર.ડેહાને, M.D. તેમના પોતાના પુસ્તક 'The chemistry of the blood' માં અનેક જાણીતા શરીર વિજ્ઞાનીઓ, પ્રસુતિશાસ્ત્રીઓ અને નર્સીંગ સામયિકોમાંથી અવતણો ટાંક્યાં છે અને નિષ્કર્ષ કાઢ્યો છે : "માતા પોતાના ગર્ભસ્થાનના રહસ્યોમાં તે નાના બાળકના વિકાસ માટે પોષણાત્મક સત્ત્વો સાથેનો ગર્ભ (વણજન્મેલું વિકાસ પામતું બાળક) પૂરો પાડે છે. પરંતુ સમગ્ર ગર્ભસ્થાનમાં જેની રચના થાય છે તે અજાત જીવમાં રચના થાય છે. ગર્ભ રહે છે તે સમયથી લઈને બાળકનો જન્મ થાય છે ત્યાં સુધીમાં માતામાંથી એકપણ લોહીનું બુંદ બાળકમાં જતું નથી." તેમ છતાં ડેહાનના મતંવ્ય પર ટીકાટીપ્પણી કરતા ડૉ. રોબર્ટ ઈ. કોલમાન પોતાના પુસ્તક 'Written in Blood states' માં કહે છે : " (ડેહાનનું મંતવ્ય છે કે માનવ શરીરનું લોહી અજાત જીવમાં પુરુષના વિર્યની પ્રસ્તુતિ દ્વારા રચાય છે અને તેથી તેને માતાના શરીર સાથે કોઈ જ પ્રત્યક્ષ સંપર્ક રહેતો નથી.) આ મંતવ્યમાં સંદેહ કરવાનો પ્રયત્ન કર્યા વિના મને લાગે છે કે અન્ય મેડિકલ ડૉક્ટરો તેની યોગ્યતા સંબંધી ગંભીરપણે પ્રશ્ન કરે છે તેની નોંધ કરવી કેવળ યોગ્ય છે. તેમ છતાં પરિસ્થિતિની જીવવિજ્ઞાનને લગતી પ્રકૃતિની પરવા કર્યા વિના તે પ્રશ્ન કેમ બનવો જોઈએ તેનું મને કોઈ કારણ દેખાતું નથી. હકીકતમાં બાઇબલ પ્રમાણે ઈસુના લોહીના મહત્વને ધ્યાનમાં લઈએ ત્યારે ઈસુનો જન્મ ઈશ્વર દ્વારા જ થયો હતો તે જ પાપના વારસાગત હસ્તાંતરને રદિયો આપશે.

આપનાર વધુ રહસ્યોને સતત શોધી રહ્યા છે. સરળ શબ્દોમાં કહીએ તો માનવ શરીરમાં લોહીના કેટલાક કાર્યોમાં શરીર-શુદ્ધિ, જીવન-આપનાર અને રોગનો પ્રતિકાર વર્ણવી શકાય. આ ગમે તેટલું આશ્ચર્યજનક હોય પણ એ જાણવું વધારે અદ્‌ભુત છે કે ઈશ્વરે એવા જ પ્રકારના લોહીનો પ્રવાહ મારા અને તમારા માટે પ્રાપ્ય બનાવ્યો છે કે જે વધારે આશ્ચર્યજનક હેતુઓ ધરાવે છે. અને તે લોહી 'વાસ્તવિક' જીવન શોધનાર સર્વને માટે ત્યાં છે. પાપીઓ માટે ઈસુનું લોહી પાપમાંથી શુદ્ધ કરનાર ઈશ્વરના એજન્ટ તરીકે છે. આધ્યાત્મિક રીતે મરણ પામેલાઓ માટે તેમનું અમૂલ્ય લોહી સાચું જીવન પ્રદાન કરે છે. આધ્યાત્મિક રીતે જીવંત રહેનારાઓ માટે ઈસુનું લોહી શેતાનના આક્રમણોથી ઈશ્વરનો રક્ષણ કરનાર એજન્ટ છે. આ મૂલ્યવાન લોહી વિશે આપણે વાંચીએ છીએ : "કેમકે તમે જાણો છો કે તમારા પૂર્વજોથી ચાલતા આવેલાં અવરથા આચરણથી વિનાશી વસ્તુઓ વડે એટલે રૂપા અથવા સોના વડે નહિ; પણ ખ્રિસ્ત, જે નિષ્કલંક તથા નિર્દોષ હલવાન જેવો છે તેના મૂલ્યવાન રક્તથી, તમારો ઉદ્ધાર કરવામાં આવ્યો છે." (૧ પિતર ૧:૧૮,૧૯)

## *રક્ત કે લોહી : તેનું શુદ્ધ કરનારું સામર્થ્ય*

કેટલાક સમય અગાઉ વર્તમાનપત્રના માધ્યમે અહેવાલ આપ્યો હતો કે લોભી ટ્રાન્સપોર્ટ ફર્મે આરોગ્યની આવશ્યકતાઓ સાથે બાંધછોડ કરી હતી. તેઓનો નફો વધારવા માટે આ ફર્મએ ટાંકીવાળી ટ્રકનો ઉપયોગ ઝેરી ઉત્પાદનને એક જગ્યાએ લઈ જવા કર્યો હતો અને ત્યાર પછી અનઅધિકૃત રીતે પાછા વળતી મુસાફરીમાં પ્રવાહી ખોરાકના ઉત્પાદનને લાવવા એ જ ટાંકીનો ઉપયોગ કર્યો હતો. આને પરિણામે અનેક લોકો ગંભીર માંદગીનો ભોગ બન્યા હતા.

તેમ છતાં મનુષ્યના શરીરમાં ઈશ્વરે વહન (transport) કરનારી ચમત્કારિક વ્યવસ્થાની રચના કરી છે કે જે ખોરાકને કોશો સુધી પહોંચાડે છે અને એ જ સમયે નકારાએલા કચરાને લઈ જવાનું બંને કામ કરે છે. અને ઈશ્વરની સંપૂર્ણ રચનાને કારણે લોહીના પ્રવાહમાં બીજું કોઈ દૂષણ થતું નથી. આશ્ચર્યજનક રીતે મનુષ્યના શરીરના કોશ ઝીણી લોહીની નસમાં

વાળની જાડાઈ કરતાં વધારે હોતા નથી. જો ઝેરી પદાર્થોને આ કોશમાંથી દૂર કરવામાં ન આવે તો તેનું દેખીતું પરિણામ રોગ અને મરણ હશે.

અને આપણા જીવનોમાંથી પાપની દૂષિત હાજરીને દૂર કરવાની તેમની પદ્ધતિનો તેમણે ખૂલાસો કર્યો ત્યારે ઈશ્વરે આ જ વાતનું વર્ણન કર્યું છે. આવું શુદ્ધિકરણ એક માત્ર ઈસુના મૂલ્યવાન લોહી મારફતે થઈ શકે છે : "પણ જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે અને તેના પુત્ર ઈસુનું રક્ત આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે." (૧ યોહાન ૧:૭) વધુમાં ઈશ્વરે કહ્યું છે કે આપણા પાપોની ક્ષમા મળી શકે તે માટે બીજો કોઈ જ માર્ગ નથી કારણ કે "રક્ત વહેવડાવ્યા વગર પાપની માફી મળતી નથી" (હિબ્રૂ ૯:૨૨)

## *રક્ત કે લોહી : તેનું જીવન આપનારું સામર્થ્ય*

લોહીનું બીજું એક કાર્ય જીવનને ટકાવી રાખવા સમગ્ર શરીરમાં આવશ્યક એવું પાણી અને પોષણને પહોંચાડવાનું છે. જો લોહી શરીરના કોષો અને પેસીઓ સુધી પહોંચવામાં નિષ્ફળ જાય તો તે શરીરના બાંધાનો ઝડપથી નાશ કરે છે. તેથી લોહીનું પરિભ્રમણ અટકી જાય તો શરીર મરણ પામે છે. જીવન લોહીમાં રહેલું છે તે સ્પષ્ટ છે.

આ વાતની સમજણ મેળવતા આપણને પ્રભુ ઈસુના શબ્દો યાદ આવે છે કે જ્યારે તેમણે પોતાના રક્ત કે લોહી વિશે કહ્યું હતું ત્યારે શિષ્યો માટે તે ચોંકાવનારી હકીકત હતી. તેમણે ભારપૂર્વક કહ્યું :

> *"જો તમે માણસના દીકરાનું માંસ ન ખાઓ અને તેનું લોહી ન પીઓ, તો તમારામાં જીવન નથી. જે કોઈ મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે, તેને અનંતજીવન છે અને છેલ્લે દહાડે હું તેને પાછો ઉઠાડીશ. કેમકે મારું માંસ ખરેખરું ખાવાનું છે અને મારું લોહી ખરેખરું પીવાનું છે." (યોહાન ૬:૫૩-૫૫)*

તેમ છતાં, ઈસુએ તેના વાસ્તવિક અર્થની સ્પષ્ટતા કરી હતી. તેમણે કહ્યું, "જે મારું માંસ ખાય છે અને મારું લોહી પીએ છે, તે મારામાં રહે છે અને હું તેનામાં રહું છું" (યોહાન ૬:૫૬). આધ્યાત્મિક જીવનના સાચા સ્ત્રોતની સમજણ મેળવવી તે કેવું આનંદ આપનારું છે ! ઈસુનું રક્ત પાપીઓને તેઓના પાપમાંથી ઉદ્ધાર આપવા માટે વહેવડાવવામાં આવ્યું હતું. અને તેમના વહેવડાવેલા રક્ત કે લોહીને કારણે આપણે તેમના વહેંચેલા જીવનમાં હમણાં સહભાગી બની શકીએ છીએ. પ્રભુ ઈસુએ તેમના લોહી પીવાના સાચા અર્થનો ખુલાસો કર્યો હતો જ્યારે તેમણે કહ્યું - "હું તેનામાં રહું છું !" કેવું અદ્‌ભુત !

આંતરિક રીતે વાસો કરનાર ખ્રિસ્તના પુનરુત્થાનના સામર્થ્યની હાજરીનો વ્યક્તિગત રીતે અનુભવ કર્યા પછી વિશ્વાસીઓ વિજયવંત રીતે સાક્ષી આપી શકે છે : "ઉત્થાન પામેલા ખ્રિસ્ત અત્યારે મારામાં જીવે છે !" આવા લોકો માટે પ્રભુભોજન વખતે રોટલી અને દ્રાક્ષારસમાં સહભાગી બનવું તે એક આભારસ્તુતિ અને સાક્ષીનું સરળ તથા પ્રતીકાત્મક કાર્ય બને છે.*

ઈસુના અમૂલ્ય રક્ત કે લોહીનું જીવન આપનારું પરાક્રમ જ્યારે વ્યક્તિ નવો જન્મ પામે છે ત્યારે પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા વિશ્વાસીના જીવનમાં ચમત્કારિક રીતે વહેતું કરવામાં આવે છે. હા, જીવનની શોધ કે ઝંખના કરનાર પ્રત્યેક વ્યક્તિને જીવન આપનારા "લોહીને પોતામાં દાખલ" કરવાની આવશ્યકતા છે.

## *રક્ત કે લોહી : તેનું રક્ષણ કરનારું સામર્થ્ય*

મનુષ્યના લોહીનું હજુપણ એક બીજું ચમત્કારિક કાર્ય છે. લોહી કેવળ શુદ્ધ કરનારું, જીવન આપનારું છે એટલું જ નહિ પણ તે જીવન-રક્ષણ કરનારું પણ છે.

---

* દુઃખની વાત એ છે કે સેંકડો લોકો જેઓ હજુપણ એમ માનવાનો આગ્રહ રાખે છે કે 'પ્રભુભોજન' વખતે વહેંચવામાં આવતી રોટલી અને દ્રાક્ષારસ શબ્દશઃ ખ્રિસ્તના શારીરિક માંસ અને લોહીમાં રૂપાંતર પામે છે. આપણા પ્રભુએ પોતાના આંતરિક વસવાટ કરનાર જીવનના પ્રતીક તરીકે જે સમજાવવાનો ઈરાદો રાખ્યો હતો તેને દુઃખદ રીતે શાબ્દિક અર્થમાં અને શારીરિક હકીકત તરીકે સમજવામાં આવે છે.

ભારતમાં જ્યારે ગાંઠીયા પ્લેગનું નિદાન થયું ત્યારે સમગ્ર વિશ્વમાં ભય વ્યાપી ગયો હતો. આંતરરાષ્ટ્રીય જેટ વિમાનો તે દેશમાંથી આવ્યા હોય તો તેને ધુમાડી દઈને જંતુરહિત કરવામાં આવતું. અને કેટલાક કિસ્સાઓમાં તો મુસાફરોને મેડિકલ તપાસ માટે કામ ચલાવુ રીતે અન્ય સાથે હળવામળવા પર પ્રતિબંધ મૂકવામાં આવતો. રખેને આ પ્રાણઘાતક રોગ અન્ય દેશોમાં ફેલાય અને ભારત છોડનારા પછીના સઘળા વિમાનો ઉપર કામચલાઉ રીતે વેપારનો પ્રતિબંધ કરતો હુકમ કરવામાં આવ્યો હતો.

ગાંઠીયા પ્લેગની બીક વિના પણ વિદેશી અને જીવનને જોખમમાં મૂકનારા જીવાણુંઓ દ્વારા મનુષ્યના શરીર ઉપર હંમેશા સતત આક્રમણ થતું હોય છે. છતાં લોહીમાં પ્રતિઆક્રમણની અદ્‌ભુત વ્યવસ્થા - રચના છે. તે તેના જીવન - રક્ષણ પ્રવાહમાં કીટાણું જન્ય વિષ વિરોધી અને અન્ય ચોક્કસ સત્ત્વો ધરાવે છે કે જે જંતુઓના આક્રમણ વિરૂદ્ધ રચના કે વ્યવસ્થાનું રક્ષણ કરતા હોય છે. જ્યારે આવું આક્રમણ થાય ત્યારે લોહીના શ્વેતકણો (મુખ્યત્વે રક્ષણ કરવાના હેતુઓ માટે ત્યાં હોય છે) નો યથાર્થરૂપે સંખ્યામાં વધારો થાય છે અને રક્ષણાત્મકરૂપમાં તેઓ આગેકૂચ કરે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું રક્ત કે લોહીની પણ મનુષ્યના લોહીના અદ્‌ભુત પરાક્રમ જેવી જ જીવનની રક્ષા કરતી ધર્મસેવા છે તે જાણવું કેવું આનંદજનક છે. ઈસુ ખ્રિસ્તનું લોહી શેતાનના પરિબળોના સતત આક્રમણ સામે વિશ્વાસીનું રક્ષણ કરે છે. અંતના સમયોમાં શેતાન અને ઈશ્વરના લોકો વચ્ચેના યુદ્ધ સંબંધી આપેલા ભવિષ્યવચનમાં આપણે વાંચીએ છીએ : ''તેઓએ હલવાનના રક્તથી તથા પોતાની સાક્ષીના વચનથી તેને જીત્યો છે, અને છેક મરતાં સુધી તેઓએ પોતાના જીવને વહાલો ગણ્યો નહિ'' (પ્રકટીકરણ ૧૨:૧૧). તમે પણ ઈસુના મૂલ્યવાન લોહીના રક્ષણ કરનાર પરાક્રમ દ્વારા શેતાનના પરિબળો ઉપર જય પામી શકો છો.

આદમ અને હવા ઉપર શેતાને કરેલી પ્રપંચ યુક્તિ પછી તરત જ ઈસુના શેતાન ઉપરના આ વિજયની આગાહી કરવામાં આવી હતી. તે પછી પ્રભુ ઈશ્વરે વચન આપ્યું હતું કે સ્ત્રીનું સંતાન તેનો નાશ કરશે. ''...તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ, તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે.'' (ઉત્પત્તિ ૩:૧૫) સ્ત્રીનું સંતાન શેતાનનું માથું છૂંદશે પણ મસીહાની

એડીને સર્પે ડંખ માર્યો તે અગાઉ નહિ. હા, તે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે સ્ત્રીનું સંતાન હતા જેમણે પોતાનું મૂલ્યવાન લોહી વહેવડાવ્યું એ માટે કે,

> *"તે પોતે મરણ પામીને મરણ પર સત્તા ધરાવનારનો, એટલે શેતાનનો, નાશ કરે." (હિબ્રૂ ૨:૧૪)*

બીજા અનેક લોકોએ વાસ્તવિક જીવનના સ્ત્રોતને શોધી કાઢ્યું છે. પેરીસમાં ગેરે સેન્ટ લાઝારે સ્ટેશન ઉપર અમે મળ્યા હતા તેવા ભ્રમણા પાછળ દોડનારા વિદ્યાર્થીઓની જેમ નહિ.

કેટલાક સમય અગાઉ ડૉરોથી અને હું યુગાન્ડાના સેંકડો લોકોને મળ્યા હતા કે જેઓએ સાચું જીવન શોધી કાઢ્યું હતું તેની તેઓને ખાતરી હતી. પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન લોહીમાં તેઓએ અંતઃકરણની શુદ્ધતા, જીવન-આપનાર અને શેતાનનો પ્રતિકાર કરનાર પરાક્રમને શોધી કાઢ્યું હતું. તેઓએ પોતાના માટે સાક્ષી આપી હતી કે જૂનું સર્વ જતું રહ્યું હતું અને સઘળું નવું બન્યું હતું.

જો કે કેનિયાની એમ્બેસીના અધિકારીઓએ તોળાઈ રહેલા જોખમ વિશે ચેતવણી આપી હતી તેમ છતાં તેની વિરૂદ્ધમાં મારી પત્ની અને મને ઈશ્વરના આત્મા દ્વારા યુગાન્ડામાં જવાની પ્રેરણા મળી હતી. ઈશ્વરે યુગાન્ડાના પાળકો અને તેઓની પત્નીઓ માટે અમારા વધારાના સેમીનારની ગોઠવણ કરી હતી. તે પછી અમે અનુભવ્યું કે તેમણે અમારા પાછા ફરવાની વિમાનની મુસાફરીનું પણ આયોજન કર્યું હતું. (એવું બન્યું કે બીજા સૈન્ય દ્વારા સત્તા કબજે કરવામાં આવે તે અગાઉ એન્ટેબે છોડનારું અમારું છેલ્લું વિમાન હતું.)

એરપોર્ટ પરના અમારા આગમન પછી તરત જ અમે તણાવ અને બીકના વાતાવરણનો અનુભવ કર્યો. અમે જે મૂંઝવણ અને ગંદકીનો અનુભવ કર્યો તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. એરપોર્ટથી પ્રાંતમાં આગળ જવા અમારા માટે કેટલીક મોટરકારની વ્યવસ્થા કરવામાં આવી હતી અને રસ્તાઓ ઉપર હજુપણ બોમ્બમારાના ખાડા નીહાળી શકાતા હતા. થોડા સમયના અંતરે અમને સમજવા માટે કઠોર સૈનિકો દ્વારા બંધુકની અણીએ ઊભા રાખવામાં આવ્યા. અમે ખરેખર જાણતા નહોતા કે તેઓ સરકારી સૈનિકો છે કે પછી સરકાર વિરોધી સૈનિકો છે કે પછી સૈનિકોના ગણવેશ

ધારણ કરેલા જૂઠા સૈનિકો છે. પણ પછી તેઓએ થોડી ક્ષણોમાં અનુભવ્યું કે અમારો ડ્રાયવર તેઓની પોતાની જાતિનો સભ્ય છે તેથી અમને લૂંટી લીધા વિના કે કોઈપણ જાતની હાનિ કર્યા વિના તેઓએ વિના સંકોચે અમને આગળ જવાની મંજૂરી આપી હતી.

અમારા નિર્ધારિત સ્થળે પહોંચ્યા પછી મારી પત્ની અને મેં અમારા સેમિનાર માટેના સ્થળને નિહાળ્યું તો તે ભયથી ઘેરાયેલા સમાજની મધ્યે આવેલું ગંદકી અને અંધાર્યું સ્થળ હતું. તેમ છતાં પાળકો અને તેઓની પત્નીઓ ત્યાં આવ્યા ત્યારે અમે આ ઘેરાયેલી પરિસ્થિતિને તરત વીસરી ગયા હતા. ઈશ્વરે પોતે તેમના મહિમાના અને તેમની સમક્ષતાના દર્શનથી અમને આશ્ચર્ય સાથે પોતાની કૃપા આપી હતી. યુગાન્ડાની તે સભાઓમાં જીવતા ઈશ્વર સાથેનો અમારા જાણે કે પહાડ પરના અનુભવ તરીકે અમારા સ્મરણોમાં કાયમ માટે અંકિત થએલો રહેશે.

આનંદમગ્ન ધ્યાન સાથે પાળકો અને તેમની પત્નીઓ દિવસના આઠ કલાક સુધી અસુવિધાજનક બેઠકો ઉપર બેસીને બાઇબલમાંથી ઈશ્વરના સત્યની રજૂઆત કરતા ડૉરોથી અને મને સાંભળતા બેસી રહ્યાં હતાં. હું શિક્ષણ આપતો હતો ત્યારે શ્રોતાજનો પોતાની નોટબુકમાં નોંધ કરે તે માટે તેઓને મદદરૂપ બનવા મારી પત્ની રૂપરેખાનું જૂના પાટીયા ઉપર લેખન કરતી હતી. અચાનક દરવાજાએ ધક્કામુક્કીનો અવાજ આવ્યો. જો કે એક દારૂ પીધેલો માણસ અર્થ સમજવા પોતાની બંધુક સાથે પ્રવેશદ્વાર પાસે હતો ત્યારે તેના સાથીદારે ટોળામાંથી પોતાનો માર્ગ બળપૂર્વક કાઢીને પોતાની બંધુક હવામાં જોરથી ધુમાવતો આવ્યો અને ડૉરોથીના હ્રદય તરફ તેણે નિશાન લીધું.

‘‘આ વહાલો માણસ ઈસુની ઓળખ પામે તે માટે આપણે સર્વ પ્રાર્થના કરીએ’’ તેણીએ શાંત રીતે કહ્યું.

તે ક્ષણો પછી મને અનંતકાળ દેખાતો હોય તેવું લાગ્યું. ત્યારે મારા ભાષાંતરકર્તા સંપૂર્ણપણે આશ્ચર્યચકિત થઈને મારી તરફ ફર્યા : ‘‘તે દારૂ પીધેલા સૈનિકે જે કહ્યું તે હું માની શકતો નથી - તેણે એટલું કહ્યું, ‘મારે આ સ્ત્રીના ઈશ્વરની ઓળખ કરવી છે.’’’

ભાષાંતરકર્તા બોલી રહ્યા હતા ત્યારે મેં જે દૃશ્ય જોયું તે હું કદી જ વીસરી શકીશ નહિ. ગમે તે કારણ હોય - કદાચિતને દેવદૂતે આ અંદર આવેલા સૈનિકને પોતાના ઘૂંટણો ઉપર નમવા ફરજ પાડી હોય અથવા કદાચિતને અમારી સભામાં પ્રવર્તમાન થએલી ઈશ્વરની પવિત્રતા અને સામર્થ્યની ભયાવહ લાગણી પીધેલા આ સૈનિક માટે સહન કરવી મુશ્કેલ બની હોય કે પછી કદાચિતને તેના અંતઃકરણની ગહન જરૂરીઆત - મારે તેમને ઓળખવા છે તેની જાહેર અભિવ્યક્તિનું નમ્રતાપૂર્વક કરેલું સ્વૈચ્છિક કાર્ય હોય - પણ હું ખાતરીપૂર્વક જાણું છું કે તે ચોક્કસ ઘડીએ બંધુકની નળી ધીમે ધીમે નીચી થતી ગઈ અને પછી સૈનિક પોતાના ઘૂંટણો પર પડ્યો ત્યારે વિનાશ કરવાનો ઈરાદો રાખતું હથિયાર જમીન ઉપર નીચે પડી ગયું.

શિક્ષણની સભા પછીની આ ઘડી વિશે કદી જ અગાઉથી વિચાર કરવામાં આવ્યો નહોતો ! અને તે વિશે ડૉરોથી જાણતી હતી. તેણીએ કહ્યું, ‘‘આ પ્રાર્થનાના શબ્દો મારી પાછળ બોલો.’’ ત્યાર પછી પગથિયાવાર તેણીએ આ દરિદ્ર ભ્રાન્તિગ્રસ્ત અને જરૂરમંદ આત્માને વધસ્તંભ પાસે - પાપી માણસોના ઉદ્ધારકર્તા પાસે - દોરી લાવી હતી અને ત્યાં તેને ખ્રિસ્તના લોહી મારફતે સઘળા સાચા જીવનનો સ્ત્રોત પ્રાપ્ત થયો હતો.

અત્યારે આ અનુભવ શા માટે હું રજૂ કરું છું ? આ યાદગાર સભામાં તે પછીથી શું બન્યું તે તેનું સરળ કારણ હતું.

અમારી સભામાં એવા અનેક માણસો હતા કે જેઓને ભયભીત થવાના અને અમારી સભામાં આ રીતે બળજબરીપૂર્વક અંદર ધસી આવનાર પ્રત્યે ધૃણા દર્શાવવાના ઘણા કારણો હતા. અમારી મધ્યે એવા લોકો હતા કે જેઓને જાનથી મારી નાખવાની ધમકી તાજેતરમાં જ મળી હતી. અમારા એક પાળકને મારી નાખવા માટે થએલા જીવલેણ હુમલામાં આવા સૈનિકે બંધુકની ગોળીથી તેમની આંગળીઓને ઉડાવી દીધી હતી તે અહીં હાજર હતા. પણ તેઓ પ્રભુ ઈસુને પ્રેમ કરતા હતા અને તેમને વ્યક્તિગત રીતે ઓળખતા હતા તે કારણે આ સઘળા સભાજનો તેની આસપાસ એકઠાં થઈને તેને ભેટી પડ્યા હતા અને ખ્રિસ્તમાં તેઓના આ નવા ભાઈ માટે પ્રાર્થના કરી હતી.

તે પછી કોઈપણ સંગીતના સાધનો વિના છતાં મહિમાવંત આફ્રિકન એકરૂપતા કે સુમેળમાં તેઓ ગીતો ગાવા લાગ્યા હતા. હું તે ગીતના શબ્દોને મનનપૂર્વક યાદ કરું છું ત્યારે મારું અંતઃકરણ હજુપણ આદરભાવ સાથે ઊભરાય જાય છે :

અરે ઈસુનું લોહી
અરે ઈસુનું લોહી
અરે ઈસુનું લોહી
તે પાપમાંથી મને શુદ્ધ કરે છે.

તે દિવસે જો અમારા વિશ્વના આગેવાનોની હાજરી અમારી સાથે હોત તો તેઓએ પણ ચોક્કસપણે આંતર -વંશિય, આંતર-જાતિય અને આંતરરાષ્ટ્રીય સંઘર્ષ કે વિગ્રહના એક માત્ર ઈશ્વરના ઉકેલને પ્રત્યક્ષ રીતે જોનાર સાક્ષીઓ બન્યા હોત :

*"અને તેના વધસ્તંભના લોહીથી શાંતિ કરાવીને તેની મારફતે તે પોતાની સાથે સઘળાંનું સમાધાન કરાવે..." (કોલોસી ૧:૨૦) તમે પ્રથમ વેગળા અને દુષ્ટ કર્મોથી તમારા મનમાં તેના વૈરીઓ હતા, પણ તેણે હમણાં...તમારું સમાધાન કરાવ્યું છે. (કોલોસી ૧:૨૧)*

હા, જેઓને ઈશ્વર સાથેના યોગ્ય સંબંધમાં લાવવામાં આવ્યા છે, "તેના (ખ્રિસ્તના) રક્તથી...(તેઓ) તેની મારફતે (દેવના)કોપથી બચાવ પામશે...તેની સાથે મિલાપ થયા પછી આપણે તેના જીવનને લીધે બચીશું તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે." (રોમન ૫:૯-૧૦)

## *વિચાર કરવા થોભો*

૧. શું તમે ‘જીવન’, વાસ્તવિક જીવન પામવાની ખરેખર ઇચ્છા રાખો છો ? આ જીવન છે જેનું વર્ણન પ્રભુ ઈસુએ કરતા કહ્યું છે : “તેઓને જીવન મળે અને તે પુષ્કળ મળે માટે હું આવ્યો છું.” (યોહાન ૧૦:૧૦)

૨. બાઈબલ અનુસાર માનવ શરીરમાં જીવન ક્યાં શોધી શકાય છે ? (લેવીય ૧૭:૧૧ વાંચો)

૩. પ્રભુ ઈસુના મૂલ્યવાન લોહી કે રક્તનું અનંતકાળીક મહત્ત્વ શું છે ?

શું તમે તેના શુદ્ધ કરનારા પરાક્રમમાં ભરોસો રાખો છો ?

શું તમે તેના જીવન આપનારા પરાક્રમમાં ભરોસો રાખો છો ?

શું તમે તેના રક્ષણ કરનારા પરાક્રમમાં ભરોસો રાખો છો ?

પ્રભુ ઈસુએ કહ્યું : *“પુનરુત્થાન તથા જીવન હું છું, જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ જીવતો થશે અને જે કોઈ જીવે છે અને મારા પર વિશ્વાસ રાખે છે તે કદી મરશે નહિ જ.” (યોહાન ૧૧:૨૫,૨૬)*

*ચિત્રકારના ચિત્રની સંપૂર્ણતા, મનુષ્યના મુખની*
*તેજસ્વીતા, ધરતીના વિસ્તારને મૂર્ત કરનારું દશ્ય -*
*આ બધું જ અવાજ કે ધ્વનિ દ્વારા યથાયોગ્ય*
*રીતે ચોક્કસપણે વર્ણવી શકાય નહિ.*
*દષ્ટીની આવશ્યકતા છે.*

# પ્રકરણ ૯

# ઈશ્વરના કુટુંબનો સભ્ય હું કઈ રીતે બની શકું ?

૧૯૪૦ના પ્રારંભ દરમિયાન મેડિકલ વિજ્ઞાને આંખોની સર્જરીના ક્ષેત્રમાં મોટી હરણફાળ ભરી હતી. એટલે સુધી કે હકીકતમાં હમણાં જ મરણ પામેલી કોઈક વ્યક્તિની આંખોમાંથી આંખના ડોળા ઉપરનું પારદર્શક-સ્વચ્છ પડળનું પ્રત્યારોપણ અંધ વ્યક્તિની આંખોમાં સફળતાપૂર્વક થઈ શકે છે. ડૉ. સેન્ગસ્ટરે અમને આંખના ડોળા ઉપરના પારદર્શક સ્વચ્છ પડળના પ્રથમ સફળ પ્રત્યારોપણના તેમણે નીહાળેલા પરિણામો સંબંધી જણાવ્યું હતું.

સૂર્ય ઊગે તેના ઘણા સમય અગાઉ ડૉ. સેન્ગસ્ટર બે વ્યક્તિઓની સાથે ઈંગ્લેન્ડના સુંદર સૂરી ડાઉન્સમાં જતા હતા. તેમાંની એક વ્યક્તિ સ્ત્રી હતી જે જન્મથી અંધ હતી. અને બીજી વ્યક્તિ તેણીના આંખની સર્જન-ડૉક્ટર હતી. તેણીના ઓપરેશન થયા પછીના દિવસોમાં કોઈપણ પ્રકાશના કિરણોથી દરદીની આંખોનું રક્ષણ કરવા પાટાઓ બાંધવામાં આવ્યા હતા. ધીમે ધીમે તે પાટાઓને એક પછી એક કાઢવામાં આવતા હતા. તેણીએ પ્રકાશની એક નવી લાગણીનો અનુભવ કરવાની શરૂઆત કરી દીધી હતી અને તે ખૂબ આનંદમાં હતા. અને હવે સૂર્ય ઊગે તે અગાઉ છેલ્લો પાટો જેણે કદી જ દૃષ્ટિ કરી નહોતી તેવી આ સ્ત્રીની આંખો પરથી દૂર કરવામાં આવ્યો હતો.

તે દિવસે સવારે ક્ષતિજમાંથી સૂર્યએ દેખા દીધી ત્યારે સૂર્યપ્રકાશ અગાઉ કદી જ જોયો ન હોય તેવો જળહળતો લાગતો હતો. છાયડો ઘટતો ગયો અને સવારની ભવ્યતાના રંગમંચ પાછળના રંગેલા કાપડ ઉપર લીલાં પાંદડાંઓનું છાયાચિત્ર તેઓની બમણી સુંદરતા દર્શાવતી હતી. પક્ષીઓ મૂળીયા સાથે ગંઠાયેલી ઝાકળથી ભીની થએલી માટીના પડમાં પોતાના સવારના નાસ્તાની શોધમાં વ્યસ્ત હતા. આ સ્ત્રી જે પોતાના જીવનમાં પ્રથમ વખત જોતી હતી તેને માટે આ સમગ્ર દ્દશ્ય અતિ સુંદર મનોરંજન હતું. તેના ગાલ ઉપર આંસુઓ સારતા તેણીએ કહ્યું, ‘‘અરે, તમે તેનું વર્ણન કરવાનો મારી સમક્ષ પ્રયત્ન કર્યો હતો પરંતુ તે આટલું બધું સુંદર હશે તેની મેં કોઈ રીતે કલ્પના કદી જ કરી નહોતી !’’ તે પછી તેણી ઈશ્વરના સર્જનની ભવ્યતા સમક્ષ આદરપૂર્વક શાંત થઈને બેઠી હતી.

તમે જે વ્યક્તિએ કદી જ જોયું નથી તેની સમક્ષ લાલ રંગનું વર્ણન કરવાનો પ્રયત્ન કેવી રીતે કરી શકો ? અથવા જે વ્યક્તિએ આંખોથી કદી જ પ્રકાશ નીહાળ્યો નથી તેની સમક્ષ સૂર્યાસ્તની મનોહરતા કઈ રીતે વર્ણવી શકો ? તેમ કરવું ચોક્કસ અશક્ય બની શકે છે. શબ્દો જે દ્દશ્ય સુંદરતાનું વર્ણન કરે છે તે જ્યારે દ્દષ્ટિહીન સ્ત્રોતાજનોના કાનોમાં અથડાય છે ત્યારે તેનો અર્થ કાંઈ જ રહેતો નથી. ચિત્રકારના ચિત્રની સંપૂર્ણતા, મનુષ્યના મુખની તેજસ્વીતા, ધરતીના વિસ્તારને મૂર્ત કરનારું દ્દશ્ય - આ બધું જ અવાજ કે ધ્વનિ દ્વારા યથાયોગ્ય રીતે ચોક્કસપણે વર્ણવી શકાય નહિ. દ્દષ્ટિની આવશ્યકતા છે.

જ્યારે વિશ્વાસી વ્યક્તિ આધ્યાત્મિક સુંદરતા સંબંધી અવિશ્વાસીને સમજાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે આવી જ મુશ્કેલીનો સામનો કરવાનું થાય છે. લંડનમાં ગેટ્સ હોસ્પિટલમાં પોતાની અંતિમ પરિક્ષા માટે અભ્યાસ કરી રહેલા મેડિકલ વિદ્યાર્થી સાથે એક સમયે વાતચીત કરતા મેં ઈશ્વરના પ્રેમની અદ્દભુતતાનો ખુલાસો કરવાનો પ્રયત્ન કર્યો. તેણે પ્રત્યુત્તરમાં કહ્યું, ‘‘હું તે નીહાળી શકતો નથી.’’ હું સમજી ગયો છતાં વાતચીતને થોડી વધુ લંબાવવા મેં પ્રયત્ન કર્યો : ના, તમે નીહાળી શકો નહિ તેની મને શંકા નથી. કારણ

કે તમે અંધારી ઓરડીમાં જીવતા માણસના જેવા છો. તે કેવું દેખાય છે તેની મને ખબર છે. હું પોતે આધ્યાત્મિક અંધકારમાં જીવન જીવતો હતો પણ હવે જ્યાં ઈશ્વરના પ્રેમના સૂર્યનો પ્રકાશ છે ત્યાં હું જીવું છું. મેં કહ્યું, "ડેવિડ, જો તારે ઈશ્વરના પ્રેમની સમજણ મેળવવી છે તો તારે અંધારી ઓરડીમાંથી બહાર આવીને તેમના સૂર્યપ્રકાશમાં આવવું આવશ્યક છે." તે દિવસે ડેવિડે ઘૂંટણો ટેકવીને પોતાના પાપની ક્ષમા કરવા અને તેના જીવનમાં પ્રવેશ કરવા માટે પ્રભુ ઈસુને વિનંતી કરી હતી. તે પોતાના ઘૂંટણો ઉપરથી ઊઠ્યો ત્યારે તેણે જે કહ્યું તે હું કદી જ વીસરી શકીશ નહી : "આ આટલું બધું અદ્ભુત હશે એવો વિચાર મેં કદી જ કર્યો નહોતો."

જેમ શારીરિક દૃષ્ટિ મનુષ્યના અનુભવને ઈશ્વરના સર્જનની સુંદરતાની પ્રતિતિ કરાવે છે તેમ આધ્યાત્મિક દૃષ્ટિ મનુષ્યના આત્માને ઈશ્વરની સમક્ષતા, પરાક્રમ અને પ્રેમની વાસ્તવિકતાનું પ્રતિબિંબ પાડે છે.

પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ થયું તે પછીથી પ્રેરિત યોહાન મારફતે બોલતા તેમણે લાઓદિકીયા શહેરના લોકોની આધ્યાત્મિક સ્થિતિ સંબંધી આશ્ચર્યજનક નિદાન કર્યું હતું. તેઓને તેમણે કહ્યું. "તું જાણતો નથી કે તું ...આંધળો છે. (પ્રકટીકરણ ૩:૧૭) અંધ વ્યક્તિ પોતાની દુઃખદ સ્થિતિ સંબંધી અજ્ઞાત હોય તેની તમે કલ્પના કરી શકો છો ? આધ્યાત્મિક અંધાપા વિશેનું નિદાન કર્યા પછી પ્રભુ ઈસુએ તેમના ઉપચારને સૂચવ્યો હતો. "તું દેખતો થાય માટે અંજન (વેચાતું) લઈને તારી આંખોમાં આંજ" (પ્રકટીકરણ ૩:૧૮). અને તે સૂચન-સલાહ કેટલી બધી અગત્યની છે ! આધ્યાત્મિક અંધાપો આધ્યાત્મિક દૃષ્ટિની સર્જરી માગે છે અને તે પવિત્ર આત્માનું કાર્ય છે.

તમે પ્રથમ વખત જન્મ લીધો તે શારીરિક જન્મ હતો. પણ તે તમને આધ્યાત્મિક દૃષ્ટિ અને સમજણ આપી શકતો નથી. જો તમે આધ્યાત્મિક અંધકારમાંથી 'ઈશ્વરના મહિમાના જ્ઞાનના પ્રકાશમાં' (૨ કરિંથી ૪:૬) આવવાનો માર્ગ શોધવા માંગો છો તો તમારે બીજી વખત જન્મ પામવો જરૂરી છે. ઈસુએ નિકોદિમસને કહ્યું :

*"જે દેહથી જન્મેલું છે તે દેહ છે; અને જે આત્માથી જન્મેલું છે તે આત્મા છે. તમારે નવો જન્મ પામવો જોઈએ એથી આશ્ચર્ય પામતો ના. (યોહાન ૩:૬,૭)... જો કોઈ માણસ નવો જન્મ પામ્યું ન હોય, તો તે ઈશ્વરનું રાજ્ય જોઈ શકતું નથી." (યોહાન ૩:૩)*

**તેથી જો તમારે ઈશ્વરનું રાજ્ય જોવું છે તો તમારે નવો જન્મ પામવાની જરૂર છે.**

પ્રત્યેક અન્ય મનુષ્યોની જેમ તમારા જીવનમાં ઈશ્વરે ઘડેલા ખાલીપણા સાથે તમારો જન્મ થયો છે, જે ખાલીપણું ભરપૂર થવાની હાંક મારે છે. આ આધ્યાત્મિક ખાલીપણું ઉત્થાન પામેલા ખ્રિસ્તની માંહે આવનાર અને વાસો કરનાર હાજરી દ્વારા જ કેવળ સંતોષ આપી શકે છે. જયારે તમે પોતાના તારનાર તરીકે તમારા જીવનમાં તેમનો સ્વીકાર કરો છો ત્યારે તેમના મરણનો હેતુ અને આવશ્યકતા તમારા જીવનમાં ફળ ઉત્પન્ન કરનાર બનશે. તમારા પાપોની ક્ષમા આપવા પૂરતું જ તે મરણ પામ્યા નહોતા; તે મરણ પામ્યા કે જેથી તેમના નિવાસ માટે તમારા અંતઃકરણને આધ્યાત્મિક રીતે શુદ્ધ કે સ્વચ્છ જગ્યા બનાવવામાં આવે. અને તે તમારા અંતઃકરણમાં વસવાટ કરવાને આવે તે અગાઉ તમારા પાપોની ક્ષમા મેળવવી આવશ્યક બને છે.

આફ્રિકાના એક વિશ્વાસી યુવાન સાથે વાતચીત કરતા મને ખાતરી થઈ કે તે પોતાના દેશના યુવાનોને ખ્રિસ્ત સંબંધીનો શુભસંદેશ વહેંચવાની પ્રબળ ઈચ્છા ધરાવતો હતો. તે પછીના અઠવાડિયે લગભગ બસો પાળકોને મારે બાઈબલનું શિક્ષણ આપવાનું હતું તેથી તેઓની સાથે જોડાવા મેં તેને આમંત્રણ આપ્યું. પાળકો જે સ્થળે એકત્રિત થવાના હતા તે સ્થળ સેંકડો માઈલો દૂર હતું. તેથી લાંબા અને ખાડાટેકરાવાળા રસ્તે બસ દ્વારા મુસાફરી કરીને તે અમારી મુલાકાત કરે તેવું સૂચન મેં કર્યું હતું. વિલ્યમ થાકેલો અને નિર્ગત થએલો આવી પહોંચ્યો હતો. છતાં ઈશ્વર અને તેમના વચન સંબંધી

વધારે શીખવા સમર્થ બન્યો હોવાથી ખૂબ આનંદમાં હતો. વિલ્યમને કેવળ મુસાફરી કરવાની મળે એટલા માટે તેણે અત્યંત ભીડવાળી આફ્રિકન બસમાં મુસાફરી કરી નહોતી ! તેની બસની મુસાફરી કોન્ફરન્સમાં સહભાગી બનવાનું માત્ર સાધન હતું તે સ્પષ્ટ છે. તેનો વાસ્તવિક હેતુ તો તેની મુસાફરીના અંતે તેની પ્રતિક્ષા કરી રહેલું તે હતું.

આ પ્રમાણે પ્રભુ ઈસુ જાણતા હતા કે તમારી સાથે અને તમે તેમની સાથે સંગત કરી શકો તે માટે તમારા જીવનમાં તે પ્રવેશ કરી શકે તેવો એક જ માર્ગ હશે અને તે એ કે પાપમાંથી તમારા અંતઃકરણને શુદ્ધ કરવા માટે તે એક માર્ગ પૂરો પાડે. જો કે તમારા પાપોની ક્ષમા આવશ્યક હતી તો પણ ખ્રિસ્તમાં તમારું નવું જીવન અને ઈશ્વર સાથેની સંગતની તમારી ક્ષમતા તે તમારા માટે તેમની અંતિમ ઈચ્છા હતી. તેનાથી કોઈપણ ઓછું હોય તેનાથી શું તમે સંતોષ અનુભવશો ? આખરે તો ખ્રિસ્ત સાથેની આ વ્યક્તિગત સંગત એજ ખરેખર હેતુ છે જેના માટે તમારું સર્જન થયું હતું.

ખ્રિસ્ત તમારા અંતઃકરણમાં જીવે છે તે જાણવું તે જ અનંતકાળીક જીવનનો અહીં અને હમણાં જ આરંભ થયો છે તે જાણવા બરાબર છે. ખ્રિસ્તની આંતરિક વાસો કરનારી હાજરી તમારા જીવનમાં તેમના જીવનને લાવે છે.

> *“એ સાક્ષી એવી છે કે દેવે આપણને અનંતજીવન આપ્યું, ને આ જીવન તેના પુત્રમાં છે. જેને (દેવનો) પુત્ર છે તેને જીવન છે; જેને દેવનો પુત્ર નથી, તેને જીવન નથી. (૧ યોહાન ૫:૧૧-૧૨)*

આ રીતે પ્રભુ ઈસુને પોતાના પાપની ક્ષમા આપવા અને પોતાના જીવનમાં આવવાની વિનંતી મારા મિત્ર ડેવિડે કરી તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. તેણે કહ્યું, “આ આટલું બધું અદ્ભુત હશે એવો વિચાર મેં કદી જ કર્યો નહોતો !”

## *પણ કેવી રીતે ?*

જ્યારે લોકોએ ઈસુના જીવન, મરણ અને પુનરુત્થાન સંબંધી પિતરને ઉપદેશ કરતા સાંભળ્યો ત્યારે ઈશ્વરે તારનારને ઓળખવા માટેની તેઓને ઇચ્છા આપી. પવિત્ર આત્મા તમારા માટે જે કરે છે તે તેમણે તેઓ માટે કર્યું હતું. તેઓએ પિતરને એમ કહેતા સાંભળ્યો હતો કે ઈસુ પ્રભુ હતા. (kurios-yahwah) અને ઈશ્વરના મસીહા હતા. અને ઈસુ વિશેની આ નવી સમજણે તેઓમાં યથાયોગ્ય ભાવના અને તારણ કે ઉદ્ધારની તેઓની જરૂરીઆતની ખાતરી આપી હતી. તેઓએ વધસ્તંભે જડાએલા - તારનારના કરેલા પોતાના અનાદર અને નકારનો વિચાર કર્યો ત્યારે નોંધવામાં આવ્યું છે કે તેઓના અંતઃકરણ વિંધાઈ ગયા અને તેઓએ પ્રામાણિકપણે પૂછ્યું, ‘‘અમે શું કરીએ ?’’ (પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૭)

તેઓને પિતરનો પ્રથમ પ્રત્યુત્તર પશ્ચાતાપ કરવાનું ઉત્તેજન હતું. પશ્ચાતાપ વિના વિશ્વાસ તે વાસ્તવિક વિશ્વાસ નથી, કે કેવળ ‘‘વિશ્વાસનો દેખાવ’’ અથવા ‘‘કલ્પના’’ છે. ઉદ્ધારકર્તા વિશ્વાસમાં ભરોસાનું વલણ અને વલણનું પરિવર્તન એમ બંને સામેલ હોય છે.

ઈસુ વધસ્તંભ ઉપર મરણ પામ્યા ત્યારે તેમણે તમારા માટે જે કર્યું તે માટે તમે સરળ ભરોસા સાથે ઈસુનો આભાર માનો ત્યારે ઈશ્વર પ્રત્યેના અને પાપ પ્રત્યેના તમારા વલણમાં યથાયોગ્ય પરિવર્તન થયું છે. તેમ થાય ત્યારે જ પવિત્ર આત્મા તેમની આધ્યાત્મિક આંખોની સર્જરીનું કામ કરે છે. અને તમારું મન વિવિધ દષ્ટિકોણ સાથે વસ્તુઓને નીહાળવાની શરૂઆત કરે છે. હકીકતમાં, પશ્ચાતાપ શબ્દનો અર્થ ‘‘પરિવર્તન પામેલું મન’’ થાય છે. તેથી પ્રામાણિક નવા જન્મના અનુભવમાં ઈશ્વર અને પાપ સંબંધી મનનું મૂળભૂત પરિવર્તન સામેલ થએલું હોય છે.

**ઈશ્વર સંબંધી :** પશ્ચાતાપ (મનનું પરિવર્તન) ઈશ્વરના જૂઠા મંતવ્યોને નકારે છે. મેં આફ્રિકામાં લોકોને જોયા છે કે જેઓએ ઈસુનો સ્વીકાર કર્યો તે પછીથી પોતાના જૂના માર્ગો અને વિદેશી રીતરીવાજોના પ્રવાહ સામે ભારે બાથ ભરીને જાહેરમાં પોતાના દેવદેવીઓને બાળી નાખ્યા છે. મારે

એવા મિત્રો પણ છે કે જેઓએ બાઈબલના ઈશ્વર સાથે એકરાગ થતી નથી તેવી સામાજીક વ્યવસ્થાઓ અને ધર્મ તરફ તેઓની પીઠ ફેરવી છે તેઓએ મોટા સામાજીક દબાણોનો સામનો કર્યો છે, અરે ધમકીઓ અને ભયનો પણ સામનો કર્યો છે. ઉદ્ધાર-તારણકર્તા વિશ્વાસનું મૂળ ઈસુ યહોવા - એક માત્ર તારનાર ઈશ્વર છે તેમાં દઢપણે સ્થાપિત થએલું હોવું જરૂરી છે.

**પાપ સંબંધી :** જ્યારે વિશ્વાસ સાથે તમે પોતાના તારણ-ઉદ્ધારના અનુભવમાં પ્રવેશ કરો છો ત્યારે તમે દુઃખ અને શરમ સાથે તમારી પોતાની પાપી અવસ્થાને ઓળખશો. તમારા પાપના સંબંધમાં પરિવર્તન પામેલા મન (પશ્ચાતાપ)નો અર્થ એ થશે કે તમે પોતાના પાપ પ્રત્યે બેદરકાર રહેવાનો પ્રયત્ન કરશો નહિ, તમે પોતાના પાપનું બહાનું આપવાનો યત્ન કરશો નહિ અને તમારું ન્યાયીપણું તમારો બચાવ કે ઉદ્ધાર કરશે તેવી તમે આશા રાખશો નહિ. ''માણસના સર્વ પૂર્ણકર્મ મેલા લૂગડાના જેવાં છે'' (યશાયા ૬૪:૬). પણ જ્યારે તમે ઈસુ તરફ ફરો છો ત્યારે તમારા જીવનની જે સર્વ વસ્તુઓથી તે પ્રસન્ન થતા નથી તે સર્વથી પીઠ ફેરવવાની તમને ઈચ્છા થશે.

કલ્પના કરો કે સૈન્યનો એક અધિકારી રજાઓ ઉપર પોતાના બરાકમાં છે. એક દિવસ તેને બે પત્રો પ્રાપ્ત થાય છે. એક તેના મિત્ર તરફથી છે અને બીજો તેના ઉપરી અધિકારી તરફથી છે. પ્રથમ પત્રમાં તેના મિત્રના લગ્નમાં ભાગીદાર થવાનું આમંત્રણ છે પરંતુ બીજામાં ફરજ ઉપર હાજર થવા માટે તેના ઉપરી અધિકારીનો આદેશ છે. આમંત્રણ અને આદેશ-આજ્ઞા વચ્ચે ચોક્કસ તફાવત છે. આમંત્રણને માયાળુ શબ્દોમાં નકારી શકાય છે પરંતુ આદેશ-આજ્ઞાનો પ્રત્યુત્તર કેવળ પાલન દ્વારા કે તેના નકાર દ્વારા થઈ શકે છે.

ઈશ્વર તમને પ્રેમ કરે છે અને પાપ તમારા જીવનનો નાશ કરશે તે વિશે તે જાણે છે. તે કારણથી તે પશ્ચાતાપ કરવા તમને આમંત્રણ આપતા નથી, પશ્ચાતાપ કરવા તે તમને આદેશ-આજ્ઞા આપે છે. પાઉલે ગ્રીસની પાટનગર યુનિવર્સિટીમાં ફિલસૂફો અને વિદ્વાનો સમક્ષ સુવાર્તાની રજૂઆત કરતા

નિષ્કર્ષ કાઢ્યો હતો. તેણે કહ્યું, ‘‘પણ હવે સર્વ સ્થળે સઘળાં માણસોને પસ્તાવો કરવાની તે (ઈશ્વર) આજ્ઞા કરે છે’’ (પ્રેરિતોનાં કૃત્યો ૧૭:૩૦) અને ‘સઘળા’માં તમારો સમાવેશ થાય છે.

ચમત્કાર તો એ છે કે જ્યારે તમે ઈશ્વર સંબંધીના ખોટા મંતવ્યો તરફ પીઠ ફેરવો છો અને વિશ્વાસ દ્વારા તેમ કરીને તમે ઈસુ તરફ ફરો છો, તમારા તારનાર ઈશ્વર તરીકે તેમને આનંદસહિત સ્વીકારો છો ત્યારે પવિત્ર આત્મા તમારા અંતઃકરણમાં કાર્ય કરશે અને ઈશ્વરની દૃષ્ટિમાં શું સાચું છે તે ‘‘તમારામાં ઈચ્છવાની તથા કરવાની પ્રેરણા’’ (ફિલિપી ૨:૧૩) કરશે. આ રીતે જેઓ સાચે જ પશ્ચાતાપ કરે છે તેઓમાં ઈશ્વરની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવાની ઇચ્છા અને કાર્ય કરવાનું સામર્થ્ય એમ બંને આપવાનું ઈશ્વર વચન (Promise) આપે છે. આમ થયા પછી જ તમારું જીવન રૂપાંતરિત થશે અને ઈશ્વરના ધોરણ પ્રમાણેની ક્ષમતા સુધી પહોંચી શકશે.

મિત્ર તરીકે હું તમને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવામાં વિલંબ કરશો નહિ તેવી વિનંતી કરું છું. તમે પ્રાર્થનામાં ઈશ્વર સમક્ષ ઘૂંટણે પડી શકો તેવી એકાંત જગ્યા શોધી કાઢો. અલબત, જો તમે પોપટની જેમ જ શબ્દોના પુનરોચ્ચાર કરશો તો તેનો તમારા માટે કોઈ જ અર્થ રહેશે નહિ. મહત્ત્વની વાત એ છે કે તમે વિશ્વાસ સાથે ઈસુને પ્રતિભાવ આપો, જેમણે કહ્યું છે, ‘‘માર્ગ તથા સત્ય તથા જીવન હું છું, મારા આશ્રય વિના બાપની પાસે કોઈ આવતું નથી.’’ (યોહાન ૧૪:૬)

હવે તમે ચાહો તો પોતાની આંખો બંધ કરી શકો છો અને તમારા ખરા અંતઃકરણના સ્વયંસ્ફૂરિત પ્રતિભાવ સાથે પ્રાર્થના કરો. અથવા નીચે સૂચવેલી પ્રાર્થના તમને સહાયરૂપ બની શકે.

## *મારો પ્રાર્થનામય પ્રતિભાવ*

**હે ઈશ્વર, મેં તમારી ઓળખ કરી નથી અને તમને પ્રેમ પણ કર્યો નથી. પરંતુ હું તમારો આભાર માનું છું કે તમે મને ઓળખો છો અને મને પ્રેમ પણ કરો છો.**

**હું પાપી વ્યક્તિ છું અને મારા તારણ-ઉદ્ધારને મેળવવા હું કાંઈપણ કરી શકતો નથી. પ્રભુ ઈસુ વિશ્વાસ દ્વારા હવે હું તમારી પાસે આવ્યો છું. અને તમારા તરફથી ક્ષમા મેળવવા હું વિનંતી કરું છું ! હું કબૂલ કરું છું કે હું પાપી છું અને મારા પાપનો પશ્ચાતાપ કરું છું. પ્રભુ ઈસુ તમે મારા માટે મરણ પામ્યા અને તમારા મૂલ્યવાન લોહીથી મને શુદ્ધ કરનારું અને જીવન-આપનારું પરાક્રમ બક્ષીસ તરીકે આપ્યું માટે હું તમારો આભાર માનું છું. હવે વિશ્વાસ સાથે મારું જીવન મૂલ્યવાન લોહીના રક્ષણ નીચે મૂકું છું.**

**પ્રભુ ઈસુ, મારા અંતઃકરણમાં આવો અને મારા જીવનનું નિયંત્રણ તમારા હાથમાં લો.**

**પ્રભુ ઈસુ, તમારા પવિત્ર આત્મા દ્વારા મારો નવો જન્મ થયો છે માટે હું તમારો આભારી છું. તમારા પુનરુત્થાનના પરાક્રમ દ્વારા હું ઈશ્વરનું બાળક બન્યો છું અને હું તમારી સાથે સદાકાળ જીવીશ તે જાણવું મારા માટે ખરેખર અદ્ભુત છે !**

> *"...જે તેના પર વિશ્વાસ કરે છે. (તેમના પર ભરોસો રાખે છે અને તેમના પર આધાર રાખે છે) તે શરમાશે નહિ." (૧ પિતર ૨:૬)*

હવે તમે જે હમણાં જ કર્યું તે વિશે અન્ય કોઈક વ્યક્તિને જણાવો. યાદ રાખો કે ખ્રિસ્ત તમારામાં જીવે છે. અને તેમના માટે બોલવા અને તેમના માટે જીવન જીવવા તમને જેની જરૂર છે તેનું તે સઘળુ સામર્થ્ય છે.

> *"જો તું તારે માટે ઈસુને પ્રભુ તરીકે કબૂલ કરીશ, અને દેવે તેને મૂએલાંમાંથી પાછો ઉઠાડ્યો, એવો વિશ્વાસ તારા અંતઃકરણમાં રાખીશ, તો તું તારણ પામીશ. કારણ કે ન્યાયીપણાને અર્થે મોંથી કબૂલાત કરવામાં આવે છે." (રોમન ૧૦:૯,૧૦)*



## સ્લોવાકિયાથી આવેલો પત્ર

*“પ્રિય મિત્રો, મારા જીવનમાં મેં ક્યારેય વાંચ્યું નથી તેવું સૌથી આકર્ષક પુસ્તક “ઈશ્વર માટે તમારી ઝંખના”નું વાંચન મેં હમણાં જ પૂરૂં કર્યું છે. હું જાણું છું કે હું પહેલાના જેવો હવે કદી જ રહીશ નહિ. પ્રભુ ઈસુએ મને સ્વીકાર્યો છે અને મારું જીવન મેં તેમને સ્વાધીન કર્યું છે. આ આનંદ મારા પ્રત્યેક મિત્રોનો બને તેમ હું ઈચ્છું છું અને તેથી અન્યને વાંચવા આપી શકાય માટે પુસ્તકની બે વધારાની નકલો મારા ઉપર મોકલી આપો તેવી વિનંતી કરું છું...*

*સુવાર્તા અને ખ્રિસ્તમાં પ્રાપ્ત થતા તારણ-ઉદ્ધારની બક્ષીસ મારા જીવનમાં લાવવા માટે હું તમારો આભારી છું...આવા સર્વોત્તમ પુસ્તકને પ્રગટ કરવામાં આવ્યું છે તે અમે કદી જ જાણ્યું નથી.”*

*જે.એ. દ્વારા પ્રસ્તુત અને અનુવાદિત હેવાલ*

### *વિચાર કરવા થોભો*

૧. ઉદાર બક્ષીસ મેળવવા બદલ તમે કઈ ઉત્તમ રીતે પોતાનો આભારી ભાવ પ્રગટ કરી શકો ?

શું એમ કહેવા દ્વારા કે “મહેરબાની કરીને મને તે આપો ?”

શું એમ કહેવા દ્વારા કે “મહેરબાની, તમારો આભાર ?”

૨. તમે ઈશ્વરના બાળક છો તેવી ખાતરી શું તમારી લાગણી કે તમારો વિશ્વાસ તમને આપે છે ?

“કેમકે તમે કૃપાથી વિશ્વાસ દ્વારા તારણ પામેલા છો, અને એ તમારાથી નથી, એ તો દેવનું દાન છે.” (એફેસી ૨:૮)

૩. પ્રભુ ઈસુમાં મૂકેલા તમારા વિશ્વાસમાં શું આ સામેલ છે :

પશ્ચાતાપનું પરિબળ ?

આભારીભાવનું પરિબળ ?

તેમના પ્રત્યેના સંપૂર્ણ આધારિતપણાનું વલણ ?

૪. પ્રભુ ઈસુએ તમારો બચાવ-ઉદ્ધાર કર્યો અને તેમણે તમારા માટે જે કર્યું કેવળ તે માટે જ નહિ પણ તે જે છે તે માટે શું તમે હવે ઈશ્વરનો આભાર માનશો?

*કોઈપણ પરિસ્થિતિ, કોઈપણ મુશ્કેલી, કોઈપણ કસોટી જેવું કાંઈપણ નથી જે મને સ્પર્શ કરી શકે, જ્યાં સુધી તે સૌથી પ્રથમ ઈશ્વર પાસેથી પસાર થાય અને ખ્રિસ્ત પાસેથી પસાર થાય અને તેને આધારે પછી તે મારી પાસે આવી છે. જો તે આટલી લાંબી સફર કરીને આવી છે તો તે એક મહાન હેતુ સાથે આવી છે કે જેની સમજણ મને આ સમયે નથી. પરંતુ જે રીતે હું તેનાથી હેબતાઈ જવાનો નકાર કરું અને જે રીતે હું મારી આંખો તેમના તરફ ઊંચી કરું અને મારા પોતાના અંતઃકરણને આશીર્વાદિના કોઈક મહાન હેતુ માટે ઈશ્વરના રાજ્યાસન તરફથી તે આવી છે તેવો સ્વીકાર કરું તો કોઈ દુઃખ મને કદી પણ ઉપદ્રવ કરી શકે નહિ, કોઈ કસોટી મને કદી પણ નિઃશસ્ત્ર કરી શકે નહિ, કોઈ પરિસ્થિતિ મને કોરી ખાઈ શકે નહિ - કારણ કે મારા પ્રભુમાં જે છે તે આનંદમાં હું વિશ્રામ કરીશ. તેજ વિશ્વાસનો વિજય છે !*

*એલન રેડપાથ*

# પ્રકરણ ૧૦

# *હવે પછી શું ?*

તારણ-ઉદ્ધાર સંપૂર્ણપણે વિનામૂલ્ય છે ! તેને પ્રાપ્ત કરવા એવું કશું જ નથી કે જે વ્યક્તિ કરી શકે. પ્રભુ ઈસુએ તે સઘળું કર્યું છે.

તમે સૂચિત પ્રાર્થના (અથવા તેના જેવી સામ્યતા ધરાવતી કોઈક પ્રાર્થના) કરી છે તો ખ્રિસ્તમાં તમારા વિશ્વાસને લીધે તમે ઈશ્વરના સાચા બાળક બન્યા છો.

> *પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે દેવનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો. (યોહાન ૧:૧૨)*

મોટાભાગે તમે હવે આ પ્રશ્ન પૂછતા હશો, ''હવે પછી શું ?''

ઈસુએ પોતાના મરણના કાર્યને જીતવા તથા ત્યારપછી સ્વર્ગમાં પાછા ફરવાના સેવાકાર્ય પર જતા અગાઉ પોતાના શિષ્યોને તેમણે કહ્યું : ''તમે મારામાં રહો, ને હું તમારામાં (રહીશ).'' (યોહાન ૧૫:૪) બીજા શબ્દોમાં કહીએ તો પ્રભુ ઈસુએ ખ્રિસ્તી જીવનના સત્ત્વનો ખુલાસો કર્યો હતો. ઈશ્વરના દૃષ્ટિકોણ પ્રમાણે વિશ્વાસી વ્યક્તિ તેમના દીકરાને વળગી રહે છે - સ્વર્ગમાં સલામત પહોંચે ત્યાં સુધી તેમનામાં તેને રાખવામાં અને સંભાળવામાં આવે છે. તેમ છતાં માનવી દૃષ્ટિકોણ પ્રમાણે પુનરુત્થાન પામેલા પ્રભુ પણ સાચા વિશ્વાસીમાં વાસો કરતા હોવાને કારણે તેઓના કુટુંબો, મિત્રો અને સાથી કાર્યકરોને જીવનની ગુણવત્તા જે કેવળ ખ્રિસ્તના આંતરિક વસવાટના સંબંધમાં સમજાવી શકાય તેને પ્રસ્તુત કરશે.

જો તમે સગડીના દેવતા સમો કરવાના લોખંડના સળીયાનો વિચાર કરો. જ્યારે તમે તેના તરફ દૃષ્ટિ કરો છો ત્યારે તમે કહી શકો, ''લોખંડનો સળીયો અગ્નિમાં'' છે. પરંતુ જો તમે ધ્યાનપૂર્વક જોશો તો લોખંડનો સળીયો અગ્નિથી લાલ થએલો તમે નીહાળી શકો. અને પછી તમારા માટે એમ કહેવું તે પણ યોગ્ય કહેવાશે ''લોખંડના સળીયામાં અગ્નિ છે !'' અથવા તેના જેવી જ કલ્પના કરો કે પાણીથી ભરેલી ડોલમાં કપને ડૂબાડેલો છે. કપ પાણીમાં છે પરંતુ પાણી પણ કપમાં છે!

જ્યારે તમારો નવો જન્મ થયો હતો ત્યારે પવિત્ર આત્માએ ખરેખર ખ્રિસ્તના શરીરમાં તમારું બાપ્તિસ્મા (ડૂબાડ્યા) કર્યું હતું.

હવે બાઇબલ તમને ખાતરી આપે છે કે, ''તમારું જીવન ખ્રિસ્તની સાથે દેવમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે.'' (કોલોસી ૩:૩) હા, તમારો નવો જન્મ થયો હોવાને કારણે તમે હવે ખ્રિસ્તમાં છો. અદ્‌ભુત ! જ્યારે તમારો નવો જન્મ થયો હતો ત્યારે પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનું આંતરિક વસવાટ કરનારું જીવન પવિત્ર આત્માના પરાક્રમ દ્વારા વ્યક્તિગત અને મહિમાવંત વાસ્તવિકતા બનાવવામાં આવી હતી. હવે તમે આનંદ કરી શકો કે ખ્રિસ્ત તમારા**માં** મહિમાની આશા...(કોલોસી ૧:૨૭). અને હા, તમારો નવો જન્મ થયો હોવાને કારણે ઉત્થાન પામેલા ખ્રિસ્ત તમારામાં જીવે છે. અદ્‌ભુત !

હું ખ્રિસ્તમાં છું અને ખ્રિસ્ત મારામાં છે - આ બેવડા સત્યથી છુટકારો કરનારી અસર સંબંધી ખરેખર બાઇબલ શું જણાવે છે તેનો હવે આપણે વધુ વિચાર કરીએ.

## *હું ખ્રિસ્તમાં છું*

*...આપણ સર્વેને એક આત્માનું પાન કરાવવામાં આવ્યું છે. (૧ કરિંથી ૧૨:૧૩)*

*શું તમે નથી જાણતા કે આપણે જેઓ ખ્રિસ્ત ઈસુમાં બાપ્તિસ્મા પામ્યા, તેઓ સર્વ તેના મરણમાં બાપ્તિસ્મા પામ્યા ? તે માટે*

*આપણે બાપ્તિસ્મા દ્વારા તેની સાથે મરણમાં દટાયા, કે જેમ ખ્રિસ્તને બાપના મહિમાથી મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યો તેમજ આપણે પણ નવા જીવનમાં ચાલીએ. (રોમન ૬:૩,૪)*

*કેમકે તમે મૂઆ છો, અને તમારું જીવન ખ્રિસ્તની સાથે દેવમાં ગુપ્ત રાખવામાં આવ્યું છે.(કોલોસી ૩:૩)*

અનેક વર્ષો અગાઉ હું એક નાના છોકરાને જાણતો હતો કે જેને લ્યુકેમિયા થયો હતો. તે સમયે તે સાત વર્ષની ઉંમરનો હતો અને તેણે કરોડમાં ઈન્જેક્શન લેવા માટે પ્રત્યેક ત્રણ મહિને ડોક્ટર પાસે જવું પડતું હતું. તેની એક મુલાકાત દરમિયાન ડોક્ટરે ડેરીલને પૂછયું કે જ્યારે તેની કરોડરજ્જુમાં ઈન્જેકશનની સોય ભોંકાય છે ત્યારે અન્ય છોકરા અને છોકરીઓની જેમ તે કેમ રડતો નથી. શું તે તેને વેદનાજનક લાગતું નથી ? ડેરિલે પ્રત્યુત્તર આપ્યો, ‘‘અરે હા, તે વેદનાજનક હોય છે. પરંતુ ડોક્ટર તમે નહિ સમજી શકો; ઈન્જેકશનની સોય મને સ્પર્શે તે અગાઉ તેણે ઈસુના હાથમાંથી પસાર થવું પડે છે.’’ તમે હવે ખ્રિસ્તમાં છો તે કારણે તમારા જીવનની કસોટી કરે અને તેને સ્પર્શ કરે તે સઘળી વસ્તુઓનો વહીવટ કરવા તે પર્યાપ્ત છે. તે જાણવું ખરેખર અદ્‌ભુત છે ! તે વિશ્વાસ છે !

જેમ તમે વિશ્વાસ દ્વારા પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો તેમ વિશ્વાસનો એજ સિદ્ધાંત જીવનની પ્રત્યેક જરૂરીઆતો માટે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પૂરતા છે તેને બંધબેસતા કરવા તમને સમર્થ બનાવે છે. બીજા શબ્દોમાં તમારા વિશ્વાસનું પ્રારંભિક કાર્ય તમને વિશ્વાસના સતત વલણનો સ્વીકાર કરવા માટેનો માર્ગ ખુલ્લો કરે છે. ‘‘તેથી જેમ તમે ખ્રિસ્ત ઈસુ પ્રભુને **સ્વીકાર્યા** છે તેમ તેનામાં **ચાલો.’’** (કોલોસી ૨:૬)

જો કે તમારો નવો જન્મ થયો છે તો પણ ઈશ્વર તમારી પાસે એવી અપેક્ષા રાખતા નથી કે તમે ઈસુના જીવનની કેવળ નકલ કરો. સેંકડો ખ્રિસ્તીઓએ આ પ્રમાણે કરવાનો પ્રયત્ન કરતા તેઓ સંપૂર્ણ નાસીપાસ થયા છે. અને હંમેશા તેમાં સફળતા મેળવી નથી. પરંતુ આપણા ખ્રિસ્તી જીવન

માટે ઈશ્વરે અદ્‌ભુત વ્યવસ્થા કરી છે તે વિશે તે આપણને જણાવે છે. આપણે તો ખ્રિસ્તમાં મરણ પામી ચૂક્યા છીએ. અને ખ્રિસ્તમાં મરણ પામ્યા હોવાને લીધે આપણે નિયમની સઘળી માંગ અને દોષ સંબંધી મરણ પામ્યા છીએ. તેથી નિયમની માંગને આપણે પોતાના સ્વપ્રયત્નોથી ભૂતકાળમાં અને હમણાં તથા ભવિષ્યમાં પૂર્ણ કરવાની કોઈપણ આશા સંબંધી મરણ પામ્યા છીએ. હા, આપણે આધ્યાત્મિક જીવન જીવવાના આપણામાં રહેલા ભરોસાના પ્રત્યેક નિશાન સંબંધી મરણ પામ્યા છીએ. પરંતુ ઈશ્વરની સ્તુતિ થાઓ કે આપણે ઉત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તની રક્ષણ કરનારી અને પૂરતા હોવાની સઘળી શક્તિમાં મહિમાવંત રીતે સજીવન થએલા છીએ !

જ્યારે આપણે જીવનના પ્રલોભનો અને દબાણોનો મુકાબલો પોતે કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે સમસ્યાઓ ઊભી થાય છે. નવો વિશ્વાસી જેમ અગાઉ હતું તેમ પોતાના નવા જન્મ પછી પણ પોતાના સામર્થ્યમાં ખ્રિસ્તી જીવન જીવવાને અસમર્થ છે તેવો અનુભવ તે કરશે. આ પ્રકારના વલણ સંબંધી ચેતવણી આપતા પ્રભુ ઈસુ ખ્રિસ્તે સ્પષ્ટપણે કહ્યું હતું : "...મારાથી નિરાળા રહીને તમે કાંઈ કરી શકતા નથી." (યોહાન ૧૫:૫)

હકીકતમાં, સ્વ-પ્રયત્નોની મુર્ખતા સંબંધી પ્રેરિત પાઉલને ખરેખર ગલાતિયા પ્રાંતમાંના વિશ્વાસીઓને કઠોર વચનો કહેવા પડ્યા હતા. વિશ્વાસ દ્વારા અને એકલા વિશ્વાસ મારફતે જીવન જીવવાના ઈશ્વરના સિદ્ધાંતથી વેગળા જવાની ભૂલથી તેઓને સુધારવા પાઉલે વાકછટાયુક્ત પ્રશ્ન પૂછયો હતો જે પ્રત્યક્ષ પ્રતિતિ કરાવનાર પ્રત્યુત્તર તરફ દોરી જાય તેવો હતો :

> *તમારી પાસેથી હું એટલું જ જાણવા ચાહું છું કે તમે નિયમની કરણીઓથી (પવિત્ર) આત્મા પામ્યા, કે વિશ્વાસથી સુવાર્તા સાંભળી તેથી પામ્યા ? શું તમે એટલા બધા અણસમજુ છો ? આત્મા વડે આરંભ કરીને શું હવે દેહ વડે સંપૂર્ણ થાઓ છો ? (ગલાતી ૩:૨,૩)*

અલબત, તેઓએ તમારી જેમ જ વિશ્વાસના કાર્ય દ્વારા ખ્રિસ્તમાં પોતાના નવા જીવનની શરૂઆત કરી હતી. અને એજ આધારિત વિશ્વાસ દ્વારા તેઓ આશા રાખી શકે છે કે ''તેઓ એકથી, એટલે ઈસુ ખ્રિસ્તથી જીવનમાં રાજ કરશે'' (રોમન ૫:૧૭).

ગલાતિયામાં આધારિત વિશ્વાસનું મહત્ત્વનું સ્થાન સ્વપ્રયત્નોના રૂઢીગત સૂકાપણાએ દુઃખદ રીતે લીધું હતું. પરંતુ ઈશ્વરનો આભાર કે જો તમે, પ્રભુમાં તમને પ્રાપ્ત થએલા નવા જીવનના આધારીતપણામાં સતત જીવન જીવો છો તો ગલાતિયામાં જે દુઃખદ સ્થિતિ પ્રવર્તમાન હતી તેનો તમે કદી જ અનુભવ કરશો નહિ.

## *ખ્રિસ્ત મારામાં જીવે છે.*

*''હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો, પરંતુ હું જીવું છું તો પણ હવેથી હું નહિ, પણ* ***મારામાં ખ્રિસ્ત જીવે છે..''*** *(ગલાતી ૨:૨૦).*

*''જો* ***ખ્રિસ્ત તમારામાં*** *છે તો પાપને લીધે (તમારૂં) શરીર તો મરેલું છે, પણ ન્યાયીપણાને લીધે (તમારો) આત્મા જીવે છે. જેણે ઈસુને મૂએલામાંથી ઉઠાડ્યો, તેનો આત્મા જો તમારામાં વસતો હોય, તો જેણે ખ્રિસ્ત ઈસુને મૂએલાંમાંથી ઉઠાડ્યો, તે તમારામાં વસનાર પોતાના આત્માની મારફતે તમારાં મર્ત્ય શરીરોને પણ સજીવન કરશે.'' (રોમન ૮:૧૦-૧૧)*

*વિદેશીઓમાં તે મર્મના મહિમાની સંપત શી છે, તે તેઓને જણાવવા દેવે ચાહ્યું, તે (મર્મ) એ છે કે* ***તમારામાં ખ્રિસ્ત*** *મહિમાની આશા છે. (કોલોસી ૧:૨૭)*

*અને વિશ્વાસથી તમારા હૃદયમાં ખ્રિસ્ત વસે... (એફેસી ૩:૧૭).*

તમે ખ્રિસ્તનો વાસો કરનારા જીવન ઉપર આધારિત વિશ્વાસને

અભિવ્યક્ત કરતા એમ કહી શકો : ''પ્રભુ ઈસુ, તમારો આભાર, હું જે નથી તે બધું જ તમે છો. તમે જે છો તે મારામાં અને મારી મારફતે બનવા હું તમને મંજૂરી આપું છું'' તમારા ખ્રિસ્તી જીવનની આશ્ચર્યકારક વાસ્તવિકતા એ છે કે ઈશ્વરે તમારી સફળતાની જવાબદારી બીજા કોઈકને - પ્રભુ ઈસુ ખ્રિસ્તને હસ્તાંતર કરી છે ! તમે જીવનમાં ચોક્કસપણે સામનો કરશો તેવા પ્રલોભનો અને તકોને પૂરી કરવા ઈસુ એકલા જ એવા વ્યક્તિ છે જે પર્યાપ્ત છે. તમે ખ્રિસ્ત વિના ''ઈશ્વરવિદ્યાશાસ્ત્રી'' બની શકો તે સંભવિત છે, તમે ખ્રિસ્ત વિના ''ઉપદેશક'' બની શકો તેવું સંભવિત છે, તમે ખ્રિસ્ત વિના ''મિશનરી'' બની શકો તે સંભવિત છે. પરંતુ જો ખ્રિસ્ત તમારા અંતઃકરણમાં વાસો કરતા નથી તો તમારા માટે ખ્રિસ્તી બનવું અશક્ય છે.

ઈસુ એક જ એવા વ્યક્તિ છે જે સાચે જ ખ્રિસ્તી જીવન જીવી શકે છે. હવે તેમના આત્મા દ્વારા તેમણે ચમત્કારિક રીતે તમારા અંતઃકરણમાં પોતાનું રહેઠાણ બનાવ્યું છે. હવે તે તમારી મારફતે અને તમારા માટે જે તમે પોતે કદી જ કરી શકો નહિ તે કરી શકે છે. તે જે શુદ્ધ છે તે અનૈતિક જગતમાં તમારી શુદ્ધતા છે. તે જે વિજયવંત છે તે પ્રલોભનના જગતમાં તમારો વિજય છે. તે જે પ્રેમ છે તે પોતાનું મહત્ત્વ શોધનાર જગતમાં તમારો પ્રેમ છે. ખરેખર, તે જે પુનરુત્થાન તથા જીવન છે તે હવે તમારું પોતાનું ખ્રિસ્તી જીવન છે.

પ્રભુ ઈસુ જે ''ખોવાએલું શોધવા તથા તારવા સારૂ આવ્યા'' (લૂક ૧૯:૧૦) તેમને નમ્રપણે તમારું જીવન ઉપલબ્ધ બનાવો કે જેથી તે તમારી મારફતે ખોવાએલાં આત્માઓને શોધે અને તારે એવો ભરોસો હવે તમે તેમના પર રાખી શકો ! વિશ્વાસીઓના જીવનો અન્ય લોકો પ્રતિ તેમના જીવનને વહેવડાવનારી નહેર સમાન છે તેવું જાણીને જીવન સાચે જ ઉત્તેજીત બને છે.

યાદ રાખો - જો કે ઈસુ સ્વર્ગમાં પાછા ગયા છે તોપણ - તેમણે પોતાને તમારાથી ચોક્કસપણે વેગળા કર્યા નથી. પૃથ્વી ઉપર પોતાના શિષ્યોથી જુદા થતા તેમણે તેઓને કહ્યું :

*"થોડીવાર પછી જગત મને ફરીથી જોશે નહિ, પણ તમે મને જોશો, હું જીવું છું, માટે તમે પણ જીવશો. તે દહાડે તમે જાણશો, કે **હું મારા બાપમાં છું અને તમે મારામાં છો અને હું તમારામાં છું.** (યોહાન ૧૪:૧૯-૨૦)*

હવે તમે પ્રશ્ન પૂછી શકો, "ઈશ્વરે ખ્રિસ્તમાં જે સર્વ સ્ત્રોતો મને આપ્યાં છે તે મારા જીવનમાં કઈ રીતે વાસ્તવિક અને વ્યવહારૂ બની શકે ?" આ સારો પ્રશ્ન છે. તે વિશ્વાસ જે કેવળ બૌદ્ધિક-માનસિક છે અને વિશ્વાસ જે અનુભવ વિશેનો છે તેની વચ્ચે રહેલી વિશાળ ખાઈને ઓળખાવી શકે છે. આ પ્રશ્ન વિશ્વાસ જે કાર્ય કરે છે તે માટેની તમારી તીવ્ર ઝંખનાને પણ સૂચવે છે. તેનો સરળ પ્રત્યુત્તર એ છે કે આભારી ભાવના પ્રતિસાદમાં ખ્રિસ્તનું વિજયવંત જીવન વિશ્વાસી મારફતે વહેતું બને છે. સાચો વિશ્વાસ હંમેશા કહે છે. "આભાર તમારો."

ઉદાહરણ તરીકે ખ્રિસ્તમાં તમારા ઉદ્ધારકર્તા વિશ્વાસને તમે પોતાના પાપોની ક્ષમા આપવામાં આવી તે માટે તેમનો આભાર માનીને પ્રગટ કરી શકો તે એક ઉત્તમ રસ્તો છે. હવે તમે એ હકીકત માટે પણ તેમનો આભાર માની શકો કે તે તમારી જરૂરીઆતના સમયમાં તમને જેની આવશ્યકતા હતી તેની સાચેજ પૂર્તિ કરનાર તરીકે તે બન્યા છે. "પણ વિશ્વાસ વગર (દેવને) પ્રસન્ન કરવો એ બનતું નથી." (હિબ્રૂ ૧૧:૬) તમે તેમને પ્રસન્ન કરવાની ઇચ્છા રાખો છો ત્યારે સર્વ વસ્તુઓમાં તેમની પર્યાપ્તતા માટે પ્રભુ ઈસુનો સતત આભાર માનતા તમારું વિશ્વાસનું જીવન જીવો.

ખ્રિસ્તીઓ જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની તેઓની વફાદારીને કારણે સતાવણી સહન કરતા હતા તેઓને લખતાં પિતરે ઉત્તેજન આપ્યું હતું : "પણ ખ્રિસ્તને તમારા પ્રભુ તરીકે તમારાં અંતઃકરણમાં પવિત્ર (અલગ કરો, મોટા કરો, તેમને સંપૂર્ણ અધિકાર આપો) માનો..." (૧ પિતર ૩:૧૫). તમારા વિશ્વાસ માટે જ્યારે તમે સતાવણી સહન કરો ત્યારે તમે કઈ રીતે તેની સાથે સુમેળમાં રહી શકો તેનું અહીં ઈશ્વરે આપેલું ખુલ્લુ રહસ્ય છે. યાદ રાખો કે ઈસુ તમારા જીવનના પ્રભુ છે.

જૂના કરારમાં ઈશ્વરના નામોમાંનું એક નામ અદોનાઈ છે તે તમે યાદ કરી શકો. અદોનાઈ એટલે પ્રભુ મારા માલિક હોવાની લાગણી. મારા માલિક તરીકે પ્રભુ ઈશ્વરના આ વિચારનો ઉપયોગ પિતરે વિશ્વાસીઓને ઉત્તેજન આપવા માટે એમ કહેવા દ્વારા કર્યો હતો : ''ખ્રિસ્તને તમારા પ્રભુ તરીકે તમારાં અંતઃકરણમાં પવિત્ર માનો.''

પ્રભુ ઈસુ તમારા જીવનના માલિક છે ત્યારે તમે તેમની સંગતનો સતત આનંદ અનુભવશો. એમ થશે ત્યારે જ તમે પોતાના જીવનની દૈનિક માંગણીઓ અને તકોમાં તેમના પર ભરોસો રાખવાને ખરેખર મુક્ત બનશો. ગીતના રચનાર જ્યોર્જ મેથેસને લખ્યું :

મને બંદી બનાવો પ્રભુ,<br>
અને પછી હું મુક્ત થઈશ;<br>
મારી તરવારના બદલામાં મને બળ આપો.<br>
અને હું વિજયવંત બનીશ.

સ્વતંત્રતાના જાહેર વિચારની વિરૂદ્ધમાં સાચી સ્વતંત્રતા હું જે ઈચ્છું તે કરવાના મારા અધિકારમાં નથી. પણ તેના બદલે મારે જે કરવું જોઈએ તે કરવા સંબંધીના મારા બળમાં તે રહેલી છે ! પ્રેરિત પાઉલના શબ્દો યાદ કરો જેણે કહ્યું, ''જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું'' (ફિલિપી ૪:૧૩).

સને ૧૮૫૯માં નોર્ધન આયલેન્ડમાં આવેલી ધર્મજાગૃતિમાં હજારો લોકો ખ્રિસ્ત પાસે આવ્યા હતા. જેઓ બદલાણ પામ્યા હતા તેઓએ ''વિશ્વાસના સમર્પણ'' ઉપર હસ્તાક્ષર કરીને તેઓએ પોતાનું વ્યક્તિગત અને ગંભીર સમર્પણ અભિવ્યક્ત કર્યું હતું. તે સમયે ઘણા બધા લોકોને પુનરુત્થાન પામેલા પ્રભુનો, આવા જીવન પરિવર્તન કરનારા જીવનનો, અનુભવ થયો હતો એટલે દેશનું વાતાવરણ શબ્દશઃ રીતે પરિવર્તન પામ્યું હતું.

આ પ્રકારના નિર્ણયપત્રક ઉપર હસ્તાક્ષર કરવા દ્વારા કોઈ લાયકાતમાં વધારો થતો નથી. કદાચિતને આ સમયે નીચેના પૃષ્ઠો ઉપર રજૂ કરેલા આ નિર્ણયપત્રક ઉપર હસ્તાક્ષર કરવા દ્વારા ઈશ્વર પ્રત્યે તમારો પોતાનો ચોક્કસ પ્રતિભાવ આપવા તે તમને પણ સહાયરૂપ બની શકે.

*હવે શાંતિનો દેવ, જેણે ઘેટાંના મોટા રખેવાળ આપણા પ્રભુ ઈસુને સર્વકાળના કરારના રક્તથી મૂએલાંમાંથી પાછો ઉઠાડ્યો, તે તમને દરેક સારા કામમાં એવા સંપૂર્ણ કરે કે તમે તેની ઈચ્છા પ્રમાણે (સઘળું) કરો અને તેની દૃષ્ટિમાં જે સંતોષકારક છે, તે ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણી પાસે કરાવે, તેને સદાસર્વકાળ ગૌરવ હો. આમેન. (હિબ્રૂ ૧૩:૨૦-૨૧)*

## હંગેરીથી આવેલો પત્ર

*પવિત્ર બાઈબલ સાથે રીચાર્ડ એ. બેનેટ લિખિત,* ***"ઈશ્વર માટે તમારી ઝંખના"*** *પુસ્તક મને મોકલી આપ્યું તે માટે ખૂબ ખૂબ આભાર.*

*મેં પુસ્તકનું વાંચન પૂરું કર્યું છે અને તેના પ્રત્યેક સંદર્ભ બાઈબલમાંથી વાંચ્યા છે.*

*ઈશ્વર માટે તમારી ઝંખના પુસ્તકે મારે* ***શું*** *માનવું જોઈએ અને* ***શા માટે*** *માનવું જોઈએ તેની ઘણી સારી સ્પષ્ટતા કરવામાં સહાય પૂરી પાડી છે. હવે હું વિશ્વાસી છું અને આ પુસ્તકની દોરવણીથી મેં પોતાના જીવનભર માટે વિશ્વાસનું સમર્પણ કરવાનો નિર્ણય કર્યો છે.*

*- ટ્રાન્સ વર્લ્ડ રેડિયો દ્વારા પ્રસ્તુત અને અનુવાદિત અહેવાલ.*

તમારું પોતાનું

# વિશ્વાસનું સમર્પણ

કરવામાં  તમારી સહાય માટે બાઈબલની કલમો

પૃષ્ઠ ૧૩૮ અને ૧૩૯ પર નોંધેલી છે.

# મારું વિશ્વાસનું સમર્પણ

**ઈશ્વર પિતાને હું મારા ઈશ્વર તરીકે સ્વીકારું છું.**
''તમે મૂર્તિઓ તરફથી ફરીને સત્ય અને જીવંત ઈશ્વર તરફ ફર્યા.''
(૧ થેસ્સાલોનિકી ૧:૯)

**ઈસુ ખ્રિસ્તને હું મારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારું છું.**
''તેને (ઈસુને) દેવે પોતાને જમણે હાથે રાજા તથા તારનાર થવાને ઊંચો કર્યો...પશ્ચાતાપ...અને પાપની માફી આપે. ''
(પ્રેરિતોનાં કૃત્યો ૫:૩૧)

**પવિત્ર આત્મા મને ઈશ્વરના પ્રેમથી ભરપૂર કરે તે હું સ્વીકારું છું.**
''કેમકે આપણને આપેલા પવિત્ર આત્માથી આપણા અંતઃકરણમાં દેવનો પ્રેમ વહેવડાવવામાં આવેલો છે.'' (રોમન ૫:૫)

**ઈશ્વરના વચનને મારા ધોરણ તરીકે હું સ્વીકારું છું.**
''દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે. તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે, જેથી દેવનો ભક્ત સંપૂર્ણ તથા સર્વ સારાં કામ કરવાને સારૂ તૈયાર થાય.''
(૨ તિમોથી ૩:૧૬,૧૭)

**ઈશ્વરના લોકોને મારા લોકો તરીકે હું સ્વીકારું છું.**
''તારા લોક તે મારા લોક, ને તારો દેવ તે મારો દેવ થશે.''
(રૂથ ૧:૧૬)

**પ્રભુને હું મારા સર્વસ્વનું સમર્પણ કરું છું.**
''કેમકે આપણામાંનો કોઈ પણ પોતાને અર્થે જીવતો નથી, અને કોઈ

પોતાને અર્થે મરતો નથી. કારણ કે જો જીવીએ છીએ તો પ્રભુની ખાતર જીવીએ છીએ અથવા જો મરીએ છીએ, તો પ્રભુની ખાતર મરીએ છીએ, એ માટે ગમે તો આપણે જીવીએ કે મરીએ, તોપણ આપણે પ્રભુના જ છીએ.'' (રોમન ૧૪:૭,૮)

**અને હું સ્વૈચ્છિક રીતે આ કરું છું.**

''તો કોની સેવા તમે કરશો તે આજે જ પસંદ કરો...પણ હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું.'' (યહોશુઆ ૨૪:૧૫)

**અને પ્રામાણિકપણે**

''સાંસારિક જ્ઞાનથી નહિ, પણ ઈશ્વરની કૃપાથી અમે જગતમાં અને વિશેષે કરીને તમારી સાથે પવિત્રતાથી તથા ઈશ્વરની આગળ નિષ્કપટ ભાવથી વર્ત્યા.'' (૨ કરિંથી ૧:૧૨)

**અને મુક્તપણે**

''તારી સત્તાના સમયમાં તારા લોક ખુશીથી અર્પણ થાય છે.'' (ગીતશાસ્ત્ર ૧૧૦:૩)

**અને સદાકાળ માટે**

''ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે ! શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નમ્રતા, કે જોખમ, કે તરવાર?'' (રોમન ૮:૩૫)

**હસ્તાક્ષર** ______________________________

**તારીખ** ______________________________